દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 31 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૬ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# અમેરિકાથી પરત ફરેલા ગુજરાતીઓ મુદ્દે નીતિન પટેલે ભાવુક અપીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમેરિકામાં ગેરકાયદે ઘૂસી ગયેલા ગુજરાતીઓની ડોનલ્ડ ટ્રમ્પે હકાલપટ્ટી કરતાં ગુજરાતમાં ખળભળાટ મચી ગયો હતો. કુલ ૧૦૪ ભારતીયોને સૈન્ય વિમાન મારફતે અમેરિકામાંથી ખદેડી મુકાયા હતા. જેમાં ૩૩ ગુજરાતીઓનો પણ સમાવેશ થતો હતો. આ ૩૩ ગુજરાતીઓમાં ગાંધીનગરના ૧૪, મહેસાણાના ૧૦, પાટણના ૩, અમદાવાદના ૨, બનાસકાંઠા, આણંદ, ભરૂચ અને વડોદરાના ૧-૧ લોકોનો સમાવેશ થતો હતો. ૩૩માંથી ૧૫ પુરૂષ અને ૧૮ મહિલાઓ અને ૮ સગીર પણ સ્વદેશ પરત ફર્યા હતા. જો કે, આ સમગ્ર મામલે રાજ્યના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે લોકોને એક ભાવુક અપીલ કરી હતી.

નીતિન પટેલે જણાવ્યું હતું કે, આપણા ગુજરાતીઓ ત્યાં પોતાની રીતે ગયા છે. શાંતિથી કામ કરે છે. અમેરિકાના કાયદાને માન આપીને કામ કરે છે. પરંતુ અત્યારે તેમને અમેરિકન સરકારે થોડી મંજૂરીઓ નહીં હોવાના કારણે પરત મોકલ્યા છે, જો કે તેમના અંગે મારી દ્રષ્ટિએ સહાનુભૂતિથી વિચારવા જેવું છે. મારી બધાને વિનંતી છે આવા લોકો પાછા આવે ત્યારે તેમને કોઈ ગુનેગાર તરીકે નહીં પણ આપણા ગુજરાતીઓ છે, આપણા ભાઈઓ છે, આપણી દીકરીઓ છે, પરદેશમાં કમાવવા ગયા છે, તેવી સહાનુભૂતિથી જોશો તો તેમને પણ સંતોષ થશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આખી દુનિયામાં ભારતીય સદીઓથી પહોંચેલા છે. ગુજરાતીઓએ વિદેશમાં વર્ષોથી વસી મહેનત કરી અબજો રૂપિયા જે કમાયા તે ભારત કે ગુજરાતમાં પરત મોકલ્યા છે. તેમણે આપણા ગામો અને વિસ્તારોને ખૂબ મદદ કરી છે. એમના કારણે ગુજરાતની પ્રગતિ પણ ઘણી થઈ છે. મારી બધાને વિનંતી છે કે આરોપી તરીકે ન જોવા જોઈએ. મારા અનેક ઓળખીતા ત્યાં છે. કોઈએ આવું નથી કહ્યું કે અહીં રોજગારી નથી માટે જઈએ છે. વધુ સારી પ્રગતિ કરવા માટે બધા જતાં હોય છે. દેખાદેખી જવાબદાર નથી. મિત્રો સુખી થયા હોય અને ત્યાં બોલાવે એટલે જતાં હોય છે.

અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ બનતાની સાથે જ ડોનલ્ડ ટ્રમ્પે ગેરકાયદે રહેતા લોકો સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે, ટ્રમ્પના આદેશ બાદ અમેરિકન સરકાર ગેરકાયદે વસવાટ કરી રહેલા લોકોને શોધી શોધીને દેશ બહાર કાઢી રહી છે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારા ભારતીયોની ડોનલ્ડ ટ્રમ્પે હકાલપટ્ટી કરતાં ખળભળાટ મચી ગયો હતો. કુલ ૧૦૪ ભારતીયોને સૈન્ય વિમાન મારફતે અમેરિકામાંથી ખદેડી મુકાયા હતા. જેમાં ૩૩ ગુજરાતીઓનો સમાવેશ થતો હતો. સૈન્ય વિમાન મારફતે ભારત પરત ભરેલા ગુજરાતીઓની યાદી પણ જાહેર થઈ હતી. ડિપોર્ટેશન ફ્લાઇટ ભારત આવી હતી, આ વિમાનમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ગુજરાતીઓમાં ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના ગુજરાતીઓનો સમાવેશ થતો હતો.

પંજાબના અમૃતસરમાં અમેરિકાનું લશ્કરી વિમાન ઉતર્યું હતું જેમાં ૧૩ બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થતો હતો. ગેરકાયદેસર ભારતીય ઇમિગ્રન્ટ્સનો પહેલો જથ્થો અમેરિકન સી-૧૪૭ વિમાન દ્વારા ભારત પહોંચ્યો હતો. અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ૧૦૦થી વધુ ભારતીય ઇમિગ્રન્ટ્સને લઈને એક લશ્કરી વિમાન બુધવારે બપોરે અમૃતસરના શ્રી ગુરુ રામદાસ જી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ઉતર્યું હતું. વિમાનમાં દેશનિકાલ કરાયેલા વ્યક્તિઓમાં ૨૫ મહિલાઓ, ૧૨ સગીર અને ૭૯ પુરુષોનો સમાવેશ થતો હતો.

આ બધા ભારતીયોને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા. એરપોર્ટ પર તેમના દસ્તાવેજોની તપાસ કર્યા પછી, તે બધાને તેમના ઘરે મોકલી દેવામાં આવશે. અમેરિકાથી પરત આવતા ભારતીઓમાંથી ૩૩ લોકો ગુજરાતના છે. જેમાં ગુજરાતના અલગ અલગ ૮ જિલ્લાના નાગરિકોનો સમાવેશ થાય છે. મળતી માહિતી પ્રમાણે ૩૩ ગુજરાતીઓને પરત મોકલવામાં આવ્યા હતા. જેમાં મહેસાણાના ૧૧, ગાંધીનગરના ૧૩, પાટણના ત્રણ, આણંદના ૧, અમદાવાદના ૨, વડોદરાના એક વ્યક્તિ, બનાસકાંઠાના ૧ અને ભરૂચના એક નાગરિકનો સમાવેશ થતો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતીયોને મેક્સિકો-અમેરિકા સરહદ પરથી પકડવામાં આવ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમણે ડંકી રૂટ દ્વારા અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. આ યાદીમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતના લોકો છે. ઉત્તર ગુજરાતના ૨૮, મધ્યના ૪ અને દક્ષિણ ગુજરાતના ૧ વ્યકિતનો સમાવેશ થાય છે.

# વડોદરા મનપાએ રૂ. ૧૦ કરોડના ખર્ચે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ નાખવાની શરૂઆત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર રાજ્ય સહિત વડોદરા શહેરમાં પણ જમીનમાં પાણીના સ્તર નીચા ગયા છે. ત્યારે તેને ઊંચા લાવવા માટે સરકારે કમર કસી છે. તેના ભાગરૂપે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ નાખવાની શરૂઆત કરવામાં આવી હતી. વડોદરાના કમાટીબાગ ગેટ નંબર ત્રણ ખાતેથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. વડોદરા શહેરના ૨૩૭ નીચાણવાળા વિસ્તારમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ નાખીને જમીનમાં પાણીનું સ્તર ઊંચું લાવવામાં આવશે. નીચાણવાળા વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીથી નાગરિકોને રાહત મળશે. આ સિસ્ટમ કાર્યરત થવાથી એક મિનિટમાં ૧૦૦ લીટર પાણી જમીનમાં ઊતરશે. પ્રદેશ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય પ્રધાન સી. આર. પાટીલના આહવાનથી કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું

ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ, મેયર પિન્કીબેન સોની સહિતના હોદ્દેદારોએ આ કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ધીમે ધીમે હવે પાણીના સ્તર નીચે જવા માંડ્યા છે. સરકાર પણ જળ બચાવવા માટે અનેક પ્રયાસો કરી રહી છે અને વિવિધ કાર્યક્રમો થકી લોકોને પણ જાગૃત કરવામાં આવી રહ્યા છે કે પાણીનો બગાડ ન કરવો જોઈએ. ત્યારે આગામી દિવસોમાં પાણીની અછત સર્જાય નહીં અને પાણીના સ્તર જળવાઈ રહે તે માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ નાખવાની શરૂઆત કરી હતી.

# ગુજરાતમાં એક વર્ષમાં ૨૩૦ વ્યક્તિના કુદરતી હોનારતમાં મોત: મૃત્યુ મામલે દેશમાં ચોથા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં એક વર્ષમાં ૨૩૦ વ્યક્તિએ કુદરતી હોનારતમાં જીવ ગુમાવ્યો છે. કુદરતી હોનારતમાં એક વર્ષમાં સૌથી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં ગુજરાત ચોથા સ્થાને છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં સૌથી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં હિમાચલ પ્રદેશ ૪૦૮ સાથે ટોચ પર છે. જ્યારે મધ્ય પ્રદેશ ૩૭૩ સાથે બીજા, કેરળ ૩૫૫ સાથે ત્રીજા, ગુજરાત ચોથા જ્યારે મહારાષ્ટ્ર ૨૦૬ સાથે પાંચમાં સ્થાને છે. ગુજરાતના અનેક વિસ્તારમાં વરસાદે ભારે તારાજી સર્જી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક તાલુકામાં સરેરાશ કરતાં ૩થી ૪ ગણો વરસાદ નોંધાયો હતો.

તે જ પ્રકારે વર્ષ ૨૦૨૪-૨૫માં કુદરતી હોનારતમાં ૭,૨૨૨ પશુનાં પણ મૃત્યુ થયા હતા, જ્યારે ૨૦,૭૪૧ ઘરને પણ નુકસાન થયું હતું. કુદરતી હોનારતથી સૌથી વધુ પશુના મૃત્યુ થયા હોય તેમાં આસામ ૧૬,૨૦૭ સાથે મોખરે, તેલંગાણા ૧૩,૪૧૨ સાથે બીજા, તામિલનાડુ ૮૫૧૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત ચોથા સ્થાને રહ્યું હતું.

# ગુજરાતમાં દર ૧ લાખની વસતિએ સરેરાશ માત્ર ૧૨૪ પોલીસકર્મી

## ઓછા પોલીસ દળ ધરાવતાં રાજ્યોમાં છઠ્ઠા સ્થાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વારંવાર કથળવાને મામલે વસતીની સરખામણીએ ઓછી પોલીસ પણ મહત્ત્વનું પરિબળ છે. ગુજરાતમાં પ્રતિ ૧ લાખની વસતીએ માત્ર ૧૨૪ પોલીસ હોવાનું બહાર આવ્યું હતું. વસતિની સરખામણીએ પોલીસનું ઓછું પ્રમાણ હોય તેવા રાજ્યોમાં બિહાર ૮૧.૪૯ સાથે સૌથી તળિયે છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ ૧૦૧.૧૩, રાજસ્થાન ૧૧૮.૧૮, ઓડિશા ૧૨૦.૫૮, મધ્ય પ્રદેશ ૧૨૩.૮૪ સાથે સૌથી ઓછી પોલીસ છે. વસતિની સરખામણીએ સૌથી ઓછી પોલીસ હોય તેવા મોટા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. વસતિની સરખામણીએ ઓછી પોલીસ મામલે ગુજરાતની સ્થિતિ અન્ય કેટલાંક મોટાં રાજ્ય કરતાં પણ શરમજનક સ્થિતી છે. પ્રતિ ૧ લાખની વસતિએ કર્ણાટકમાં ૧૫૦.૯૫, કેરળમાં ૧૫૦.૬૮, મહારાષ્ટ્રમાં ૧૩૬.૮૩, ઉત્તર પ્રદેશમાં ૧૩૫.૩૯ જેટલી પોલીસનું પ્રમાણ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧માં ૧ લાખની વસતિની સરખામણીએ ૧૩૩ પોલીસ હતા અને હવે તેમાં બે વર્ષથી ઘટાડો થઈ રહ્યો છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપ-કૉંગ્રેસના સ્ટાર પ્રચારકની યાદી જાહેર, નીતિન પટેલ-શક્તિસિંહ ગોહિલ સહિત આ નેતાઓ કરશે પ્રચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ૧૬ ફેબ્રુઆરીએ પાલિકા-પંચાયતની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. તમામ પાલિકાઓમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ પક્ષોએ ચૂંટણી પ્રચાર તેજ કર્યો છે. આ દરમિયાન ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપ અને કૉંગ્રેસે પોતાના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. બંને પક્ષોના સ્ટાર પ્રચારકો મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં સભાઓ ગજવશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકોમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટિલ (કેન્દ્રીય જળસંશાધન પ્રધાન અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ), નીતિન પટેલ, મનસુખ માંડવિયા, પરશોત્તમ રૂપાલા, રત્નાકરજી, ગોરધન ઝડફિયા, રજની પટેલ, વિનોદ ચાવડા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બ્રિજેશ મેરજા, શબ્દશરણ તડવી, બળવંતસિંહ રાજપુત, પ્રશાંત કોરાટ, ગૌતમ ગેડિયા, મયંક નાયક, દિપિકાબેન સરડવા, સીમાબેન મોહીલે, ઉદયભાઇ કાનગડ, લવિંગજી ઠાકોર સહિતના નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ગુજરાત કૉંગ્રેસે પણ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સ્ટાર પ્રચારકે પ્રચાર અભિયાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો, કૉંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરવામાં આવી હતી. કૉંગ્રેસના સ્ટાર પ્રચારકોમાં ગુજરાત કૉંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિપક્ષના નેતા અમિત ચાવડા, જગદીશ ઠાકોર, ભરતસિંહ સોલંકી, સિદ્ધાર્થ પટેલ,શૈલેષ પરમાર, સુખરામ રાઠવા, પરેશ ધાનાણી, રામકિશન ઓઝા, ઉષા નાયડુ, સુહાસિની યાદવ, ભૂપેન્દ્ર મારવી, લાલજી દેસાઇ, અમીબેન યાજ્ઞિક, જિગ્નેશ મેવાણી, ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, ગ્યાસુદીન શેખ, તુષાર ચૌધરી, પુંજાભાઇ વંશ સહિત કૂલ ૨૦ જેટલા સ્ટાર પ્રચારકો કૉંગ્રેસ માટે પ્રચાર કરશે.

# અમદાવાદમાં પિતાએ ૧૦ વર્ષના પુત્રને સોડિયમ નાઈટ્રેટ પીવડાવી હત્યા કરી નાખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પિતાએ ૧૦ વર્ષના સગા દીકરાને પાણીમાં સોડિયમ નાઈટ્રેટ પીવડાવી હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા કલ્પેશ ગોહિલે પોતાના ૧૦ વર્ષના દીકરા ઓમને સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને પીવડાવીને હત્યા કરી નાખી હતી. મંગળવારે કલ્પેશના મોટા ભાઈ યોગેશભાઈના દીકરા મિહિરને કલ્પેશે ફોન કરીને ઓમ બિમાર હોવાનું જણાવ્યું હતું. ભત્રીજાની તબિયત ખરાબ હોવાના સમાચાર સાંભળીને યોગેશભાઈ તેમની પત્ની સાથે શારદાબેન હોસ્પિટલ પહોંચી ગયા હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ ઓમને મૃત જાહેર કર્યો હતો. મૃતક ઓમની બહેને યોગેશભાઈને કહ્યું હતું કે, તેના પિતાએ દવા આપ્યા બાદ ઓમની તબીયત ખરાબ થઇ ગઈ હતી. દવા આપ્યા બાદ ઓમનો પિતા બાપુનગર પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. તેણે પોલીસને જણાવ્યું હતું કે, મારી પત્ની જયશ્રી મહેસાણા ગઇ હતી ત્યારે મને મરી જવાનો વિચાર આવ્યો. મેં પહેલા મારા દીકરાને પીવાના પાણીમાં સોડિયમ નાઇટ્રેટ નાખીને પીવડાવી દીધું હતું. પોલીસે આરોપી પિતા કલ્પેશ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

# ગુજરાતમાં પ્રી-પ્રાઈમરી સ્કૂલોની પૉલિસીમાં ફેરફાર થવાની શક્યતાઓ નહિવત્: રજિસ્ટ્રેશનની મુદત વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં પ્રિ-પ્રાઈમરી સ્કૂલોની પૉલિસીમાં ફેરફાર કરવા માટે સંચાલકોએ તાજેતરમાં શિક્ષણ વિભાગ અને સરકાર સાથે બેઠક કરી હતી. જેમાં સરકારે કેટલીક બાબતોમાં ફેરફાર માટે મૌખિક ખાતરી આપી હતી. પરંતુ હજી સુધી કોઈ નિર્ણય નહીં લેવાતા સંચાલકો મૂંઝવણમાં મુકાયા હતાં. શિક્ષણ વિભાગ દ્વારા પૉલિસીમાં બદલાવ થાય તેવી શક્યતાઓ નહિવત છે. પરંતુ રજિસ્ટ્રેશનની સમય મર્યાદામાં વધારો કરવા શિક્ષણ વિભાગે તૈયારીઓ શરૂ કરી દીધી હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી.

રાજ્યમાં પ્રિ-પ્રાઈમરી સ્કૂલોનું રજિસ્ટ્રેશન કરવા માટેની આખરી તારીખ ૧૫ ફેબ્રુઆરી છે, પરંતુ રાજ્ય સરકાર આ રજિસ્ટ્રેશનની મુદતમાં ૬ મહિનામાં વધારો કરશે. ૧૫ ફેબ્રુઆરી આસપાસ શિક્ષણ વિભાગ તેની જાહેરાત કરશે. સરકારે પ્રિ-પ્રાઈમરી સ્કૂલો માટે જે પૉલિસી તૈયાર કરી છે તેમાં હાલ કોઈ ફેરફાર થાય તેવી શક્યતાઓ નહીંવત્ છે. ગુજરાત સરકાર દ્વારા પ્રી-સ્કૂલના રજિસ્ટ્રેશન માટે જે શરતો મૂકવામાં આવી છે તેમાંથી કેટલીક શરતોનું પાલન કરવું સંચાલકો માટે શક્ય નહીં હોવાથી વિરોધ શરૂ થયો હતો.

સરકાર દ્વારા પ્રી-પ્રાઇમરી સ્કૂલોની પૉલિસીમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી જેને લઇને ૯૦ ટકાથી વધુ પ્રી-પ્રાઇમરી સ્કૂલોએ હજુ સુધી રજિસ્ટ્રેશન કરાવ્યું નથી. જોકે હવે મુદતમાં માત્ર ૧૦ દિવસ બાકી હોવા છતાં હજારો સ્કૂલોનું રજિસ્ટ્રેશન બાકી છે.

ગુજરાત ઇન્ડિપેન્ડેન્ટ પ્રી સ્કૂલ એસોસિએશનના પ્રમુખ સાગર નાયકે મીડિયાને જણાવ્યું હતું કે અમારી મુખ્ય ત્રણ માગ છે. જે અંગે હજુ સુધી સરકાર દ્વારા કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. અમને માત્ર મૌખિક બાંહેધરી આપવામાં આવી છે. અમારે સ્કૂલ કઈ રીતે ચલાવવી તે સૌથી મોટો સવાલ છે. સરકાર દ્વારા રજિસ્ટ્રેશન માટે ૬ મહિનાની મુદત પણ આપવામાં આવશે પરંતુ અમારી માગ સ્વીકારવામાં આવે તે જરૂરી છે.

# ગુજરાતમાં આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન રિવરફ્રન્ટ ખાતે મિલેટ મહોત્સવ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાત મ્યુનિસિપલ કોર્પોરેશનો અમદાવાદ, જામનગર, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટમાં યોજાશે. જેમાં રાજ્ય સ્તરનો કાર્યક્રમ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત થશે.૮ ફેબ્રુઆરીએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં મિલેટ્સ મહોત્સવનું ઉદ્દઘાટન કરશે. આ કાર્યક્રમમાં, મિલેટ્સનું ઉત્પાદન કરતા તેમજ પ્રાકૃતિક કૃષિ અપનાવતા રાજ્ય સ્તરના એફપીઓ સાથે સંકળાયેલા લગભગ ૧૦૦૦ ખેડૂતો, જાણીતી સંસ્થાઓ અને રાજ્યના શહેરી નાગરિકો સામેલ થશે. આ કાર્યક્રમમાં અંદાજે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે. અન્ય મહાનગરપાલિકાઓમાં યોજાનારા જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં લગભગ ૫૦૦ ખેડૂતો અને વિષય નિષ્ણાંતો સામેલ થશે.જિલ્લા કક્ષાના કાર્યક્રમ સ્થળોએ સ્થળ દીઠ લગભગ ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ મુલાકાતીઓ આવવાનો અંદાજ છે. મિલેટ મહોત્સવમાં ૧૨૫ રાજ્ય-સ્તરીય અને ૭૫ જિલ્લા કક્ષાના સ્ટોલનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું છે, જેમાં મિલેટ્સના ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી તક્નિકો, અને પ્રાકૃતિક કૃષિપેદાશોની એક વિશાળ શ્રેણી પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, આ પ્રદર્શનમાં, રાજ્યકક્ષાના ૧૦૦ અને જિલ્લાકક્ષાના ૬૦ સ્ટોર મિલેટ આધારિત ઉત્પાદનો તેમજ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોને સમર્પિત હશે, જેમાં અનુક્રમે ૨૫ અને ૧૫ લાઇવ ફૂડ સ્ટોલ્સ હશે. કાર્યક્રમ દરમિયાન, મિલેટ્સનું મહત્ત્વ, મિલેટ્સના પાકોમાં મૂલ્યવર્ધન, પ્રાકૃતિક ખેતી, ઓર્ગેનિક સર્ટિફિકેશન, અને બાગાયતી પેદાશોનું કેનિંગ વગેરે જેવા વિષયો પર અગ્રણી કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પેનલ ચર્ચાઓનું પણ આયોજન કરવામાં આવશે. આ સાથે જ, મિલેટ્સ આધારિત રસોઈ, પ્રાકૃતિક ખેતીની તક્નિકો અને ફૂડ પ્રોસેસિંગ એટલે કે ખાદ્ય પ્રક્રિયાઓ અંગેના લાઇવ ડેમોન્સ્ટ્રેશન્સ કાર્યક્રમમાં આવનારા મુલાકાતીઓને મૂલ્યવાન આંતરદ્રષ્ટિ પ્રદાન કરશે.

# ખ્યાતિ હૉસ્પિટલના સીઈઓ રાહુલ જૈનની જામીન અરજી કોર્ટે નકારી કાઢી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ કાંડમાં હૉસ્પિટલના સીઈઓ રાહુલ જૈને ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આ અરજી મુદ્દે રજૂઆત કરાઈ હતી કે, આરોપી હૉસ્પિટલનો સીઈઓ હોવાથી તેની પાસે અમર્યાદિત જવાબદારી હોઈ શકે નહીં. જેથી હૉસ્પિટલના ડોક્ટરોની બેદરકારીમાં થયેલી ઘટનામાં સીઈઓને અમર્યાદિત જવાબદારીમાં આવરી ના શકાય.

હૉસ્પિટલના સીઈઓને દર્દીઓના ઓપરેશન, માર્કેટિંગ કે બ્રાન્ડિંગ સાથે કોઈ લેવાદેવા નથી. આ હૉસ્પિટલના ડિરેક્ટરોએ લીધેલા નિર્ણયોના દસ્તાવેજો પર આરોપી સીઈઓની સહી નથી. તે ઉપરાંત તે પીએમજય યોજના અંતર્ગત કામ પણ કરતો નહોતો. પોલીસે તપાસમાં એવું કહ્યું હતું કે, આરોપી સીઈઓએ ખ્યાતિ હૉસ્પિટલનો ખોટો ઓડિટ રિપોર્ટ બનાવીને નુકસાની બતાવી હતી. આ ઓડિટ રિપોર્ટ પર પણ અરજદારની કોઈ સહી નથી. આરોપી અરજદારને સીઈઓ તરીકે પગાર મળતો હતો. અરજદારની પૂરતી તપાસ પૂર્ણ થઈ ચૂકી છે તેને દોષિત સાબિત થતાં પહેલા સજા આપી શકાય નહિ.

સરકારી વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે, ખ્યાતિ હૉસ્પિટલ દ્વારા ગામડાના દર્દીઓની જરૂર ના હોવા છતાં એનજીઓપ્લાસ્ટિ અને એનજીઓગ્રાફી કરી હતી. આ આરોપી લોકોને હૉસ્પિટલમાં રીફર કરવા લોકલ ડોક્ટરોને કમિશન આપતો હતો. બંને પક્ષોની દલીલો બાદ કોર્ટે નોંધ્યું હતું કે, આ કેસમાં હજી વધુ તપાસ ચાલુ છે ત્યારે આરોપીને અત્યારે જામીન આપી શકાય નહિ. કોર્ટે અરજદારની જામીન અરજી નકારી નાખી હતી.

# નગરપાલિકાના મુખ્ય અધિકારીઓ તેમની જવાબદારીમાંથી છટકી ના શકે: હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીમાં ગટરમાં સફાઈ માટે ઉતરેલા બે સફાઈ કામદારોનાં મોત અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર અને સેનેટરી ઈન્સ્પેક્ટરે તેમની સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાની અરજી હાઈ કોર્ટે ફગાવી દીધી હતી અને કોઈ પણ રાહત આપવાનો ઈનકાર કર્યો હતો.

ગત ૨૧ જાન્યુઆરીએ સુરેન્દ્રનગર જિલ્લાની પાટડી નગરપાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા ત્રણ સફાઈ કામદારો ચિરાગ પાટડિયા, જયેશ પાટડિયા અને ચેતન પાટડિયાને ગટર સાફ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. ગટરની સફાઈ દરમિયાન ગટરની ટાંકીમાંથી ગૅસ લીક થતાં તેમનું ગૂંગળામણ થતાં મોત થયું હતું. જે અંગે પાટડી નગરપાલિકાના ચીફ ઓફિસર મોસમ પટેલ, સેનેટરી ઈન્સ્પેક્ટર હર્ષદ કટારિયા અને કોન્ટ્રાક્ટર સંજય પટેલ સામે એસસી એસટી અધિનિયમ, ભારતીય ન્યાય સંહિતા અને મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પ્રતિબંધ અને તેમના પુનર્વસન કાયદાની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં ચીફ ઓફિસર મોસમ પટેલ અને સેનેટરી ઈન્સ્પેક્ટર હર્ષદ કટારિયા તેમની સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવા માટે હાઈ કોર્ટ પહોંચ્યા હતા. તેમણે કોન્ટ્રાક્ટર જવાબદાર હોવાનો દાવો કરીને કહ્યું હતું કે, કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા કૃત્યમાં તેમને દોષિત ઠેરવામાં ના આવી શકે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જસ્ટિસ સંદીપ ભટ્ટે કહ્યું હતું કે, આ તથ્યને ધ્યાનમાં રાખીને વર્તમાન અરજદાર નગરપાલિકાના મુખ્ય અધિકારી છે. તે આવશ્યક સાવધાની રાખવા, અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા કાર્યોનું નિરીક્ષણ કરવા અને કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવેલા કામોની દેખરેખ કરવા માટે જવાબદાર છે. તેઓ પોતાની જવાબદારીઓમાંથી છટકી ના શકે.

# ગુજરાતના ૧.૫ લાખ યાત્રાળુઓએ શ્રવણ તીર્થ દર્શન યોજનાનો લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થિત યાત્રાધામોનો ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો સરળતાથી દર્શન કરી શકે તે હેતુથી વર્ષ ૨૦૧૭માં શ્રવણ તીર્થ દર્શન યોજના રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૧.૫ લાખથી વધુ યાત્રાળુઓએ આ યોજનાનો લાભ લીધો હતો. જે માટે રાજ્ય સરકારે અંદાજે રૂ.૧,૧૨૮ લાખથી વધુનો ખર્ચ કર્યો હતો.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવ્યા પ્રમાણે આ યોજનાનો લાભ ગુજરાતના યાત્રાધામોના ત્રણ રાત્રિ અને ત્રણ દિવસ એમ ૭૨ કલાક અથવા ૨,૦૦૦ કિ.મી સુધીની પ્રવાસની મર્યાદામાં મળવાપાત્ર છે. આ યોજના હેઠળ લાભ લેવા માટે યાત્રાળુઓના સમૂહની અરજી માન્ય ગણાશે, વ્યક્તિગત અરજી માન્ય ગણાશે નહીં. ઓછામાં ઓછા ૨૭ યાત્રાળુઓએ યાત્રા માટે સમૂહમાં અરજી કરવાની રહેશે.

# વર્ષ ૨૦૨૪માં ગુજરાત શૅરબજારમાં એક્ટિવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં દેશમાં નંબર વન બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેશનલ સ્ટોક એક્સચેન્જના રિપોર્ટ પ્રમાણે ૨૦૨૪માં ગુજરાત શૅરબજારમાં એક્ટિવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં સમગ્ર દેશમાં નંબર વન બન્યું છે. રાજ્યમાં નોંધાયેલા ઈન્વેસ્ટરોમાંથી ૫૦ ટકા એક્ટિવ કેટેગરીમાં છે. જે મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ કરતાં વધુ છે. ૨૦૧૪માં કેશ માર્કેટમાં ગુજરાતના ઈન્વેસ્ટરોનુ ટર્નઓવર ૩.૨ લાખ કરોડ હતું. તે ૨૦૨૪માં વધીને ૨૩.૫ લાખ કરોડે પહોંચ્યું હતું. ૨૦૨૪ માં માત્ર અમદાવાદમાં જ ઈન્વેસ્ટરોએ ૭.૯ લાખ કરોડના શૅર માર્કેટમાં વેપાર કર્યા હતા જેથી અમદાવાદ દેશનો સૌથી વધુ વેપાર કરનાર ત્રીજા નંબરનો જીલ્લો બન્યો હતો. સુરત પણ ટોપ-૧૦ માં સામેલ હતું. સૌથી વધુ ટર્નઓવર ધરાવતા જીલ્લાઓમાં આઠમું સ્થાન હાંસલ કર્યું હતું. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧.૭૯ કરોડ ઈન્વેસ્ટરો છે પરંતુ એક્ટિવની વ્યાખ્યામાં ૭૧.૧ લાખ જ છે. ગુજરાતમાં ૯૬.૮ લાખમાંથી ૪૭.૯ લાખ ઈન્વેસ્ટરો એક્ટિવ છે. ઉતર પ્રદેશમાં ૧.૨૩ કરોડમાંથી ૩૯.૯ લાખ ઈન્વેસ્ટરો એક્ટિવ છે. દેશના કુલ એક્ટિવ ઈન્વેસ્ટરોમાંથી ૪૦.૪ ટકા માત્ર મહારાષ્ટ્ર, ગુજરાત તથા ઉત્તર પ્રદેશનાં છે. જેમાં મહારાષ્ટ્રનું યોગદાન ૧૮.૧ ટકા, ગુજરાતનું ૧૨.૨ ટકા તથા ઉત્તર પ્રદેશનુ ૧૦.૫ ટકા છે. અમદાવાદ ૧૦.૬ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે ત્રીજા, સુરત ૭.૯ લાખ એક્ટિવ ઈન્વેસ્ટરો સાથે પાંચમા તથા રાજકોટ ૪.૩ લાખ એક્ટિવ ઈન્વેસ્ટરો સાથે આઠમા સ્થાને છે. દેશમાં ટોપ ૧૦માં પૂના, જયપુર, કોલકાતા અને હૈદરાબાદ જેવાં શહેરો સામેલ છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 31 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
૨૦૩ વર્ષ
ગુરુવાર, ૬ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ લાડકી પૂર્તિ

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 77,490/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS



## પવિત્ર સ્નાન

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ગંગા, યમુના, સરસ્વતી નદીના સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું. (એજન્સી)

# ૩૩ ગુજરાતી અમેરિકાથી પરત

## અમેરિકામાં ગેરકાયદે વસતા ૧૦૪ ભારતીયને અમૃતસર લવાયા

TOSAA
Kitchenware & House hold
For Bulk / B2B
Enquiry: 7777065380
Available on:
amazon.com
Flipkart
Available at All Ecommerce Shopping Site.

અમૃતસરઃ અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા ગુજરાતના ૩૩, મહારાષ્ટ્રના ત્રણ સહિત ૧૦૪ ગેરકાયદે સ્થળાંતરીઓને લઈને અમેરિકાનું લશ્કરી વિમાન બુધવારે બપોરે અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે ઊતર્યું હતું.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર અમેરિકાથી સ્વદેશ મોકલવામાં આવેલા ૧૦૪ ગેરકાયદે સ્થળાંતરીઓમાં પંજાબના ૩૦, હરિયાણા અને ગુજરાત પ્રત્યેકના ૩૩, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પ્રત્યેકના ત્રણ અને ચંડીગઢના બે જણનો સમાવેશ થાય છે.

મળતી માહિતી અનુસાર, ૩૩ ગુજરાતીઓમાં સૌથી વધુ મહેસાણા અને ગાંધીનગરના હોવાનું સામે આવ્યું છે. આ તમામ લોકોની એક યાદી સામે આવી છે. અત્યારે જે લોકો પરત આવ્યા છે તે બોર્ડર ક્રોસ કરતા પકડાયા હતા અને રેફ્યુજી કેમ્પમાં જ રહેતા હતા.

અમેરિકાથી ડિપોર્ટ કરાયેલ ગુજરાતી લોકોના નામ આ મુજબ છે.

પટેલ સ્મિત કિરીટકુમાર (માણસા, ગાંધીનગર), ગોસ્વામી શિવાની પ્રકાશગીરી (પેટલાદ, આણંદ), પટેલ નીકિતાબેન કનુભાઈ (ચંદ્રનગર, ડાભલા, મહેસાણા), પટેલ આયશા ધીરજકુમાર (અંકલેશ્વર, ભરૂચ), રામી જયેશભાઈ રમેશભાઈ (વિરમગામ, અમદાવાદ), રામી બિનાબેન જયેશભાઈ (જૂના ડિસા, બનાસકાંઠા), પટેલ એન્નીબેન કેતુલકુમાર (પાટણ), પટેલ મંત્ર કેતુલકુમાર (પાટણ), પટેલ કેતુલ કુમાર બાબુલાલ (મણુજ, પાટણ), પટેલ કિરણબેન કેતુલકુમાર (વાલમ, મહેસાણા), પટેલ માયરા નિકેતકુમાર (કલોલ, ગાંધીનગર), પટેલ રિષિતાબેન નિકેતકુમાર (નારદીપુર,ગાંધીનગર), ગોહીલ કરણસિંહ નટુજી (કલોલ, ગાંધીનગર), ગોહીલ મિત્તલબેન કરણસિંહ (કલોલ, ગાંધીનગર), ગોહીલ હેયાનસિંહ કરણસિંહ (મહેસાણા), ગોસ્વામી ધ્રુવગિરિ હાર્દિકગિરિ (મહેસાણા), ગોસ્વામી હેમલ હાર્દિકસિંહ (ગોઝારિયા, મહેસાણા), ગોસ્વામી હાર્દિકગીરી મુકેશગિરિ (ડાભલા, મહેસાણા), ગોસ્વામી હિમાનીબેન હાર્દિકગિરિ (મહેસાણા), ઝાલા એંજલ જિગ્નેશકુમાર (મેઉ, મહેસાણા), ઝાલા અરૂણાબેન

(જુઓ પાનું ૨) ▶▶

## વ્યાજદરમાં કાપની શુક્રવારે જાહેરાતની આશા

મુંબઈઃ કેન્દ્રીય બજેટની જાહેરાતના ગણતરીના દિવસો બાદ વ્યાજદરમાં પચીસ બેસિસ પૉઈન્ટના ઘટાડાની અપેક્ષા વચ્ચે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ) રેપોરેટમાં કાપની શુક્રવારે જાહેરાત કરે એવી આશા છે. નવા નિમાયેલા આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રા બુધવારથી શરૂ થયેલી મૉનેટરી પૉલિસી કમિટી (એમપીસી)ની બેઠકના અધ્યક્ષપદે છે. છ સભ્યની બનેલી કમિટી શુક્રવારે આ નિર્ણય અંગેની જાહેરાત કરશે. નિષ્ણાતોનું માનવું છે કે રેપોરેટમાં ઘટાડો કરવા માટે વર્તમાન પરિસ્થિતિ અનુકૂળ છે કેમ કે આ નિર્ણય માગ આધારિત વિકાસને વેગ આપશે. રેપોરેટમાં ઘટાડો ઘર ખરીદનારા નીચલા અને મધ્યમ

(જુઓ પાનું ૨) ▶▶

## સોનું સર્વોચ્ચ સપાટીએઃ રૂપિયો ૩૯ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ લાદવાના લીધેલા નિર્ણયની સામે ચીને પણ અમેરિકાથી થતી આયાત સામે ૧૦થી ૧૫ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લેતા ભવિષ્યમાં વેપાર યુદ્ધ અથવા તો ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનામાં સલામતી માટેની વ્યાપક માગ ખૂલતા ભાવ વધીને ઔંસદીઠ ૨૮૬૭.૮૯ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં વધુ ૦.૬ ટકાની તેજી આવી હતી. આમ એક તરફ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા ગબડીને ૮૭.૪૬ની સપાટીએ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થતાં ઝવેરી બજારમાં વેરારહિત ધોરણે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૪૦થી ૧૬૪૭ની તેજીનો પવન ફૂંકાઈ ગયો હતો અને ભાવ રૂ. ૮૪,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. તે જ પ્રમાણે ચાંદીમાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં તેજીનું વલણ અને તેમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૪૭ની તેજી સાથે રૂ. ૯૫,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. દરમિયાન

(જુઓ પાનું ૨) ▶▶

## આગાખાન જન્નતનશીન

પેરિસઃ ઈસ્માઈલી આગાખાની ખોજા કોમના હાજર ઈમામ આગાખાન મંગળવારે ૮૮ વર્ષની વયે પોર્ટુગલમાં જન્નતનશીન થયા હતા. તેઓ ૨૦ વર્ષની વયે વિશ્વના લાખો ઈસ્માઈલી મુસ્લિમોના ધર્મગુરુ બન્યા હતા. તેમણે વિકાસશીલ દેશોમાં ઘરો, હૉસ્પિટલો અને સ્કૂલો બાંધીને સેવાનાં કાર્યો કર્યાં હતાં. તેમની આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક અને ઈસ્માલી ધાર્મિક કોમે જાહેર કર્યું હતું કે હિઝ હાઈનેસ પ્રિન્સ કરીમ-અલ હુસૈની, આગાખાન ચોથા અને

(જુઓ પાનું ૨) ▶▶

## ચેટજીપીટી પર નાણાં મંત્રાલયનો પ્રતિબંધ

નવી દિલ્હીઃ નાણાં ખાતાએ પોતાના અધિકારીઓને કાર્યાલયના કમ્પ્યૂટરો અને ઉપકરણો પર ચેટજીપીટી કે ડીપસીક જેવી એઆઈ ટૂલ્સ કે ઍપ ડાઉનલૉડ નહિ કરવાનો તેમ જ ઉપયોગ નહિ કરવાનો આદેશ આપ્યો છે. આ ઍપથી સરકારી ડૅટા, ડોક્યુમેન્ટ્સની ગોપનીયતા સામે જોખમ ઊભું થવાનો ભય વ્યક્ત કરાયો હતો.

ગયા મહિને સંબંધિત તમામ વિભાગો સાથેના કમ્યુનિકેશન

(જુઓ પાનું ૨) ▶▶

### એક્ઝિટ પોલ

## દિલ્હીમાં ભાજપ સત્તા કબજે કરશે

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભાની ૭૦ (બધી) બેઠકના મતદાન બાદ જાહેર કરાયેલા મોટા ભાગના બધા એક્ઝિટ પોલમાં ભાજપ સત્તા પર આવવાની આગાહી કરાઇ હતી. ભાજપને બહુમતી માટે જરૂરી ૩૬ બેઠકથી વધુ મળવાની શક્યતા વ્યક્ત કરાઇ હતી.

એક્ઝિટ પોલ મુજબ આમ આદમી પાર્ટી દિલ્હીમાં સત્તા મેળવવાની હેટ-ટ્રિક કરવામાં નિષ્ફળ જશે.

ચાણક્યના એક્ઝિટ પોલ મુજબ ભાજપને ૩૯થી ૪૪ બેઠક મળવાની, 'આપ'ને પચીસથી ૨૮, કૉંગ્રેસને બે કે ત્રણ બેઠક મળવાની, જેવીસીના મત મુજબ ભાજપને ૩૯થી ૪૫ અને 'આપ'ને ૨૨થી ૩૧, પી. માર્કની આગાહી મુજબ ભાજપને ૩૯થી ૪૯ અને 'આપ'ને ૨૧થી ૩૧, પિપલ્સ ઇન્સાઇટના એક્ઝિટ પોલ મુજબ ભાજપને ૪૦થી ૪૪ અને 'આપ'ને પચીસથી ૨૯ બેઠક મળશે. માર્ટિઝની ધારણા મુજબ ભાજપને ૩૫થી ૪૦ મળશે.

દિલ્હી વિધાનસભાની પાંચ ફેબ્રુઆરી, બુધવારે યોજાયેલી ચૂંટણીમાં ૬૦ મતદાન થયું હતું.

મતદાન દરમિયાન કોઇ મોટી અનિચ્છનીય ઘટના

(જુઓ પાનું ૨) ▶▶

## ગાઝા પટ્ટીનો કબજો લેવાની ટ્રમ્પની ધમકી

ન્યૂ યોર્ક /વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એક આશ્ચર્યકારક જાહેરાતમાં કહ્યું હતું કે અમેરિકા યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટી હસ્તગત કરશે, તેના માલિક બનશે અને ત્યાં આર્થિક વિકાસ કરશે જેથી ત્યાં અમર્યાદિત રોજગાર અને આવાસ ઊભા થાય. ટ્રમ્પે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેની સંયુક્ત પત્રકાર

(જુઓ પાનું ૨) ▶▶

## હિમાચલમાં ફરી હિમવર્ષા

શિમલાઃ હિમાચલ પ્રદેશના ઊંચા વિસ્તારોમાં તાજી હિમવર્ષા નોંધવામાં આવી હતી. હવામાન કચેરીએ બુધવારે કેટલાક જિલ્લાઓમાં વાવાઝોડાં અને વીજળી માટે 'યલો' ચેતવણી જારી કરી હતી.

શિમલા, કુલુ, કિનૌર, લાહૌલ, સ્પીતિ અને ચંબા જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ બરફ પડ્યો હતો.હવામાન કચેરીના જણાવ્યા અનુસાર, શિમલા જિલ્લાના પ્રખ્યાત પર્યટન રિસોર્ટ નગરો નારકંડા અને કુફરી, ચંબાના ડેલહાઉસી અને કુલ્લુમાં મનાલી અને આસપાસના વિસ્તારોમાં હિમવર્ષા નોંધાઈ હતી. ■



## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાહુલની વાતથી જયશંકર નારાજ કેમ?

**અમેરિકાના** પ્રમુખપદે ડોનલ્ડ ટ્રમ્પની શપથવિધિના કાર્યક્રમમાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને નિમંત્રણ ના અપાયું એ મુદ્દો ફરી ગાજ્યો છે. રાહુલ ગાંધીએ લોકસભામાં કહેલું કે, મોદીએ વિદેશ મંત્રી એસ. જયશંકરને વારંવાર અમેરિકા મોકલ્યા છતાં નરેન્દ્ર મોદીને ટ્રમ્પના શપથવિધિના સમારોહમાં નિમંત્રણ ના અપાવી શક્યા. રાહુલના કહેવા પ્રમાણે, આપણા દેશમાં સારી મેન્યુફેક્ચરિંગ સિસ્ટમ હોત, આપણે ટેકનોલોજી પર કામ કરતા હોત તો ટ્રમ્પે ભારતમાં આવીને આપણા વડાપ્રધાનને શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રણ આપ્યું હોત.

જયશંકર આ વાતથી નારાજ થયા. જયશંકરે રાહુલ ગાંધી પોતાના ગયા વર્ષના અમેરિકા પ્રવાસ અંગે લોકસભામાં ખોટું બોલ્યા હોવાનો આક્ષેપ મૂકી દીધો. જયશંકરના કહેવા પ્રમાણે, પોતે ડિસેમ્બર ૨૦૨૪માં બાઈડન વિદેશ મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારને મળવા ગયા હતા અને આ દરમિયાન મોદીને ટ્રમ્પની શપથવિધિમાં આમંત્રણ અંગે કોઈ ચર્ચા થઈ નહોતી.

જયશંકરે કરેલી વાત સાચી છે કે રાહુલે કહ્યું એ સાચું છે એ ખબર નથી પણ જયશંકરે આપેલું રીએક્શન જોઈને આશ્ચર્ય થાય છે. લોકસભામાં નેતાઓ મનફાવે તેમ બોલતા હોય છે ને રાજકીય આક્ષેપો કરતા હોય છે. રાહુલે પણ એ રીતે આક્ષેપો કર્યા ને તેને અવગણવાની જરૂર હતી પણ જયશંકર નારાજ થયા તેનું કારણ મોદી અને ટ્રમ્પની દોસ્તી અંગે ભાજપે ઊભું કરેલું ચિત્ર છે. ટ્રમ્પે મોદીને નોંતર્યા નહીં તેમાં આ ચિત્ર ધૂંધળું થઈ ગયું તેથી રાહુલની વાતથી જયશંકરને લાગી આવ્યું છે.

મોદી ટ્રમ્પને માય ડિયર ફ્રેન્ડ તરીકે જ સંબોધતા અને ટ્રમ્પ તેમના બાળપણના દોસ્ત હોય એવું ચિત્ર ઊભું કરી નાંખેલું. બે દેશના વડા કદી મિત્ર ના હોઈ શકે એ રાજનીતિનો મુખ્ય સિદ્ધાંત જ મોદીને ખબર નહોતી. બે દેશના વડા પોતપોતાના દેશનાં હિતો સાચવવા માટે પરસ્પર સારપ બતાવતા હોય છે ને મોદી તેને દોસ્તી માની બેઠા. બાકી ટ્રમ્પે તો એ વખતે પણ કોઈ કસર બાકી નહોતી રાખી. ભારતને જનરલ પ્રેફરેન્શિયલ સિસ્ટમ (જીપીએસ)માંથી બહાર કાઢીને નિકાસને કરોડોનો ફટકો મારવાથી માંડીને એચ-વન બી વિઝાના નિયમો આકરા કરવા સહિતના નિર્ણયો દ્વારા ટ્રમ્પે આપણને બૂચ મારેલો જ પણ મોદીની આંખો નહોતી ઉઘડતી.

આ કહેવાતી દોસ્તીના ઉત્સાહમાં ૨૦૨૦ની અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી વખતે મોદીએ ખુલ્લેઆમ ટ્રમ્પનો પ્રચાર કરેલો. પહેલાં અમેરિકામાં હાઉડી મોદીનો કાર્યક્રમ કરીને અમેરિકામાં રહેતા ભારતીયોને ભેગા કરીને મોદીએ અબ કી બાર ટ્રમ્પ સરકારના નારા લગાવેલા ને પછી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટ્રમ્પને નોંતરીને નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ કરીને પાછો ટ્રમ્પનો ચૂંટણીપ્રચાર કરેલો.

નરેન્દ્ર મોદીનું વર્તન ગરિમાપૂર્ણ નહોતું. ભારત દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ છે અને દુનિયાની સૌથી મોટી અને મજબૂત લોકશાહી ધરાવતો દેશ છે. આ દેશના વડા પ્રધાન બીજા દેશના પ્રમુખની ચૂંટણીમાં ઘેલા થઈને પ્રચાર કરે કે સ્ટેજ પર ઊભા રહીને સામાન્ય કાર્યકરની જેમ નારા લગાવે એ શોભાસ્પદ ના કહેવાય. આવી હરકતો ટૂણિયાટ નેતાઓ કરે, ૧૪૦ કરોડની વસતી ધરાવતા દેશના વડા પ્રધાન ના કરે. ભારતના વડા પ્રધાનનું કંઈ ગૌરવ હોય કે નહીં? મોદી ૨૦૨૦માં એ ગૌરવ ચૂકી ગયેલા.

બીજું એ કે, એક દેશના વડા પ્રધાન બીજા દેશની ચૂંટણીમાં દખલગીરી કરે એ પણ શરમજનક કહેવાય. અમેરિકામાં કે બીજા કોઈ દેશમાં આપણને માફક આવે એવી સરકાર આવે તેના માટે પાછલા બારણે મથવું એ મુત્સદીગીરી કહેવાય ને આ રીતે જાહેરમાં સ્ટેજ પર જઈને નારા લગાવવા એ છિછરાપણું કહેવાય. આ વાત સાંભળીને ભક્તજનોના પેટમાં દુઃખશે પણ આ વાસ્તવિકતા છે.

મોદીને આ વાત સમજાઈ હશે કે પછી બીજા ગમે તે કારણોસર ૨૦૨૪ની ચૂંટણીમાં મોદી ગૌરવપૂર્ણ રીતે વર્ત્યા ને અમેરિકાની ચૂંટણીના પ્રચારથી દૂર રહ્યા. અમેરિકાનો ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલતો હતો ત્યારે જ મોદી અમેરિકા ગયેલા. ટ્રમ્પ ઈચ્છતા હતા કે, મોદી ફરી તેમનો પ્રચાર કરે ને ૨૦૨૦ની જેમ સ્ટેજ પર ઊભા રહીને પોતાને મત અપાવવા માટે અપીલ કરીને નારા લગાવે.

ટ્રમ્પે મોદીને પૂછ્યા વિના જ જાહેર પણ કરી દીધેલું કે, માય ડીયર ફ્રેન્ડ મોદી મને મળવા આવવાના છે, પણ મોદી ના ગયા. મોદીનું વર્તન યોગ્ય હતું કેમ કે ભારતના વડા પ્રધાન તરીકે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં સામેલ નહીં થઈને તેમણે દેશનું અને પોતાનું પણ ગૌરવ જાળવી લીધેલું.

ડોનલ્ડ ટ્રમ્પ બિઝનેસમેન છે ને આપણી ભાષામાં કહીએ તો બિલ્ડર છે. એ તો બધું નફા-નુકસાનના ત્રાજવે તોલવા ટેવાયેલો છે તેથી મોદીએ તેને ફાયદો ના કરાવ્યો તેમા તેને લાગી આવ્યું. ટ્રમ્પે એ પછી ભારત માટે ખરાબ શબ્દો વાપર્યા, ભારતને એબ્યુઝર ગણાવ્યું, અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા ભારતીયો વિશે પણ ટિપ્પણીઓ કરી ને ભારતના માલ પર ટેરિફ લાદવાની ધમકીઓ પણ આપી.

ટ્રમ્પને પોતાના દેશ માટે જે સારું લાગતું હતું એ કરવાની વાતો તેમણે કરી પણ ટ્રમ્પના વલણના કારણે સ્પષ્ટ હતું કે, મોદી તેમની ગુડ બુકમાં નથી. આ કારણસર મોદીને ટ્રમ્પના શપથવિધિ સમારોહમાં નિમંત્રણ ના મળે એ અપેક્ષિત હતું પણ તેનાથી મોદીને કોઈ ફરક ના પડવો જોઈએ. ટ્રમ્પે ના નોંતર્યા તેમાં દુનિયા થોડી પતી ગઈ છે?

ભાજપ મોદી અને ટ્રમ્પ વચ્ચે જોરદાર દોસ્તી છે એવું સાબિત કરવા જ મથ્યા કરે છે. હમણાં ૨૭ જાન્યુઆરીએ ટ્રમ્પે મોદીને ફોન કર્યો તેમાં તો ભાજપે દુનિયા જીતી લીધી હોય એવો હરખ બતાવેલો. મોદીએ પણ ટ્રમ્પનો ઉલ્લેખ માય ડિયર ફ્રેન્ડ તરીકે કરેલો. અત્યારે ટ્રમ્પે મોદીને વ્હાઈટ હાઉસમાં બોલાવ્યા છે એવી વાત છે. સત્તાવાર રીતે નથી અમેરિકાએ આ વાતને સમર્થન આપ્યું કે નથી વિદેશ મંત્રાલયે પુષ્ટિ આપી પણ ચાપલૂસ મીડિયાના એક વર્ગમાં આ પ્રકારની વાતો ચલાવાઈ છે. આ બધું કરવાની શું જરૂર છે?

મોદી ૧૪૫ કરોડની વસતી ધરાવતા દેશના વડા પ્રધાન છે ને તેમણે એ રીતે વર્તવાની જરૂર છે. રાહુલ ગાંધી કે બીજું કોઈ રાજકીય આક્ષેપો કરે તો તેને અવગણવાની હિંમત પણ તેને બતાવવી જોઈએ ને કોઈ ટીકા કરે તો તેને પચાવવાની તાકાત પણ બતાવવી જોઈએ. અમેરિકા ભારત માટે મહત્ત્વનું સાથી છે તેનો ઈન્કાર ના થઈ શકે પણ ટ્રમ્પ અમેરિકા નથી ને ભારત રેંજીપેંજી દેશ નથી. એક તોતિંગ માર્કેટ ધરાવતો દેશ છે ને જેટલી ગરજ આપણને અમેરિકાની છે એટલી જ ગરજ અમેરિકાને આપણી છે.

ટૂંકમાં દોસ્તી-ફોસ્તી બાજુ પર ને આ દેશનાં હિતો પહેલાં આવવાં જોઈએ. ટ્રમ્પ ડિયર ફ્રેન્ડ નહીં બને તો ચાલશે પણ ટ્રમ્પ દોસ્ત બનીને આ દેશને લૂંટવાનો એજન્ડા અમલમાં મૂકે એ નહીં ચાલે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌરહેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૬-૨-૨૦૨૫, શ્રી હરિ જયંતી,

- ભારતીય દિનાંક ૧૭, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૧૯-૨૮ સુધી, પછી રોહિણી.
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯ સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૮-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૫ (તા. ૭)
- ઓટઃ બપોરે ક. ૧૨-૦૦, મધ્ય રાત્રે ૦૦-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી, સૂર્ય ધનિષ્ઠામાં ૦૭-૫૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન સિવાયના શુભ કાર્ય વર્જ્ય છે. શ્રી વિષ્ણુલક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, તુલસીપૂજા, સપ્તસતી પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, અગ્નિપૂજા, માલ વેંચવો. ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ અવિચારી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ. સૂર્ય ઘનિષ્ઠા નક્ષત્ર પ્રવેશ. ચંદ્ર-કૃત્તિકા યુતિ.

- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# મઝહબી દૃષ્ટિએ ખ્વાબ અને સ્વપ્નફળ, ગ્રહો અને તેની ચાલ

મનુષ્ય માત્રને ખ્વાબ-સપના આવવા એ સામાન્ય વાત છે. કોઈને ક્યારેક ક્યારેક તો કેટલાંકને અવારનવાર કુદરતી ખ્વાબ આવતાં હોય છે.

* અર્ધ જાગૃત મનની દશામાં હોઈએ કે ગાઢ ઊંઘમાં હોઈએ,

* કોઈ બનાવ બની ગયો હોય અથવા મનમાં કોઈ વિચારો રહી ગયા હોય - આપણા અંતરમનમાં સંઘરાયેલા વિચારો પણ સપનારૂપે રજૂ થાય છે.

* બાળકો, * યુવાનો, * વૃદ્ધો,

* સ્ત્રી-પુરુષ બધાને સપના આવતા હોય છે.

* સામાન્ય રીતે સપનું જોયા પછી માણસ તેને ભૂલી જતો હોય છે અને એના પર લાંબો-ગંભીરતાપૂર્વક વિચાર કરતો હોતો નથી.

- દુનિયાના જુદા જુદા દેશોમાં ખ્વાબ જોનારાઓ તેની 'તાઅબીર' એટલે કે સ્વપ્નફળ વિષે જુદી જુદી માન્યતાઓ ધરાવતા હોય છે.

- દીને ઇસ્લામના મહાન બુઝુર્ગોએ - પ્રતિષ્ઠિત - માનવંતો - જ્ઞાનીઓએ ખ્વાબ અને તાઅબીર વિશેના દળદાર પુસ્તકો લખ્યા છે જેમાં

* ખ્વાબ જોવાનો સમય,

* ખ્વાબના પ્રકાર અને તેના ફળ,

* તેની પડનારી અસરનો સમય વગેરે પર વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

- કયા દિવસે અને કયા સમયે જોયેલા સપના કેવા હોય છે તેની આછી માહિતી આ પ્રમાણે જાણવા મળે છેઃ

* ઈતવાર - રવિવારના ત્રીજા પહોરમાં જોયેલો ખ્વાબ મોટે ભાગે નેક - ભલું કરનાર હોય છે - કેમ કે રવિવારનો સંબંધ 'આફતાબ' અર્થાત્ સૂર્ય - સૂર્યોદય સાથે છે.

* પીર - સોમવારના રોજ જોયેલું સપનું પણ નેક - શુભચિંતક છે, કારણ કે તેનો સંબંધ 'માહતાબ' એટલે ચંદ્ર સાથે હોય છે.

* મંગળ - મંગળવારે જોયેલા સપનાની તાઅબીર - સ્વપ્નફળ વિષે કોઈને પૂછવું નહીં કેમ કે મંગળવારનો સંબંધ 'મિર્રિખ' અથવા મંગળ નામક ગ્રહ સાથે છે.

* બુધ - બુધવારનો સંબંધ 'અતારદ' અથવા 'બુધ' સાથે છે. એ દિવસે અલ્લાહના પયગંબર-સંદેશવાહક હઝરત હૂદ અલયહિસ્સલામની નાફરમાન કોમ પર અલ્લાહનો અઝાબ-પ્રકોપ ઉતર્યો હતો, એટલે એ દિવસે જોયેલા ખ્વાબની તાઅબીર-સ્વપ્નફળ ન પૂછવું બેહતર-યોગ્ય છે.

* જુમેરાત - ગુરુવારનો દિવસ સઆદત-ખુશીનો છે. એ દિવસનો સંબંધ 'મુશ્તરી'-'ગુરુ' સાથે છે. એ દિવસે જોયેલું સપનું નેક-સજ્જન ગણવામાં આવ્યું છે.

* જુમ્મા - શુક્રવારનો દિવસ ઘણો જ ભલાઈભર્યો લેખવામાં આવ્યો છે. તેનો સંબંધ 'ઝોહરા' - 'શુક્ર-આભારીપણું છે. એ દિવસ જોયેલો ખ્વાબ ખુશખબરી આપનાર અને આત્મસંતોષ પહોંચાડનાર છે. જ્યારે

* શનિવારનો સંબંધ 'ઝુહલ' અથવા 'શનિ'ના ગ્રહ સાથે નિકટતા ધરાવે છે. શનિચરના જોયેલ ખ્વાબ-સ્વપ્ન સંબંધે ખામોશી અખતિયાર-ધારણ કરવી બહેતર-સર્વશ્રેષ્ઠ છે.

* વસંતઋતુમાં જોયેલા સપના વધુ ભાગે નેક અને સારા હોય છે. જો કે સપનાની અસર લાંબા સમયે જાહેર થાય છે.

* ગ્રીષ્મઋતુમાં જોયેલા ખ્વાબની તાઅબીર-ફળ દુરસ્ત-જેવું જોઈએ એવું ઠીક હોતું નથી. દાખલા તરીકે-

* હઝરત - (માનવંત) અબુબકર સિદિક રદ્દિયલ્લાહો અન્હોને શખસે પૂછયું કે, 'મને કોઈએ ખ્વાબમાં વૃક્ષના સિત્તેર પાંદડાં ગણીને આપ્યાં. આ ખ્વાબની તાઅબીર-સ્વપ્નફળ શું છે?' જવાબમાં

* હઝરત સિદ્દિક રદિ. એ ફરમાવ્યું કે, તમને સિત્તેર લાકડીનો માર પડશે અને ખરેખર, એ શખસને કોઈ કારણસર સિત્તેર લાકડીનો માર પડ્યો.

- ત્યાર પછી બીજે વર્ષે એ માનવીએ એ જ સપનું જોયું, ત્યારે તેણે તેની તાઅબીર હઝરતને પૂછતાં આપે તેનું સ્વપ્નફળ એ બતાવ્યું કે તમને ક્યાંથી પણ સિત્તેર દિરહમ (તે સમયના નાણાં) મળશે.

- આ સાંભળીને તે શખસને ખૂબ જ આશ્ચર્ય થયું.

- તેણે અરજ વ્યક્ત કરી કે, આપ હુઝૂરે ગત્ વર્ષે આ પ્રકારના ખ્વાબની તાઅબીર એ બતાવી હતી કે મને સિત્તેર લાકડીનો માર પડશે અને ખરેખર એવું જ બન્યું અને આજે એજ ખ્વાબનું સ્વપ્નફળ એ બતાવી રહ્યા છો કે મને સિત્તેર દિરહમનો લાભ થશે તેનું શું કારણ?

- આપ હઝરતે ફરમાવ્યું કે, ગત વર્ષે આ ખ્વાબ તમે મને પાનખર ઋતુમાં પૂછ્યો હતો. એ મોસમમાં વૃક્ષો સુકાઈ જાય છે. તેમાંથી પાંદડાં ખરવા લાગે છે. એટલે તેની તાઅબીર-સ્વપ્નફળ એ હતી જે મેં તમને બતાવી હતી.

'- અત્યારે વસંતઋતુ છે. (યાદ રહે, ઇસ્લામી મહિનાઓ અંગ્રેજી મહિનાઓની જેમ ચોક્કસ ઋતુ-તારીખના આવતા હોતા નથી.) વૃક્ષોને નવા પાંદડાં આવે છે. તેમાં ફળફૂલ લાગે છે. એ રીતે સિત્તેર દિરહમ મળવાની 'તાઅબીર' બતાવી છે, એ સાચી છે...!'

જાણવા જેવુંઃ

- 'ખ્વાબની તાઅબીર'નો ઇલ્મ (વિદ્યા) ધરાવનારા અલ્લાહના પયગંબર હઝરત દાન્યાલ અલૈયહિસ્સલામનું કથન છે કે

* અગર ખ્વાબનું ફળ કોઈને પૂછવાની જરૂર પડે તો તો સવારથી લઈને મધ્યાહન સુધીમાં કોઈ સારા જાણકાર-જ્ઞાનીને પૂછે. એ સમયમાં બતાવેલી તાઅબીરની અસર નેક (સત્ય) સાબિત થાય છે. તેની સાથે ખુશકિસ્મતી (ભાગ્યશાળી) પણ ભળેલી હોય છે.

* 'જવાલ' - બપોરથી લઈને રાત સુધીમાં પૂછેલા ખ્વાબના સ્વપ્નફળમાં ફસાદ અર્થાત્ પાપ, લડાઈ, ઝઘડો, અપરાધ, વિદ્રોહ અને બુરાઈ છે.

* વાદળાં ઘેરાયેલા હોય ત્યારે અને

* બરફવર્ષા થઈ રહી હોય એવા સમયે અને

* સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ખ્વાબનું સ્વપ્નફળ પૂછવું કોઈ પણ રીતે હિતાવહ નથી.

### સનાતન સત્યઃ

* ત્વારીખ ગવાહ છે કે, તેના પૃષ્ઠો પર એવા અનેક બનાવો જાહેર થયેલા છે, જેમાં ભવિષ્યના બનાવોની આગાહી વર્ષો પહેલાં કરવામાં આવેલ હતી તે સાચી પડી હતી.

* જ્યાં સુધી મનુષ્યનું અસ્તિત્વ છે ત્યાં સુધી મઝહબી-ધર્મની દૃષ્ટિએ ગ્રહો અને તેની ચાલ, ખ્વાબ અને સ્વપ્નફળની હકીકત પુરવાર થતી રહેવાની છે.

* પણ એક સનાતન સત્ય એ પણ છે કે,

* એક માત્ર અલ્લાહ જ સંપૂર્ણ છે,

* ખ્વાબ- દશા-દીશા જોનારા-બનાવનારા અપૂર્ણ છે.

* 'ઇન્સાન માત્ર, ભૂલને પાત્ર'ની ઉક્તિ મુજબ આંખના પલકારાની જેમ એક ચૂક અર્થનો અનર્થ કરી શકતી હોય છે અને ઈતિહાસ સાક્ષી છે કે એવું બન્યું છે અને બની પણ શકે છે.

### બોધઃ

માણસના સારા અમલ-આમાલ (આચરણ, કર્મ) ભાગ્યની બાજીને પલ્ટી શકવા સમર્થ છે.

* અલ્લાહ પર એતબાર (ભરોસો-વિશ્વાસ) અને

* સબ્ર-ધીરજ ધરનાર સફળતાને પામે છે

* * *

### સાપ્તાહિક સંદેશઃ

ખજૂર ખાઓ એમાં કુવ્વત અર્થાત્ બુદ્ધિ, કૌશલ્ય અને શક્તિ વધારવાની ક્ષમતા ભારોભાર છે અને ઘણી બીમારીઓ માટે સિફા - તંદુરસ્તીના ગુણ પણ છે.

- શેરે ખુદા હઝરત અલી ■

પહેલા પાનાનું ચાલુ

### વ્યાજદરમાં

વર્ગના લોકોને પણ રાહત આપશે. ફુગાવાનો દર આરબીઆઈએ નિર્ધારિત કરેલી મર્યાદામાં હોવાને કારણે તેમ જ રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવા છતાં આરબીઆઈ દ્વારા રેપોરેટમાં પચીસ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરવામાં આવશે તો પાંચ વર્ષમાં આ પ્રથમ ઘટાડો હશે. કોરોનાની મહામારી અને લૉકડાઉનને પગલે ઊભી થયેલી આર્થિક કટોકટીમાંથી અર્થતંત્રને બહાર લાવવા અને બેઠું કરવા આરબીઆઈએ છેલ્લે મે ૨૦૨૦માં રેપોરેટ ૪૦ બેસિસ પૉઈન્ટ ઘટાડીને ચાર ટકા ઘટાડો કર્યો હતો, પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધને ધ્યાનમાં રાખીને મે ૨૦૨૨માં આરબીઆઈએ રેપોરેટમાં વધારો કરવાનું શરૂ કર્યું હતું. (એજન્સી)

### ગાઝા પટ્ટીનો

પરિષદમાં આ ટિપ્પણી કરી હતી. આ સમયે મુલાકાતી વડા પ્રધાન નેતન્યાહુ તેમની બાજુમાં ઊભા હતા. ટ્રમ્પે સૂચવ્યું હતું કે અમેરિકા આ ભૂમિનો વિકાસ કરશે. જોકે તેમણે કહ્યું નહોતું કે ત્યાં કોને રહેવાની છૂટ અપાશે.

તેમણે કહ્યું હતું કે ગાઝામાં રહેતા બધા પેલેસ્ટાઈનવાસી એટલે કે ૨૦ લાખ લોકોને આ પ્રદેશ છોડીને મધ્ય અખાતના બીજા દેશમાં સ્થાયી કરાશે. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ગાઝા પટ્ટી હસ્તગત કરશે. અમે ત્યાં રોજગાર ઊભા કરીશું. અમે એના માલિક બનીશું અને ત્યાંના ન ફૂટેલા ખતરનાક બૉમ્બ અને બીજા હથિયારોને નિષ્ક્રિય બનાવવા માટે જવાબદાર હોઈશું. અમે બધુ સમથળ કરવા ખતરનાક મકાનો તોડી નાખીશું. હાલમાં પેલેસ્ટાઈનવાસી ત્યાં જાય છે કારણ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. હાલમાં એ વિનાશ પામેલું સ્થળ છે. લગભગ દરેક મકાન ધરાશાયી થયાં છે. તેઓ તૂટી પડેલા ક્રોંકીટમાં રહે છે અને આ ખતરનાક છે. આને બદલે તેઓ સુંદર વિસતારમાં શાંતિ અને એખલાસથી રહી શકે. (એજન્સી)

### આગાખાન

શિયા ઈસ્માઈલી મુસ્લિમોના ૪૯મા ઈમામ પોર્ટુગલમાં જન્નતનશીન થયા હતા. તેઓ જન્નતનશીન થયા ત્યારે તેમના કુટુંબીજનો તેમની જોડે હતા.

તેમના અનુગામીની નિમણૂક લિસ્બનમાં તેમના કુટુંબ અને ધાર્મિક નેતાઓની હાજરીમાં વિલ વંચાશે ત્યારે કરાશે. તેમના અનુગામી વસિયતનામા પ્રમાણે પસંદ કરાશે, એવી માહિતી ઈસ્માલી કોમની વેબસાઈટે આપી હતી. તેમની દફનવિધિ અને વસિયતનામાનું પઠન આગામી દિવસોમાં કરાશે અને ત્યાર બાદ તેમને શ્રદ્ધાંજલિ આપતો સમારોહ યોજાશે. તેમના અનુગામીઓ તેમને મોહમ્મદ પયંગમ્બર સાહેબના વંશજ માને છે અને તેમને દેશના વડા ગણવામાં આવે છે. જ્યારે તેમના દાદાએ ઈસ્માઈલી મુસ્લિમોની આગેવાની કરવા માટે પસંદ કર્યા ત્યારે તેઓ વિદ્યાર્થી હતા. તેમના દાદાએ કહ્યું હતું કે મારા અનુયાયીઓની આગેવાની નવા યુગમાં ઉછેર મેળવનાર યુવાન માણસ કરશે. દાયકાઓથી આગાખાન મોટા બિઝનેસમેન બનવાની સાથે એક મોટા પરોપકારી બન્યા હતા. તેમના માનમાં ઈસ્માઈલી ભાઈઓએ મંગળવારે અમેરિકામાં અને બીજે બુધવારે સમારોહ યોજ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરીસે અશાંત વિશ્વમાં આગાખાનને શાંતિ, સહિષ્ણુતા અને દયાના પ્રતીક ગણાવ્યા હતા. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ તેમને પોતાના અતિશય સારા મિત્ર અને અસામાન્ય દયાળુ વૈશ્વિક નેતા કહ્યા હતા.

આગાખાને જે ચેરિટી ગ્રૂપોને ટેકો આપ્યો હતો એ જૂથો તરફથી તથા અશ્વદોડની આલમમાંથી શોકના સંદેશા ઓનલાઈન આવવા માંડ્યા હતા.

આગાખાનના દાદાએ અનપેક્ષિત રીતે તેમને કોમના વડા બનાવ્યા ત્યાર બાદ રાણી એલિઝાબેથે તેમને જુલાઈ ૧૯૫૭માં 'હિસ હાઈનેસ'નો ખિતાબ આપ્યો હતો.

### દિલ્હીમાં ભાજપ

નહોતી બની. મતગણતરી આઠ ફેબ્રુઆરીએ થશે.

અહીં મુખ્ય સ્પર્ધા આમ આદમી પાર્ટી (આપ) અને ભાજપની વચ્ચે છે અને ત્રીજો મુખ્ય પક્ષ કૉંગ્રેસ છે.

દિલ્હીમાં મતદાન પાંચ ફેબ્રુઆરીએ સવારે સાત વાગ્યે શરૂ થયું હતું અને સાંજે સાડાછ વાગ્યે પૂરું થયું હતું. ૧.૫૬ કરોડ મતદારે બુધવારે ઉમેદવારોનું ભાવિ નક્કી કર્યું હતું. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ૧૩,૭૬૬ મતદાન કેન્દ્ર પર કુલ ૮૬.૭૬ લાખ પુરુષ, ૭૨.૩૬ લાખ મહિલા અને ૧,૨૬૭ વ્યંઢળ મતદાર હતા. મતદાન વખતે સલામતી વ્યવસ્થા જાળવવા માટે અર્ધલશ્કરી દળની ૨૨૦ ટુકડી ઉપરાંત ૧૯,૦૦૦ હોમ ગાર્ડ, ૩૫,૬૨૬ પોલીસ ગોઠવાઇ હતી. દિલ્હીની 'આપ' સરકારની દારૂ પરની આબકારી જકાત નીતિના કહેવાતા કૌભાંડની અસર મતદાન પર થઇ હોવાનો દાવો ભાજપે કર્યો હતો.

અગાઉ, દિલ્હીમાં ચૂંટણીપ્રચારના અંતિમ દિવસે દરેક પક્ષે પ્રચારમાં જોર લગાવ્યું હતું.

### ચેટજીપીટી

દરમિયાન નાણાં ખાતાએ કાર્યાલયના કમ્પ્યૂટર સહિત અન્ય ઉપકરણો પર એઆઈ ટૂલ્સ કે ઍપ ડાઉનલૉડ કે તેનો ઉપયોગ કરવાનું ટાળવાનો કડક સંદેશો આપ્યો હતો. નાણાં ખાતા હેઠળનાં ડિપાર્ટમેન્ટ ઑફ એક્સપેન્ડિચરે ૨૯ જાન્યુઆરીએ બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે કાર્યાલયના કમ્પ્યુટરમાં એઆઈ ટૂલ્સ અને ઍપના ઉપયોગને કારણે સરકારી ડેટા, ડોક્યૂમેન્ટ્સની ગોપનીયતા સામે જોખમ ઊભું થાય છે. ચીનની ડીપસિક ઍપથી સત્તાવાર યંત્રણાને સુરક્ષિત રાખવા ઑસ્ટ્રેલિયા અને ઈટલી જેવા દેશે આ પગલું લીધું હોવા વચ્ચે ભારતે આ નિર્ણય લીધો છે. (એજન્સી)

### ૩૩ ગુજરાતી

જિગ્નેશકુમાર (મેઉ,મહેસાણા), ઝાલા માહી જિગ્નેશકુમાર (માણસા), ઝાલા જિગ્નેશકુમાર પરબતજી, જયેન્દ્રસિંગ વિહોલ (ખાનુસા, તા. વિજાપુર, ગુજરાત), હિરલબેન વિહોલ (મડાસમા, મહેસાણા), રાજપુત સતવતસિંહ વજાજી (ગણેશપુરા, સિદ્ધપુર), દરજી કેતુલકુમાર હસમુખભાઈ (મહેસાણા), પ્રજાપતિ પ્રેક્ષા જગદીશભાઈ (ગાંધીનગર), ચૌધરી જિગ્નેશકુમાર બળદેવભાઈ (બાપુપુરા, ગાંધીનગર), ચૌધરી રૂચી ભરતભાઈ (ઈન્દ્રપુરા, ગાંધીનગર), પ્રજાપતિ પિન્ટુકુમાર અમૃતલાલ (થલતેજ, અમદાવાદ), પટેલ ખુશ્બુબેન જયંતિભાઈ (વડોદરા), ગોહીલ જીવણજી કચરાજી (ગાંધીનગર).

આ વિમાને બુધવારે બપોરે ૧:૫૫ વાગ્યે અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે ઉતરાણ કર્યું હતું. સલામતી માટે વિમાનમથકની બહાર ભારે સુરક્ષાવ્યવસ્થા કરવામાં આવી હતી અને અવરોધો ઊભા કરી દેવામાં આવ્યા હતા.

સ્વદેશ મોકલી આપવામાં આવેલા અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા ભારતીયોનો આ પ્રથમ બૅચ હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર વિમાનમથકે યોગ્ય ચકાસણી બાદ આ તમામને ઘરે જવા દેવામાં આવ્યા હતા.

સ્વદેશ મોકલવામાં આવેલા ભારતીયોમાંથી કોઈ ગુનાઈત રેકોર્ડ ધરાવે છે કે કેમ તેનાં પર પણ ચકાસણી દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. (એજન્સી)

### સોનું સર્વોચ્ચ

આજે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જાહેર કરેલા એક અહેવાલમાં જણાવ્યું હતું કે વર્તમાન વર્ષ ૨૦૨૫માં સોનાના ભાવ ઊંચી સપાટીએ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં ભારતની વપરાશી અથવા તો જ્વેલરી માટેની માગ નબળી પડશે, જ્યારે રોકાણલક્ષી માગમાં વૃદ્ધિ જોવા મળશે. કાઉન્સિલે વર્તમાન વર્ષ માટે સોનાની માગનો અંદાજ ગત સાલના ૮૦૨.૮ ટન સામે ૭૦૦થી ૮૦૦ ટન આસપાસનો મૂક્યો છે. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે હાજરમાં વેરા રહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૬૩૨ની તેજી સાથે રૂ. ૯૫,૪૨૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઔદ્યોગિક વપરાશકારોની ચાંદીમાં પ્રબળ માગ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ એસોસિયેશનની યાદી અનુસાર વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૪૦ વધીને રૂ. ૮૪,૩૧૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૪૭ વધીને રૂ. ૮૪,૬૫૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી રહી હોવાનું અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની ઊંચે મથાળેથી માગ શાંત હોવાનું સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા ગબડ્યો હોવાથી આયાત પડતરો વધવાથી સોનાની તેજીને વધુ ઈંધણ મળ્યું હતું. અમેરિકા અને ચીન વચ્ચેનું ટ્રેડ વૉર વકરતા વૈશ્વિક સ્તરે પુરવઠાચેઈન ખોરવાઈ જવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૨૮૬૭.૮૯ ડૉલર આસપાસની વિક્રમ સપાટીએ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૫ ટકા વધીને ૨૮૯૧.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.


Narendra Modi
Prime Minister
Government of Maharashtra
HISTORY CREATED IN DAVOS
JOURNEY TOWARDS PROGRESS BEGINS...
15,95,960 Employment
₹ 15,70,604 Crore of Investment
DAVOS
72 Hours
91+ Meetings
61 Memorandam of Understanding (MoUs)
Scan & listen to the success story of Maharashtra in Davos
Devendra Fadnavis
Chief Minister
Eknath Shinde
Deputy Chief Minister
Ajit Pawar
Deputy Chief Minister
Uday Samant
Minister, Industries
Directorate General of Information and Public Relations
Government of Maharashtra

# મુલુંડ-ઐરોલી પુલ પર ૧૧ તારીખ સુધી ટ્રાફિક નિયંત્રણો

મુંબઈ: ઐરોલી બાજુએ ગર્ડર લોન્ચિંગનું કામ ચાલુ હોવાથી ૧૧ ફેબ્રુઆરી સુધી મુલુંડ-ઐરોલી બ્રિજ પર દરરોજ રાતના ૧૧ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી ટ્રાફિક નિયંત્રણો લાદવામાં આવ્યાં છે.

નવી મુંબઈ પોલીસે એક સત્તાવાર જાહેરનામું જારી કરીને વાહનચાલકોને એ સમય દરમિયાન વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.

જાહેર સલામતી સુનિશ્ચિત કરવા અને પ્રોજેક્ટના અમલને સરળ બનાવવા માટે નવી મુંબઈ પોલીસે મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ટ્રાફિક નિયંત્રણો લાદ્યા છે.

બેલાપુરથી થાણે જનારા વાહનચાલકોએ ફાયરબ્રિગેડ રોડ અને શ્રી રામ વિદ્યાલય નજીકના બ્રિજને ટાળીને સેક્ટર ૧,૨ અને ૩ થઇને આંતરિક માર્ગોનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.


## ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી ઓફિસો સ્ટેશન રોડ ૧૧૫૦', ૬૨૯' અને એસ વી રોડ ૫૦૦' આપવી છે. એજન્ટઃ અશ્વિન મર્ચન્ટ 9819874515. (૧૫૫૭૨-બી)**

### ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**

ખરજવું- ચામડીની એલર્જી- વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં- ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૫૨૮)

### ૩૧. નાણાંકીય

PRIVATE FUND AVAILABLE (50 Cr - 1000 Cr) Pan India all Industry. Disbursement within 15 days. Genuine Clients please Call Mr. Goves - 9920689842. (B-15513)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**

**By Civil Engineer Dr. Fixit Applicator Licensed Plumber. Mob. 9833521709. (B-15525)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## સંસ્થા સમાચાર

### રોડ સેફ્ટી માટે કાર રેલી

ઈનર વ્હીલ ડિસ્ટ્રીક્ટ ૩૧૪ દ્વારા થાણે આરટીઓ અને પિંકહોલિક ઈન્ડિયા ફાઉન્ડેશનના સહકારમાં માર્ગ સલામતી માટે જાગૃતિ લાવવા અને મહિલા સશક્તીકરણનો સંદેશ ફેલાવવા કાર રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. એ રેલીમાં અનેક માન્યવરની સાથે ઈનર વ્હીલ ડિસ્ટ્રીક્ટ ૩૧૪ના પ્રોજેક્ટ ચેરમેન મીતા શેઠ અને પિંકોહલિક ટીમના જયશ્રી અને અજિત હાજર હતાં.

### હેન્ડ-મેડ બૅગ બનાવવાની કાર્યશાળાનો લઈ લો લાભ

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા)એ હેન્ડ-મેડ બૅગ બનાવવાની એક કાર્યશાળાનું આયોજન ૧૫ ફેબ્રુઆરી શનિવારે બપોરે બે કલાકે કલાગુર્જરી હૉલ, શ્રી દશરથલાલજોષી પુસ્તકાલય, ડી.જે. રોડ, વિલેપાર્લે (વે)માં કર્યું છે. આ કાર્યશાળામાં લગતી તમામ સાધન-સામગ્રી સંસ્થા દ્વારા આપવામાં આવશે. એ માટે રજિસ્ટ્રેશન પેટે બસો રૂપિયા ભરવા પડશે. રજિસ્ટ્રેશન માટે સંસ્થાનો સંપર્ક કરવો.

### કોંકણ શત્રુંજય ટેંભીનાકા થાણામાં બડી દીક્ષા (પંચમહાવ્રત આરોપણ)નું આયોજન

શ્રી વિ. પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર સમુદાયના દીક્ષા દાનેશ્વરી પ.પૂ.આ.ભ. શ્રી ગુણરત્નસૂરિશ્વરજી મ.સા.ના પદ્યધર પ.પૂ.આ.ભ. શ્રીપૂણ્યરત્નસૂરિશ્વરજી મ.સા. પ.પૂ. આ.ભ. શ્રી યશોસૂરિશ્વરજી મ.સા.પ.પં.પ્રવર શ્રી સ્થિતપ્રજ્ઞા વિજયજી મ.સા. આદિ થાણા-૧૧, અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક, પચાસ ચાતુર્માસની સફળ યાત્રા પૂર્ણ કરનારા વડિલ પ.પૂ. મુનીરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. અને પૂ. મુનીરાજજી શ્રી હેમકીર્તિ વિજયજી મ.સા. આદિ થાણા-૨ની પાવન નિશ્રામાં તાજેતરમાં થાણા (પ.) શ્રી રિષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ અને જ્ઞાતિ ટ્રસ્ટના કોંકણ શત્રુંજય ટેંભીનાકા શ્રી મુનિસુવ્રતસ્વામી નવપદ જિનાલયના શ્રી માણીભદ્રવીર સભાગૃહમાં ભીવંડીમાં દીક્ષિત પૂ. નૂતન મુનીરાજ શ્રી મુનીન્દ્રરત્નવિજયજી મ.સા. અને પૂ.નૂ.મુ.શ્રી ઉપશામરત્નવિજયજી મ.સા.ની બડી દીક્ષા (જૈન મુનીના પાંચ સદાવ્રતોનો સ્વીકાર) કાર્યક્રમ શ્રી રાજસ્થાન શ્વે. મૂર્તિ જૈન સંઘ થાણાના સભ્યો અને મોટી સંખ્યામાં ગુરુભક્તોની ઉપસ્થિતિમાં પાર પડી હતી. પ.પૂ. આ.ભ. શ્રીપૂણ્યરત્નસૂરિશ્વરજી મ.સા. અને શ્રી યશોરત્સૂરિશ્વરજી મ.સા. આદિ થાણા-૧૭નું આગામી ચાતુર્માસ કલ્યાણ (પ.)માં નક્કી થયું છે.

# ફડણવીસને તેમની પુત્રીની ચિંતા છે, તેમને મરાઠા બાળકોની ચિંતા કેમ નથીઃ મનોજ જરાંગે

## દીકરીની પરીક્ષા પછી 'વર્ષા' બંગલોમાં શિફ્ટ થવાની ફડણવીસની સ્પષ્ટતા પર પ્રતિક્રિયા

છત્રપતિ સંભાજીનગરઃ મરાઠા અનામત માટે આંદોલન કરી રહેલા મનોજ જરાંગેએ બુધવારે એવો સવાલ કર્યો હતો કે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તેમની પુત્રીની ખૂબ ચિંતા કરે છે, તેઓ મરાઠા બાળકો માટે આવી જ ચિંતા કેમ નથી બતાવતા અને તેમને અનામત કેમ નથી આપતા? મરાઠા સમુદાય માટે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ક્વોટાની માંગણી સાથે અનેક ભૂખ હડતાળ કરનારા જરાંગેએ મંગળવારે ફડણવીસના નિવેદનનો ઉલ્લેખ કરી રહ્યા હતા કે, તેમણે તેમની પુત્રીની ધોરણ ૧૦ની પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી મુંબઈમાં મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને સ્થળાંતર કરવાનું મુલતવી રાખ્યું છે. પત્રકારો સાથે વાત કરતા જરાંગેએ કહ્યું હતું કે, નઅમે ગઈકાલે એક પિતાનો તેમની પુત્રી પ્રત્યેનો પ્રેમ જોયો.... જો તેમને પોતાની પુત્રી માટે આટલી ચિંતા છે, તો તેઓ મરાઠા સમુદાયના બાળકોની કેમ ચિંતા કેમ કરતા નથી?

## જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ કનાસાના પાડાના સ્વ. કાંતાબેન કાંતીલાલ મહેતાના પુત્ર અમરુભાઈ (અમરચંદ) (ઉં. વ. ૮૮) શનિવાર, તા. ૧-૨-૨૫ના સ્વર્ગવાસી થયા છે. તે સ્વ. રમેશભાઈ, સ્વ. દિનેશભાઈ, મૃદુલાબેન, સા. સમ્યગ રેખાશ્રીજી મ/સા., શાસનરસાશ્રીજી મ., સ્વ. સંયમરસાશ્રીજી મ., સા. સિધ્ધાંતરસાશ્રીજી મ.ના ભાઈ. અનીલાબેનના દિયર. (લૌકિક વ્યવહાર બંધ છે.).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના અરવિંદ મામણીયા (ભુવાશ્રી), (ઉ.વ. ૬૪) તા.૩/૨/૨૫ના અરિહંત શરણ પામ્યા છે. સાકરબાઈ શામજી મામણીયાના પુત્ર. સરલા ના પતિ. કિંજલ, નિધિના પિતાશ્રી. વસનજી, વિનોદ, પુનડીના કસ્તુરબેન (મંજુલા) કલ્યાણજી વીરા, લુણીના મીનાબેન રમણીક માલદેના ભાઈ. ભુજપુરના પાનબાઈ વિજપાર શીવજી દેઢિયા ના જમાઈ. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટાઈમ : ૨ થી ૩.૩૦.

ભચાઉના રતનબેન રામજી સામત નીશર (ઉ.વ. ૯૨) તા. ૦૧.૦૨.૨૦૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. હમીબેન સામત જીવરાજ નીશરના પુત્રવધુ. સ્વ. રામજીભાઈના ધર્મપત્ની. ભાનુ, વસંત, ગીતા, નયનાના માતુશ્રી. સ્વ. દેવઈબેન ડો. વેરશી રામજી ફુરીયા ની દિકરી. તેજબાઈ, સ્વ. પ્રેમજી, તલકશી, શાંતીલાલના બહેન. પ્રાર્થના સમય : બપોરે ૩.૩૦ થી ૫.૦૦ કલાકે. પ્રાર્થના બાદ બરવિધી. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈ). નિવાસ : વસંત રામજી નિસર, દિપ્સી ઓશીયન ટેરેસીસ, શીવાજી પાર્ક, દાદર.

ભુજપુરના હાંસબાઇ વીરજી વેરશી દેઢીયા (ઉ.વ. ૯૧) તા. ૩-૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ભાણબાઇના પુત્રવધુ. નીતા નરેન્દ્ર, વર્ષા મહેન્દ્ર, પુનડી સરોજ કિશોર, ગણીવર્ય પ.પુ. ધર્મરત્નસાગરજી મ.સા., ધર્મિષ્ઠાના માતુશ્રી. રતાડીયા (ગ.)ના સ્વ. આસુભાઇ લાલજીના સુપુત્રી. સ્વ. વશનજી, સ્વ. દામજી, વિનય, વાંકી ચંચલ લવજી, નવિન, ભોરારા ચીમન મુરજીના બહેન. માતૃવંદના : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦.

વિઢના કાંતીલાલ ખીમજી મણશી ગોસર (ઉ.વ. ૮૪) ૩-૨-૨૫ના અવસાન પામેલ છે. નાથબાઇ ખીમજીના પુત્ર. કમળાના પતિ. કલ્પના, હર્ષા, જયશ્રી, ભાવેશના પિતાશ્રી. ભવાનજી, લક્ષ્મીચંદ, ડુમરાના લીલબાઇ રવજી, હાલાપુર મુલબાઇ ભવાનજીના ભાઇ. ભોજાય લધીબાઇ લખમશી ગણશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાંતીલાલ ગોસર, ૩૦૩/મુકેશ, બી.પી.સીંગ ક્રોસ નં ૨, મુલુંડ (વે).

બિદડા (વીંછી ફળીયા)ના મુલચંદ પ્રેમજી ગાલા (ઉ.વ. ૪૭) તા. ૩.૨.૨૦૨૫ ના હાર્ટ ફેઈલથી અવસાન પામેલ છે. વિમળાબેન પ્રેમજીના સુપુત્ર. જાગૃતિના પતિ. પલકના પિતા. મનીષ, ચંદન, મીના, અલ્પાના ભાઈ. માંગરોળના સ્વ. નિર્મળાબેન વિનોદ વાઘેલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુલચંદ પ્રેમજી ગાલા : બી-૩૦૩, બંસી ટાવર, શાંતિ પાર્ક, મીરારોડ (ઈસ્ટ).

રતાડીયા (ગ.) ના રામજી ઉમરશી છેડા (ઉ.વ. ૭૮) તા.૩-૨-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ/જીવીબાઈ ઉમરશી ધારશીના પુત્ર. કસ્તુરબેનના પતિ. રીતેશ, હેતલના પિતા. શાંતિલાલ, ભવાનજી, નાનબાઈ, લક્ષ્મીબાઈ, સાકરબાઈ, પુરબાઈ, કસ્તુરબાઈ, નિર્મળા, પ્રભા, પ્રેમીલાના ભાઈ. વડાલા સુંદરબાઈ ગાંગજી કુંવરજી દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.રામજી છેડા. રૂમ નં.૬, મમતા, ગોપાલ નગર નં.૧, ડોંબિવલી (ઈ).

કાંડાગરા હાલે શીવડીના શ્રી સૂર્યકાંત ગાલા (ઉ.વ. ૮૨) તા. ૪.૦૨.૨૫ મંગળવારના અરિહંતશરણે સીધાવ્યા છે. માતુશ્રી મઠાબાઈ લાલજી ગાલાના પુત્ર. સ્વ. કુમુદબેન (કસ્તુર)ના પતિ. પ્રજ્ઞા, હેમલ, ઓજસ, નિખિલના પિતાશ્રી. ડો.હરેશ, અરૂણના ભાઈ. બિદડાના સુંદરબેન કાનજી પોલડીયાના જમાઈ. પ્રા. નપુ હોલ, માટુંગા (સે.રે.), મુંબઈ. ટા.૩.૦૦ થી ૪.૩૦.

કારાઘોઘાના અ.સૌ. મીના ભરત સૈયા (ઉ.વ. ૫૫) તા. ૪-૨-૨૦૨૫ના અવસાન પામેલ છે. મીઠાંબેન રામજીના પુત્રવધુ. ભરતના ધર્મપત્ની. મીતના માતુશ્રી. લુણી લક્ષ્મીબેન નવીનચંદ્ર દેવજી ધરોડના સુપુત્રી. મીતેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : ભરત સૈયા, પ્લોટ નં.૧૪૦, નવકાર કો.હા.સો., જવાહર નગર, રોડ નં.૯, ગોરેગામ (વેસ્ટ).

મોટા આસંબીયાના ગીરીશ દામજી ગાલા (ઉં.વ. ૬૬) તા. ૪-૨-૨૫ના રોજ અવસાન પામેલ છે. નાની કંકુબાઈ દામજીના પુત્ર. નીતાના પતિ. મહેક, ફોરમના પિતા. મહેન્દ્ર, ઉર્મિલા, વાસંતીના ભાઈ. જયાબેન વલ્લભજીના જમાઈ. પ્રાર્થના : ઝુઇયા હોલ, મલાડ ફાટક પાસે, આનંદ રોડ, સ્ટેશન રોડ, મલાડ (વેસ્ટ). ટા. : બપોરે ૩ થી ૪.૩૦. નિવાસ : ગીરીશ ગાલા, ૧૧૦૨, નક્ષત્ર સોસાયટી, શૈલેન્દ્રનગર, દહીંસર (ઇ.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીઠવડી નિવાસી, હાલ બોરીવલીના સ્વ.શાંતિલાલ રામચંદ્ર શેઠના ધર્મપત્ની શારદાબેન (ઉં.વ. ૮૦) ૪/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભેંસવડીવાળા હાલ અમદાવાદના સ્વ.જગજીવન માણેકચંદ વોરાના દીકરી. કિરીટ, અરવિંદ, સ્વ.રાજુ, સંજય, ભારતી, ગીતા, ભાવના, સોનલના માતુશ્રી. ઉલ્લાસ, નયના, સોનાલિ, ધીરજલાલ ધનેશકુમાર, ભરતકુમાર, રાજેશકુમારના સાસુ. કેવલ, બ્રિજેશ, ક્રિષ, વિરતીના દાદી. રત્નેશ, ધ્વનિલ, પાર્થ, પ્રથમ, પાયલ, અંકિતા, રૂચિતા, ધ્રુવીના નાની. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી, હાલ લુહારચાલ સ્વ.કંચનબેન પ્રભુલાલ વાડીલાલ કાપડિયાના પુત્ર સ્વ.ચીમનલાલ ચુનીલાલ પટવાના જમાઈ કિરીટભાઈ (ઉં.વ. ૭૨) ૩/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. અમિષા નિતેશ મથુરીયા, રોનક અમિત શાહ, કરિશ્મા પુનિત શાહના પિતા. જાનવી, શુભ, સાનવી, વિધિના નાના. પ્રાર્થનાસભા ૬/૨/૨૫ના ૫ થી ૭. ભાટિયા મહાજનવાડી, નવી હનુમાન ગલ્લીની સામે, કાલબાદેવી રોડ, મુંબઈ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ઘાણીથર હાલે મલાડના સ્વ.દામજી માડણ ગાલા (ઉં.વ. ૭૮) શુક્રવાર તા. ૩૧.૦૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ.ઉમાબેન માડણ બેચરના પુત્ર. સ્વ. દિવાળીબેન/ખીમઈબેનના પતિ. વર્ષા, નરેન્દ્ર, નિતિન, જ્યોત્સના, હિના, ભાવના, જતીનના પિતા. પ્રિતી, ગીતા, પ્રાચી, જયંતીલાલ, પ્રદીપ, ભરત, સ્વ. હિમાંશુના સસરા. મુનીરાજ શ્રી તીર્થઘોષ વિ.મ.સા.ના સંસારી દાદા. લાકડીયાના સ્વ. રામુબેન હરખચંદ જીવરાજ વધાણના જમાઈ. પ્રાર્થના સભા તા. ૬.૨.૨૫ સમય ૧૦.૦૦ થી ૧૧.૩૦ સ્થળઃ સ્વામીનારાયણ સંસ્કાર ધામ, શારદા સ્કુલની બાજુમાં, દત્તમંદિર રોડ, મલાડ-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. રતનબેન રામજી સામત નિશર (ઉં.વ. ૯૨) તા. ૧.૨.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. હમીબેન સામત જીવરાજના પુત્રવધૂ. સ્વ. રામજીભાઈના ધર્મપત્ની. ભાનુ, વસંત, ગીતા, નયનાના માતુશ્રી. હેમચંદ, ભાનુ, સ્વ. વિનોદ, ધીરજના સાસુ. નિકુંજ, નેહા, દિપાના દાદી. ડૉ. વેરશી રામજી ફુરીયાની દિકરી. માતૃવંદ્ના/પ્રાર્થના સભા સમય ૩.૩૦ થી ૫.૦૦ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે.દિપ્સી ઓશીયન ટેરેસીસ, શીવાજી પાર્ક, દાદર, મુંબઈ-૨૮.

## હિન્દુ મરણ

હાલ મુંબઈ નિવાસી સ્વ. રવિન્દ્ર મનુભાઈ ચાવડાના ધર્મપત્ની મીનાબેન (ઉં.વ. ૭૫) તે તેજ, પુજા ચોખાનીના માતુશ્રી. રિયા, કૃષાના દાદી. આન્યા ચોખાનીના નાની. જીજ્ઞા, સ્વ. નિખિલ ચોખાનીના સાસુ. હરીભાઈ સોલંકીના દીકરી. તા. ૩-૨-૨૫ના અક્ષરવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૨-૨૫ના સાંજે ૫.૩૦થી ૭.૦૦. સ્થળઃ કે.સી. કોલેજ ઓડીટોરીયમ હોલ, વીર નરીમાન રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.

**નવગામ વિશા દિશાવાળ-વણિક**

મહેસાણા નિવાસી હાલ-કાંદિવલી સ્વ. અરવિંદભાઈ મણીલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. કોકિલાબેન (ઉં.વ. ૮૨) તે હિતેષ, કમલેશ, હેતલ તથા સ્વ. અનિતાના માતુશ્રી. નિશા, અમીતા તથા રાકેશકુમારના સાસુ. અદિતિ, પ્રિયંકા, મીતના દાદી. વત્સલ અને માનવના નાની. મંગળવાર, તા. ૪-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પિયર પક્ષે કલોલ નિવાસી સ્વ. વિઠ્ઠલદાસ બહેચરદાસ શાહની પુત્રી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૨-૨૫ના ૫થી ૭. સ્થળઃ હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલા માળે, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ભુજના સ્વ. વિજયાબેન હરિલાલ મોતીલાલ રૂપારેલના મોટા પુત્રી નિર્મળાબેન (ઉં.વ. ૮૨) તેઓ સ્વ. રેવાબેન રણછોડભાઈ આડઠક્કર ગામ ભદ્રેશ્વરના પુત્રવધૂ. ઈશ્વરલાલ (આનંદકુમાર આડે)ના ધર્મપત્ની. સ્વ. દિપન, સંગીતા હર્ષદ પુજારા, અનિલના માતુશ્રી. ચંદાના સાસુજી. દેવિનાના દાદીમા તા. ૩૧-૧-૨૫ના યેવતમાલ મધ્યે અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**લુહાર-સુથાર**

સ્વ. શારદાબેન સિદ્ધપુરા (ઉં.વ. ૮૭) ગામ-અમરેલી, હાલ-અંધેરી સ્વ. બાલુભાઈ લક્ષ્મણભાઈ સિદ્ધપુરાના ધર્મપત્ની તા. ૪-૨-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. સુભાષભાઈ, ગં.સ્વ. યશવંતીબેન જગદીશકુમાર, ગં.સ્વ. હર્ષાબેન હરેશકુમારના માતુશ્રી. વિશાબેનના સાસુ. સ્વ. હિરાબેન ભીખાભાઈના દેરાણી. શ્રી. ધીરુભાઈ, સ્વ. કાંતાબેન રતિભાઈ ડોડિયાના ભાભી. લીલાબેનના જેઠાણી. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૫ના ગુરુવારના ૪થી૬. સ્થળઃ સન્યાસ આશ્રમ, વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, વિલેપાર્લે (વેસ્ટ).

**ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

દિહેણ નિવાસી સુધીરકાંત ભટ્ટ (ઉં. વ. ૮૪) તેઓ સ્વ. મંજુલા રતિલાલ ભટ્ટના પુત્ર. રેખાબેન ભટ્ટના પતિ. તે વિશ્વજીત, અ. સૌ. ગ્રીષ્મા, અ. સૌ. અમી અને અ. સૌ. પૂર્વીના પિતાશ્રી. બીમલભાઈ, અમિતભાઈ, બિરેનભાઈ અને અ. સૌ. ઈશાબેનના સસરા. ધ્રુવિન, મિતાંશુના દાદા. પૃથા, માનુની, મૈત્રી, હેત્વી અને દેવંશના નાનાજી ૩-૨-૨૫, સોમવારના દેવલોક પામ્યા છે. ઠે. ૭૦૩ આર્કેડ એડોનીયા, ૭મે માળે, ભાગીરથ હાઉસીંગ સોસાયટી, પહાડી સ્કૂલની પાસે, દલવાઈ ક્લિનીકની સામે, ગોરેગામ (ઈ). લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાનીમા વણીક**

પ્રવીણચંદ્ર રસીકલાલ બુટાલા (ઉં. વ. ૯૦) મૂળ વતન મોડાસા હાલ મુંબઈ, સ્વ. શકુન્તલાબેન પ્રવીણચંદ્ર બુટાલાના પતિ. દીપ્તી બુટાલા, સુષ્મા શાહ અને સ્વ. તુપ્તી બુટાલાના પિતાની પ્રાર્થનાસભા ૬-૨-૨૫, ગુરુવારના ૬ થી ૭.૩૦. સ્થળઃ જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજની બાજુમાં, અંધેરી (વે).

**કચ્છી મારુ કંસારા સોની જ્ઞાતિ**

અ.સૌ. કિરણબેન જગદીશભાઈ છત્રાળા હાલ ઘાટકોપર મુંબઈ નિવાસી રવિવાર, તા. ૨-૨-૨૫ના રોજ રામશરણ પામેલ છે. તે જગદીશભાઈ ગંગારામ સોનીના ધર્મપત્ની. સ્વ. લક્ષ્મીબેન તથા ગંગારામ માવજી સોનીના પુત્રવધૂ. સ્વ. મુક્તાબેન અને લક્ષ્મીદાસ નરસિંહ બુદ્ધભટ્ટીના સુપુત્રી. મમતા, શેફાલી, માધવી અને નિમિત્તના માતુશ્રી. અમીતભાઈ આશર, સુશીલ પડવળ અને પાયલ નિમિત્ત સોનીના સાસુ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૨-૨૦૨૫ સાંજે ૪.૦૦થી ૫.૩૦. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, લવંડર બાગની બાજુમાં, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી ભાટિયા**

વર્ષા (ઉં.વ. ૫૮) તે પ્રકાશ ધનજી જેસરાણીના ધર્મપત્ની. હિમાંશી દીપેશ ભાટિયાના માતુશ્રી. સ્વ.કોકિલાબેન (કોકી) નરેન્દ્રભાઈ કરસનદાસ કાપડિયાના દીકરી. જયેશભાઇના બહેન. ૩/૨/૨૫ના દુબઇ મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવા નિવાસી, હાલ વડાલા સ્વ. ઝવેરભાઈ બાલુભાઇ સંઘવીના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ. ૯૧) તે વસંત, હરેન્દ્ર, રેખા ભરત ગાંધી, મયંકના માતુશ્રી. કીર્તિ, આશા, સ્વ.ભરતભાઈ, લલીતાબેનના સાસુ. પિયરપક્ષે સાવરકુંડલા સ્વ.પ્રભુદાસ નારાયણદાસના દીકરી. હેતલ, નેતલ, શીતલ, શીતલ, રાજ, ફોરમ, કરણ, ડિમ્પલ, ચિંતન, રિતેશના દાદી-નાની. ૪/૨/૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ભાયંદર સ્વ.જેકુંવરબેન ગંગાદાસ નરોત્તમદાસ ચિતલીયાના પુત્ર. સ્વ. હંસાબેનના પતિ ભુપતભાઇ (ઉં.વ. ૮૬) ૩/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ચંદુભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. સવિતાબેન અનંતરાય બુસા, સ્વ.મંજુલાબેન મણિલાલ પારેખ, સ્વ.હીરાલક્ષ્મી રમણીકલાલ દોશીના ભાઈ. હડમતાળાવાળા સ્વ. શાંતિલાલ ભાઈચંદ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

ગામ લુંઘીયા હાલ મલાડ વિઠ્ઠલભાઈ દેવરાજભાઇ ભેસાણિયા (ઉં.વ. ૭૦) ૪/૨/૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. મુક્તાબેનના પતિ. રિયા, રિંકુ, વિશાલના પિતા. રતિભાઈ, કનુભાઈ, હિમ્મતભાઈના ભાઈ. અશ્વિન, જયેશ, નિધિના સસરા. ધાનીશના દાદા. દૈવિકના નાના. પ્રાર્થનાસભા ૬/૨/૨૫ના ૫ થી ૭. નિવાસસ્થાન : સ્પેક્ટ્રા એપાર્ટમેન્ટ, નડિયાદવાલા કોલોની નં. ૧, એસ. વી રોડ, મલાડ વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

વરવાળા હાલ નિવાસ મીરારોડ (રંગુનવાળા) બાબુભાઈ બચુભાઈ ઠક્કર(જટણિયા) (ઉં.વ. ૮૭) રવિવાર તા. ૨/૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.સલુણાના પતિ, સ્વ.પરષોત્તમ સચદે (માલાડ)ના જમાઈ. સ્વ.હર્ષા શરણ મૈથિલી, કલ્પના નિતીન મરચન્ટ, સ્વિટી ચેતન શિરોદરિયા અને કરિશ્માના પિતાશ્રી. મીના રાજેશ વિઠલાણી, લતા રાજેશ ઉનડકટ, પિયુષ-હિતીક્ષા, કીર્તન-ક્રિષ્ના,રોમીત-પાયલ, મનિષ-વર્ષા,પિન્કીના કાકા. સ્વ. હરજીવનદાસ,સ્વ.જયંતિ, નલિનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**છારિયા ઉનેવાળ બ્રાહ્મણ**

મુળ દેલવાડા હાલ મીરારોડ સુરેશભાઈ ભાનુશંકર પુરોહિત (ઉં.વ. ૭૩) તા.૩૦/૦૧/૨૫ના કૈલાસવાસી થયા છે. તે હર્ષાબેનના પતિ. સ્વ.અનંતરાય કેશવલાલ શુકલના જમાઈ. રિશી (રાજુ) અને ભક્તિના પિતાશ્રી. સ્વ.મંદાકીનીબેન હસમુખલાલ જોષી ,ભારતીબેન રામચંદ્ર, કિર્તીભાઈના ભાઈ. હિતેષ જોષી અને જાનકીના સસરા. પ્રાર્થનાસભા તા.૦૬/૦૨/૨૫ ગુરુવારના ૪ થી ૬. બાપા સિતારામ મંદિર, અય્યપા મંદિરની બાજુમાં, પૂનમ સાગર રોડ-મીરારોડ.

**હાલાઈ લોહાણા**

મહેશભાઈ મથુરાદાસ વિઠ્ઠલદાસ દાવડા (ઉં.વ. ૬૯) મુ. ગામ મોવાણ હાલ કાંદિવલી, ગં.સ્વ.હિરાબેન મથુરાદાસ દાવડાના પુત્ર. નયનાબેનના પતિ. ચિ.વિશાંક ( બંટી), ઉર્વશી, જયના પિતાશ્રી. હરેશભાઈ, શૈલેષભાઈ (કુમનભાઈ), ગં.સ્વ.મીનાબેન રાજેશકુમાર મૃગ (ઠક્કર), અ.સૌ.અલ્કાબેન અંકુરકુમાર જોબનપુત્રાના ભાઈ. સ્વ.સોમજી હરિદાસ તન્નાના જમાઇ. નાવ્યાના દાદા તા. ૪/૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૨/૨૫ના ગુરુવારે ૪.૩૦ થી ૫.૩૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, ૨જે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

ધરણગામ નિવાસી હાલ કાંદિવલી સ્વ. નિકુંજ દુતિયા (ઉં.વ. ૪૩) તે ઉષા ઉદય દુતિયાના પુત્ર. ભૈરવીના પતિ. ચિ. મનસ્વીના પિતા. સ્વ. દમયંતી દ્વારકાદાસના પૌત્ર. દિનાબેન અજયભાઈ છીછીયાના જમાઈ. પંકજ, સ્વ. આશા સુરેશ ગોકલગાંધી, ગં.સ્વ. ભારતી સુભાષ ભાટિયા, ગં.સ્વ. નીના હરીશ આશર, દિપીકા પરેશ નેગાંધી, સ્વ. શશી હિતેશ મીરાણીના ભત્રીજા. તા. ૧-૨-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૫ના ૫ થી ૬.૩૦. મહાવીર બેન્કવેટ, પંચશીલ આર્કેડ બીલ્ડીંગ, ૧લે માળે, મહાવીરનગર, ડીમાર્ટની સામે, કાંદિવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

રોશન મીનું પટેલ તે મીનું નવરોજી પટેલના ધણીયાની તે મરહૂમો મીસીસ ને મીસ્ટર કલ્યાનીવાલાના દીકરી. તે મીનું કલ્યાનીવાલાના બહેન. તે આલુ નાદરશા ડૉક્ટર તથા મરહૂમો ખોરશેદ, નરગીશ, નાજુ ને ધનના નરન. તે મરહૂમ ફિરોઝ નવરોજી પટેલના ભાભી. (ઉં.વ.૮૪) રે.ઠે.: ફ્લેટ નં. ૨૦૨, ૧લે માળે, સુનીતા કો.ઓ.હા.સોસાયટી, સાન્તાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૫ ને બપોરે ૩.૪૦ કલાકે. બ્રાંદ્રા મધ્યે પંથકી અગ્યારીમાં.

શેરીયાર દિનશાહજી ફોજદાર તે મરહૂમ દિનુ શેરીયાર ફોજદારના ખાવીંદ. તે મરહૂમો આવા તથા દિનશાહજી ફોજદારના દીકરા. તે મરહૂમ નવાઝના પપ્પા. તે મરહૂમો બેજનજી, દારાબશાહ, હોમાય મીનુ બાલદાવાળાના ભાઈ. તે શીરાઝ ઝુબીન રૂહીનુમના કાકા. તે કેશ્મીરા ને મરહૂમ બેહરામના મામા. (ઉં.વ. ૯૫) રે.ઠે.: બિલ્ડિંગ નં. ૧૨/૬, ૨જે માળે, જી.જે. કોલોની, રતન તાતા સ્ટ્રીટ, એ.સી. માર્કેટની નજીક, તારદેવ તુલશીવાડી, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૫ ને બપોરે ૩.૪૫ વાગે. મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં.૧માં

નોશીર એમ દારુવાલા તે અરમઈતીના ધની. તે મરહૂમો દીના માનેકજી દારુવાલાના દીકરા. તે ફરહાદ, મેરઝી, રુકશીનના પપા. તે નાઝનીન, પરવીઝ ને સામ ઈરાનીના સસરા. તે પરસી, જગગુ મરહૂમ નેનસી, ફ્રેની, નેવીલુના ભાઈ. તે જેહાન, ઈયાના, અનાહિતાના બપાવા. (ઉં.વ. ૮૬) રે.ઠે.: પી-૨૧, ખુશરુ બાગ, શહીદસીગ ભગતસીગ રોડ, કોલાબા કોઝવે, મુંબઈ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૨-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે કરાની અગ્યારીમા છેજી.

ગુલશન દારા પટેલ, તે મરહૂમ દારા જહાંગીર પટેલના પત્ની. તે મરહૂમ પેરિન મિનોચેર દારુવાલા અને મરહૂમ મિનોચેર દારુવાલાના પુત્ર. તે સરોશ દારાના માતા. તે અનુના સાસુ. તે અનુશ, જેનાઝના ગ્રાન્ડમધર. તે મરહૂમ જહાંગીરજી અને મરહૂમ ડોશીબાઈના વહુ.

દીનાર મીનુ ખેશવાલા તે મરહૂમ મીનુ અરદેશર ખેશવાલાના વિધવા. તે મરહૂમો મેહરમાય તથા દીનશાહજી શાહના દીકરી. તે રેહબર મીનું ખેશવાલા ને ઝરીર મીનુ ખેશવાલાના મમ્મી. તે દીનાઝ ઝરીર ખેશવાલાના સાસુ. તે ખુશનુમા કૈઝાદ અશુંદરીયાના ગ્રેન્ડમધર. તે ઝીઆન કૈઝાદ અશંદરીયાના ગ્રેટ ગ્રેન્ડ મધર. (ઉં.વ. ૯૧) રે.ઠે.: ફ્લેટ નં. ૪, એ-વિંગ, ગુલ-ધન-આબાદ, એસ. વી. રોડ, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૦૨૫ને બપોરે ૩.૪૦ વાગે જોગેશ્વરી મધ્યે માલકમબાગ અગ્યારીમા.

બખતાવર દીનશા મરચંત તે મરહૂમ દીનશાના ધન્યાની. તે મરહૂમો બનુમાય ને દારબશા એલાવ્યાના દીકરી. તે મરહૂમો પીરોજશા, પેરીન, માનેક, કેકી, ધન ને કેરસીના બહેન. તે હુતોકશી, કેશમીરા, રોહિનતન, રયોમંદ ને, મરહૂમ જેસમીનના માસી. તે બેહરોઝ, મરઝી, લીમજી ને મરહૂમો નરીયોસંગ, શાહરુખના ફુઈ. (ઉં.વ. ૮૮) રે.ઠે.: કાસા કામા, ચોથે માળે, શાંનતી રોડ, જુહુ બીચ, જુહુ મુંબઈ-૪૦૦૦૪૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે અસલાજી અગ્યારીમાં છેજી.

સરોશ ફીરોઝ ઈરાની તે ફરઝાના ના ધની. તે મરહૂમો વીમલ ફીરોઝ ઈરાનીના દીકરા. તે નાઝનીન જે પટેલ અને તીશતાર ઈરાનીના પપ્પા. તે જેહાન એમ. પટેલના સસરા. તે રતન, વીરા, મીના, રોશન ને મરહૂમ નરગીશના ભાઈ. તે નોઅહા ને મયરાના મમાવા. (ઉં.વ. ૫૭) રે.ઠે.: રૂમ નં. ૨, ભોંયતળીયે, બલોક બી-૨, બાલારામ સ્ટ્રીટ, ગ્રેન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે મેહલા પટેલ અગ્યારીમાં છેજી.

હોમાય દારા મિસ્ત્રી તે દારા ટેહમુરસ્પ મિસ્ત્રીના ધણીયાની. તે મરહૂમો પેરીન તથા કેરશી રૂસ્તમજી મિસ્ત્રીના દીકરી. તે મરહૂમ કેકી કેરશી મિસ્ત્રીના બહેન. તે શેરનાઝ, જેસ્મીન ને નીલુફરના મામા. તે મેહરુ બેહરામ ભાદા ને શ્યાલવી કેકી મિસ્ત્રીના નરણ તે મરહૂમો ફ્રેની તથા ટેહમુરસ્પ રૂસ્મતજી મિસ્ત્રીના વહુ. (ઉં.વ. ૮૦) રે.ઠે.: એ-૮, સત્યભામા નિવાસ, આવાબાઈ કાશીનાથ સ્ટ્રીટ, તારદેવ-મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૦૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની વાડીયા બંગલીમાં.

ખરશેદ જે. મિસ્ત્રી તે નરગીશ ખરશેદ મિસ્ત્રીના ખાવીંદ. તે ધનમાયજી તથા જહાંગીરજી મિસ્ત્રીના દીકરા. તે આદિલ ને જેસ્મીન ખરશેદ મિસ્ત્રીના પપ્પા. તે જેનીફર ને એરવદ ફરહાદ સંજાનાના મમાવા. તે દોલત એમ. તોડીવાલાના બનેવી. (ઉં.વ૭૮) રે.ઠે.: એફ-૧, ગોદરેજ બાગ, ઓફ નેપીયનસી રોડ, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૦૨૫ને બપોરે ૩.૪૫ વાગે. મુંબઈ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં. ૬માં.

## છેલ્લા પાનાનું ચાલુ

### મનોરમાં માણસને

રમેશ જાન્યા વરઠા (૬૦) તરીકે થઈ હતી.

બોરશેતીના ગવળીપાડા ખાતે રહેતો વરઠા ૨૯ જાન્યુઆરીની વહેલી સવારે જંગલમાં શિકાર કરવા જઈ રહ્યો હોવાનું પત્ની અમીતાને કહીને ગયો તે પાછો ફર્યો નહોતો. પત્નીએ તેની શોધખોળ કરી મિત્રોને પણ પૂછ્યું હતું, પરંતુ વરઠાની કોઈ ભાળ ન મળતાં પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે મનોર પોલીસે ત્રીજી ફેબ્રુઆરીએ મિસિંગની ફરિયાદ નોંધી હતી.

પોલીસે પ્રાથમિક પૂછપરછ પછી શિકાર માટે જંગલમાં જનારા નવ શકમંદને તાબામાં લીધા હતા. શકમંદોની પૂછપરછમાં પોલીસને ચોંકાવનારી માહિતી મળી હતી.

કહેવાય છે કે ૨૮ જાન્યુઆરીની રાતે ૧૨ ગામવાસી શિકાર માટે જંગલમાંના આલન ડુંગર પર ગયા હતા. ડુક્કરોને શોધીને મારવા માટે ૧૨ જણ જંગલમાં અલગ અલગ જૂથમાં વહેંચાઈ ગયા હતા. બીજી સવારે વરઠા પણ તેમની સાથે શિકાર માટે જોડાવા ગયો હતો, પરંતુ આ વાતની જાણ વરઠાના સાથીઓને નહોતી. વરઠા જંગલમાં ચાલતો જઈ રહ્યો હતો ત્યારે જમીન પર પડેલાં સૂકાં પાંદડાંને કારણે અવાજ આવતો હતો. પગરવ સાંભળી શિકાર માટે ગયેલા ગામવાસીઓમાંના એક સાગર હાડળને લાગ્યું કે ડુક્કર આવી રહ્યું છે. તેણે અવાજની દિશામાં ગોળી ચલાવી હતી, જે વરઠાને વાગી હતી.

ગોળી વાગવાને કારણે વરઠાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ભૂલથી પોતાના જ સાથીને મારી નાખવાને કારણે ગામવાસીઓને આઘાત લાગ્યો હતો. ડરી ગયેલા ગામવાસીઓ ઘટનાની પોલીસને જાણ કરવાને બદલે મૃત્યુ પામેલા સાથીના શબને ગાઢ જંગલમાં ખેંચી ગયા હતા અને ઝાડીઝાંખરાં વચ્ચે સંતાડી દીધું હતું. પકડાયેલા સાથીઓએ આપેલી માહિતી પરથી પોલીસે મૃતદેહની શોધ હાથ ધરી હતી. ગાઢ જંગલમાંથી બુધવારે કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

દરમિયાન જંગલમાં થયેલા ગોળીબારમાં બે જણે જીવ ગુમાવ્યા હતા, જેમાં અંકુશ મેહલોડાનો પણ સમાવેશ થાય છે, એવી અફવાએ જોર પકડ્યું હતું. પોલીસે અંકુશના ઘરે જઈને તેના પરિવારજનોનાં નિવેદન નોંધ્યાં હતાં. અંકુશ બીજી પત્ની સાથે સફાળેમાં રહેતો હતો, પરંતુ લાંબી માંદગી બાદ તે પાછો મનોરના ઘરે આવ્યો હતો. બીમારીને કારણે ૩૦ જાન્યુઆરીએ અંકુશનું મૃત્યુ થયું હોવાનું તેના પરિવારજનોએ જણાવ્યું હતું.

### હવેથી ૫૦-૬૦ માળની

ધરાવતી બહુમાળી ઇમારત માટે, ૧૮૦ મીટર સુધીની ઊંચાઈને મંજૂરી આપવા માટે આવા પ્રસ્તાવ પર નિર્ણય લેવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરને છે. આવા કિસ્સાઓમાં, પ્રોજેક્ટ પ્રસ્તાવકે અન્ય જરૂરી દસ્તાવેજો સાથે સ્ટ્રક્ચરલ ડિઝાઇન, જીઓટેકનિકલ રિપોર્ટ બે સ્વતંત્ર નિષ્ણાતો દ્વારા પ્રમાણિત કરવવા પડશે એટલે કે નિષ્ણાત સ્ટ્રક્ચરલ એન્જિનિયર / પ્રોફેસર, આઈઆઈટી-મુંબઈના જીઓ-ટેકનિકલ નિષ્ણાત, એસપી કોલેજ, અંધેરી, વીજેટીઆઈ, માટુંગા.' શહેરની મોટાભાગના ગગનચુંબી ઇમારતો દક્ષિણ મુંબઈ, મધ્ય મુંબઈ અને પૂર્વના ઉપનગરોમાં બંધાઈ રહી છે.

### સ્કૂલ બસ ફીમાં

કર્યો છે. બસની જાળવણી ખર્ચ વધી ગયો છે. સારી સેવા અને સલામતીના નિયમોનું પાલન કરવા માટે ડ્રાઇવરો, મહિલા સહાયકો અને મેનેજરોને પગાર વધારો ચૂકવવો પડે છે. ઉપરાંત વિદ્યાર્થીઓની સુરક્ષા માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે. પાર્કિંગ ફી બમણી થઈ ગઈ છે. આરટીઓના દંડમાં વધારાથી ખર્ચમાં વધારો થયો છે. આ વધતા ખર્ચને પહોંચી વળવા માટે ફી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારો નવા શૈક્ષણિક વર્ષ એટલે કે પહેલી એપ્રિલથી લાગુ થશે. દરમિયાન, એસબીઓ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો રાજ્ય સરકાર વિદ્યાર્થીઓના પરિવહન માટે ઉપયોગમાં લેવાતા ગેરકાયદેસર વાહનો પર પ્રતિબંધ મૂકશે તો ભાડામાં કોઈ વધારો નહીં કરવામાં આવે.

પહેલી ફેબ્રુઆરીથી મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મીટર ઓટો રિક્ષા અને ટેક્સીના દરમાં ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને કૂલ કેબના ભાવમાં ૮ રૂપિયાનો વધારો થયો છે.

### દસમા-બારમાની

આચરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવશે તો તેને ઉત્તેજન આપનાર અને મદદ કરનાર સામે દખલપાત્ર, બિનજામીનપાત્ર ગુનો નોંધવો જોઈએ એ બાબત પર ભાર મૂકી જણાવવામાં આવ્યું છે કે પરીક્ષાના સમયગાળા દરમિયાન પરીક્ષા કેન્દ્રથી ૫૦૦ મીટરની અંદર ઝેરોક્ષ કેન્દ્ર બંધ રાખવા જોઈએ. પરીક્ષા કેન્દ્રોની આસપાસમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવશે.

### બિલ્ડરના દીકરાનું

ચલાવતા બાળકને જબરદસ્તી કારમાં બેસાડીને ફરાર થતા ફૂટેજમાં દેખાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. અપહરણકારે બાળકના પિતાને ફોન કરી બે કરોડ રૂપિયાની માગણી કરી હતી. આ બાબતે બિલ્ડરે પોલીસને જાણ કરતાં જે નંબર પરથી કૉલ આવ્યો હતો તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે ચાર આરોપીને પકડી પાડી બાળકને છોડાવ્યો હતો. જોકે આ બાબતે વધુ માહિતી આપવાનો પોલીસે ઇનકાર કર્યો હતો.

### મહિલા સાથે

સાથે થઈ હતી. નવેમ્બર, ૨૦૨૨ના છ લાખ અને પછી ૧૪ લાખ રૂપિયા મહિલાએ નાયરને આપ્યા હતા. રોકાણ પણ આકર્ષક વળતરની લાલચ નાયરે આપી હતી. સારા વળતરની લાલચે બે ટ્રાન્ઝેક્શન દ્વારા મહિલાએ ૨૦ લાખ રૂપિયા નાયરને આપ્યા હતા. રિયાલિટી શો 'ડાન્સ ઈન્ડિયા ડાન્સ'ની ફાઈનલ સુધી પહોંચેલા નાયરે શરૂઆતમાં ૧૧ મહિના સુધી મહિલાને રોકાણ પરનું વળતર ચૂકવ્યું હતું. જોકે બાદમાં ડિસેમ્બર, ૨૦૨૩થી તેણે નાણાં ચૂકવવાનું બંધ કરી દીધું હતું, એવું ફરિયાદમાં જણાવાયું હતું. મહિલાએ પોલીસ ફરિયાદ કરતાં નાયરે અમુક રકમ આપી પણ હતી, પરંતુ બાકીની રકમ તે ચૂકવતો નહોતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી, પરંતુ તેની ધરપકડ કરી નહોતી. જોકે તેની વિરુદ્ધ પોલીસે લુકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કર્યું હતું. મંગળવારે દુબઈ જવા માટે નાયર મુંબઈના ઍરપોર્ટ પર પહોંચ્યો ત્યારે ઈમિગ્રેશન અધિકારીએ તેને રોક્યો હતો. ઍરપોર્ટ અધિકારીએ કરેલી જાણ પછી ઓશિવરા પોલીસે નાયરને તાબામાં લીધો હતો. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કોલ્હાપુરમાં ખોરાકી ઝેરની ૨૫૦થી વધુ લોકો પર અસર

મુંબઇઃ પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં એક ગામમાં મેળામાં હાજરી આપ્યા બાદ ફૂડ પોઇઝનિંગને કારણે ૨૫૦થી વધુ લોકો બીમાર પડ્યા હોવાનો બનાવ બન્યો છે. આ બધાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર બાદ તેમાના ઘણા લોકોને રજા આપવામાં આવી હતી. સારવાર હેઠળના અન્ય લોકોની હાલત પણ સ્થિર છે.

આ મામલે પોલીસે જણાવ્યું હતું કે ગામમાં મંગળવારે એક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રસાદ તરીકે દૂધમાંથી બનાવવામાં આવેલી ખીર લોકોને આપવામાં આવી હતી. પ્રસાદ લીધા બાદ બુધવારે સવારે ઘણા લોકોને તાવ, ઝાડા, ઉલટીની ફરિયાદ થવા લાગી હતી. શંકાસ્પદ ફૂડ પોઇઝનિંગને કારણે ગામના લગભગ ૨૫૫ લોકો બીમાર પડી ગયા હતા.

પોલીસે એમ પણ જણાવ્યું હતું કે મોટા ભાગના લોકોએ મેળામાં ખીરનો પ્રસાદ આરોગ્યો હતો. જોકે, ત્યાં ખાણીપીણીના બીજા સ્ટોલ્સ પણ હતા. તેથી હાલમાં દૂધની ખીર ખાવાથી જ લોકો બીમાર પડ્યા હતા કે પછી અન્ય સ્ટોલ્સ પરથી ખાવાનું ખાવાથી લોકો બીમાર પડ્યા હતા, એ કહેવું મુશ્કેલ છે. જોકે, સારી વાત એ છે કે બધાની તબિયત સારી છે અને ચિંતાનું કોઇ કારણ નથી. મોટા ભાગના લોકોને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. હાલમાં મેળામાંથી એકત્રિત કરાયેલા ખાદ્ય સામગ્રીના નમૂનાઓ ફોરેન્સિક લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તપાસ બાદ ફૂડ પોઇઝનિંગની પુષ્ટિ થશે. ■

# હવે પાકું... શરીફુલે જ કર્યો સૈફ પર હુમલો

## ફરિયાદી અને સાક્ષીએ ફર્સ્ટ મૅજિસ્ટ્રેટ સમક્ષ હુમલાખોર તરીકે શરીફુલને ઓળખી કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રાના ફ્લૅટમાં ઘૂસી બોલીવુડના સ્ટાર સૈફ અલી ખાન પર આરોપી શરીફુલ ફકીર ઉર્ફે વિજોય દાસે જ હુમલો કર્યો હોવાનું હવે પાકું થઈ ગયું હતું. ફર્સ્ટ મૅજિસ્ટ્રેટ તરીકે હાજર તહેસીલદાર સમક્ષ ફરિયાદી અને સાક્ષીએ શરીફુલને હુમલાખોર તરીકે ઓળખી કાઢ્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

સૈફ પર હુમલાના કેસમાં બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઈસ્લામ શહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦)ની ધરપકડ કરવામાં આવી હતી. બુધવારે બાન્દ્રા પોલીસે શરીફુલની ઓળખ પરેડ કરી હતી. ઓળખ પરેડમાં સૈફ પર હુમલો કરનારો અને ધરપકડ કરાયેલો આરોપી એક જ હોવાની ખાતરી થઈ હતી. ઓળખ પરેડ પોલીસ માટે મહત્ત્વનો પુરાવો હોવાનું એક અધિકારીનું કહેવું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ બાન્દ્રા પોલીસે મુંબઈ સબર્બન કલેક્ટરની પરવાનગીથી બુધવારે આર્થર રોડ જેલમાં ઓળખ પરેડ માટે તહેસીલદારની વ્યવસ્થા કરી હતી. ફરિયાદી ઈલિયામા ફિલિપ (૫૬) સાથે એક નોકરાણીને બુધવારે આર્થર રોડ જેલમાં લઈ જવામાં આવી હતી. ફિલિપ સૈફના પુત્રની કેરટેકર હોવાનું પોલીસનું કહેવું છે. બન્ને જણે ખાતરી કરી હતી કે સૈફ પર હુમલો કરનારો યુવાન અને ધરપકડ કરાયેલો શરીફુલ એક જ છે.



**શહેરમાં વસેલું ગામડુંઃ** પરેલમાં દેશની ગ્રામીણ સંસ્કૃતિની ઝાંખી કરાવતો મહોત્સવ શરૂ થયો છે. આમાં ગામનાં ઘરોથી લઈને ખેડૂતો તથા બળદગાડાઓની સુદ્ધાં પ્રતિકૃતિઓ ઊભી કરાઈ છે. (જયપ્રકાશ કેળકર)

# કારે બાઈકને ટક્કર મારતાં ફૂડ ડિલિવરી બૉયનું મૃત્યુ

નાગપુરઃ નાગપુરમાં પૂરપાટ દોડતી કારે બાઈકને ટક્કર મારતાં ફૂડ ડિલિવરી એજન્ટનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનો મિત્ર ગંભીર રીતે ઘવાયો હતો.

ધનતોલી પોલીસ સ્ટેશનની હદમાં અજની સ્ક્વેર ખાતે સોમવારની રાતે બનેલી આ ઘટનામાં પોલીસે કારના ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ બન્ને જણ બાઈક પર પાર્સલ ડિલિવરી કરવા જઈ રહ્યા હતા ત્યારે કારે તેમને અડફેટે લીધા હતા. બન્નેને માયો હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ચેતન રાજેશ્વર ગાવડે (૨૨)ને તબીબે મૃત જાહેર કર્યો હતો.

ગાવડે ઑનલાઈન ફૂડ ડિલિવરી ઍપ માટે કામ કરતો હતો. અકસ્માતમાં જખમી ગાવડેના ૨૩ વર્ષના મિત્રને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ પ્રકરણે અજની રેલવે ક્વાર્ટર્સમાં રહેતા કાર ડ્રાઈવર અજનાન ઈઝરાર હુસેન (૨૫)ની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મ્હાડા પાંચ વર્ષમાં આઠ લાખ ઘર બાંધશે

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) આગામી પાંચ વર્ષમાં આખા રાજ્યમાં આઠ લાખ ઘરો બાંધશે.

મહારાષ્ટ્રના ગૃહનિર્માણ અને નગરવિકાસ ખાતાના પ્રધાન એકનાથ શિંદેએ કોંકણ વિભાગના ૨,૧૪૭ ઘર અને ૧૧૭ પ્લોટ માટેની લોટરી વખતે આ જાહેરાત કરી હતી.

મ્હાડામાં લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે, કેમ કે તેનો કારભાર પારદર્શક લોટરી સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અત્યારની લોટરીમાં ૨૧૪૭ ઘર માટે ૩૧,૦૦૦ લોકોએ અરજી કરી હતી.

શિંદેએ ભારપૂર્વક ક્લસ્ટર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની આવશ્યકતા વ્યક્ત કરી હીત અને કહ્યું હતું કે વર્તમાન નગર વિસ્તારોમાં સુઆયોજિત શહેરો તૈયાર કરવા માટે આ આવશ્યક છે.

નવમી ફેબ્રુઆરીએ થાણેમાં કેટલાક ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવશે એમ તેમણે કહ્યું હતું.

મ્હાડાના ઘરની બાંધકામની ગુણવત્તા છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી સુધરી છે, એમ પણ તેમણે કહ્યું હતું.

રાજ્ય સરકારની નવી ગૃહનિર્માણ પોલીસમાં કાપડ મિલોના કામગારો અને મુંબઈના પ્રખ્યાત ડબ્બાવાળાઓને સમાવિષ્ટ કરવામાં આવશે અને પરવડી શકે તેવા ઘરો બાંધવાની વ્યવસ્થા કરવામાં આવશે એમ પણ તેમણે કહ્યું હતું.

નવી સરકારના એજન્ડામાં સૌને માટે પરવડી શકે તેવા ઘરોનું નિર્માણ કરવાનો મુદ્દો અગ્રક્રમે છે. ■

### ક્રેડાઇ એમસીએચઆઇ થાણે પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૫

# ‘સપનાનું ઘર’ શોધવા માટે આદર્શ સ્થળ છે થાણે

થાણે હવે માત્ર મુંબઈનું સેટેલાઈટ શહેર નહીં રહેતા એક ગતિશીલ અને સ્વાયત્ત શહેરી કેન્દ્ર બની ગયું છે જે મોટા પરિવર્તન માટે તૈયાર છે. આ વિકાસ બહુવિધ પાસાઓ જેવા કે સુધરેલી કનેક્ટિવિટી અને માળખાગત પહેલને કારણે થયો છે અને એ થાણેના રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપને નવું સ્વરૂપ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે એવો મત જિતેન્દ્ર મહેતા, પ્રમુખ, ક્રેડાઇ એમસીએચઆઇ થાણએ વ્યક્ત કર્યો છે.

આ શહેર નોકરી ધંધા પરથી પાછા ફરતા લોકો માટે કેવળ રાતની નીંદર લેવાનું સ્થળ નથી રહ્યું બલ્કે હવે એ ગ્લોબલ સિટી બની ગયું છે. થાણા શહેરને પોતાનું ઘર બનવાનું પસંદ કરનારા તમામ લોકોના જીવનની ગુણવત્તામાં વધારો કર્યો છે.

રિયલ એસ્ટેટમાં, મોટા ભાગનાં કેન્દ્રો કાં તો રોકાણકાર-સંચાલિત અથવા વપરાશકર્તા સંચાલિત હોય છે. થાણેમાં ફરક એ છે કે રિયલ એસ્ટેટ માર્કેટને વેગ આપવા માટે રોકાણકારો અને વપરાશકર્તા એમ બંને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેએલએલ ઇન્ડિયાના એક રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે છેલ્લા પાંચ વર્ષમાં થાણેમાં પ્રોપર્ટીના ભાવમાં વાર્ષિક ધોરણે સતત ૭ ટકાનો વધારો થયો છે. આ વધારો રાષ્ટ્રીય સરેરાશ કરતા નોંધપાત્ર રીતે વધારે છે. આ વધારો રહેણાંક અને કમર્શિયલ જગ્યાની વધતી માગને સૂચવે છે.

પરવડે એવા આવાસથી માંડીને લક્ઝરી સુધીના વિવિધ બજેટના પ્રોપર્ટી વિકલ્પો થાણેમાં ઉપલબ્ધ છે. વિવિધ કિંમત ધરાવતા વિશાળ સંખ્યામાં ઘર ઉપલબ્ધ હોવાથી થાણે રોકાણકારો અને રહેવા માટે પ્રોપર્ટી ખરીદનારા એમ બંને માટે એક આકર્ષક વિકલ્પ તરીકે ઉપલબ્ધ થાય છે.

પાયાની સગવડોમાં થયેલો વિકાસ થાણેની રિયલ એસ્ટેટને મજબૂત બનાવે છે. હાલ ચાલી રહેલા તેમજ આગામી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને કારણે થાણાના રિયલ એસ્ટેટ માર્કેટને નોંધપાત્ર વેગ મળ્યો છે. આને કારણે થાણે અને મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટીમાં તેમજ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)નાં મુખ્ય શહેરો વચ્ચે પણ કનેક્ટિવિટીમાં સુધારો થશે.

થાણેમાં મેટ્રો લાઇન બે સ્તરે કામ કરશે. પ્રથમ, ભિવંડી-કલ્યાણ તેમજ મુંબઈના મધ્ય ઉપનગરો અને ટાપુ શહેર સાથે જોડાશે. બીજું, આંતરિક મેટ્રો, જે આંતરિક લાઇનને લાંબા અંતરની બંને લાઇનો સાથે જોડીને આંતરિક જોડાણ વધારશે. તાજેતરના એક અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે થાણેમાં મેટ્રો લાઇનો પરની પ્રોપર્ટીઓની કિંમતમાં ૨૦૨૭ સુધીમાં ૧૫-૨૦ ટકાનો વધારો થશે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૦૨૩ના શક્યતા અભ્યાસમાં જળમાર્ગોની નજીક પ્રોપર્ટીની માગમાં વધારો થવાની સંભાવનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. થાણે-કલ્યાણ જળમાર્ગ પ્રોજેક્ટ થાણે થઈને વસઈ અને કલ્યાણને અને નવી મુંબઈ અને ઉત્તર મુંબઈને જોડતો જળમાર્ગ સ્થાપિત કરશે. આ પ્રોજેક્ટ મુસાફરીનો સમય ઘટાડશે અને એક મનોહર પરિવહન વિકલ્પ પૂરો પાડશે તેવી અપેક્ષા છે.

થાણેમાં ફક્ત કનેક્ટિવિટી વધારવાને કારણે પરિવર્તન નથી - સ્માર્ટ સિટી મિશનનો વિચાર કરો, જે થાણેને ટેકનોલોજીની રીતે અદ્યતન, ટકાઉ શહેરમાં પરિવર્તિત કરશે. થાણે સ્માર્ટ સિટી લિમિટેડના ૨૦૨૨ના અહેવાલમાં એવી પહેલની યાદી આપવામાં આવી છે જે પર્યાવરણ પ્રત્યે સભાન રહેવાસીઓને આકર્ષિત કરશે, જેમાં ઉન્નત કચરો વ્યવસ્થાપન, સ્માર્ટ પરિવહન પ્રણાલીઓ અને કાર્યક્ષમ શાસનનો સમાવેશ થાય છે.

આ પહેલો સામૂહિક રીતે થાણેના જીવનની ગુણવત્તા, ટકાઉપણું સુધારશે અને કનેક્ટિવિટી સાથે, થાણેને રહેવાસીઓ અને રોકાણકારો માટે વધુને વધુ આકર્ષક સ્થળ બનાવશે.

શહેરનું અર્થતંત્ર સમૃદ્ધ થઈ રહ્યું છે, વધતી જતી આવક અને જીવનની ગુણવત્તા થાણેમાં હાઇ-સ્ટ્રીટ રિટેલ જગ્યાઓ, મલ્ટિપ્લેક્સ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સની માંગને ઉત્તેજીત કરશે. ઓફિસ માટે વધુ જગ્યાઓ બનાવાતાં અને કોર્પોરેટ્સ એકીકૃત થઈને થાણેમાં સ્થળાંતર થતાં નોકરીઓ વધશે. થાણેમાં હોસ્પિટાલિટી ઉદ્યોગમાં મોટો ઉછાળો જોવા મળશે અને વૈશ્વિક હોટેલ બ્રાન્ડ્સ પણ થાણેમાં પ્રોજેક્ટ્સની જાહેરાત કરવા માટે તૈયાર છે. હાઇ-સ્ટ્રીટ રિટેલથી લઈને મૉલ્સ સુધી, થાણેના કોમર્શિયલ ક્ષેત્રમાં મોટા રોકાણ જોવા મળ્યા છે.

જેમ જેમ થાણે એક આધુનિક, કાર્યક્ષમ અને ટકાઉ શહેરમાં પરિવર્તિત થઈ રહ્યું છે, તેમ તેમ તેના રહેવાસીઓ જીવનની ગુણવત્તામાં સુધારો અનુભવી રહ્યા છે, અને ઇચ્છનીય પ્રોપર્ટી ડેસ્ટિનેશન તરીકે તેની પ્રતિષ્ઠા વધી રહી છે. આ પરિવર્તન થાણેને નવી ઊંચાઈઓ પર લઈ જવા,

કદાચ, એમએમઆરમાં મિલકત શોધનારાઓની પહેલી પસંદગી બનવા માટે તૈયાર છે. ■

# થાણેમાં ઓઇલ ટ્રક પલટી મારતા ટ્રાફિક ખોરવાયો

થાણેઃ થાણેમાં ગઈ કાલે સવારે ઇન્ડસ્ટ્રિયલ તેલના બેરલ લઈ જતો એક ટ્રક પલટી જતા હાઇવે પર તેલ ઢોળાયું હતું. જેના કારણે કેટલાક કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે, મુંબ્રા વિસ્તારના કૌસા ખાતે એક હોસ્પિટલ નજીક સવારે ૮.૦૭ વાગ્યે થયેલા આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર અને ૧૭ વર્ષીય હેલ્પરનો આબાદ બચાવ થયો હતો.

૨૧ ટન ‘કટિંગ ઓઈલ’ (ધાતુ કાપતી વખતે લુબ્રિકેટ કરવા અને ઠંડા સાધનો માટે વપરાતું) ના બેરલ લઈને જતી ટ્રક વસઈથી બેંગલુરુ જઈ રહી હતી ત્યારે તેના ડ્રાઈવરે વ્હીલ્સ પરનો કાબૂ ગુમાવ્યો. પરિણામે, ટ્રક પલટી ગઈ અને ઘણા બેરલ ફાટી ગયા અને રસ્તા પર ૨૦૦ મીટર સુધી તેલ છલકાઈ ગયું, એમ અધિકારીએ જણાવ્યું.

શહેર ટ્રાફિક પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને ફાયર વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

તડવીએ જણાવ્યું હતું કે, લપસણી સપાટીને રોકવા અને મુસાફરો માટે સંભવિત જોખમો ઘટાડવા માટે ઢોળાયેલા તેલ પર માટી નાખવામાં આવી હતી. અકસ્માતને કારણે થાણેથી શિલફાટાને જોડતા હાઇવે પર ટ્રાફિક જામ થયો હતો, જેના કારણે લગભગ ત્રણ કલાક સુધી એક જ લેનમાં વાહનવ્યવહાર બંધ રહ્યો હતો. બાદમાં, સામાન્ય ટ્રાફિક પ્રવાહ પુનઃસ્થાપિત થયો, એમ તેમણે જણાવ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, પલટી ગયેલા ટ્રકમાંથી બેરલ વાહન માલિક અને સંબંધિત કંપની દ્વારા યોગ્ય પ્રક્રિયા પછી મેળવવામાં આવશે. ■

# એનસીપી (એસપી)ના એકનાથ ખડસે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના નેતા એકનાથ ખડસે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના સત્તાવાર નિવાસસ્થાને મળ્યા હતા, એમ સૂત્રો પાસેથી બુધવારે જાણવા મળ્યું હતું.

મુખ્ય પ્રધાનના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે, મંગળવારે રાત્રે દક્ષિણ મુંબઈમાં ફડણવીસના વર્તમાન સત્તાવાર બંગલા ‘સાગર’ ખાતે આ મુલાકાત થઈ હતી.

ખડસે કોઈ અંગત કામ માટે મુખ્ય પ્રધાનને મળ્યા હતા. તે કોઈ રાજકીય મુલાકાત નહોતી, એમ જણાવવામાં આવ્યું હતું આવી જ રીતે તેમણે બેઠક દરમિયાન શું થયું તેની કોઈ વિગતો જાહેર કરવામાં આવી નહોતી.

લગભગ ચાર દાયકા સુધી ભારતીય જનતા પાર્ટી સાથે રહેલા ખડસેએ ૨૦૧૬માં તેમના પરિવાર દ્વારા વિવાદાસ્પદ જમીન ખરીદીને કારણે ફડણવીસના નેતૃત્વ હેઠળના મહારાષ્ટ્ર પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું હતું. બાદમાં, તેઓ ભાજપ છોડીને શરદ પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા.

ગયા વર્ષે લોકસભાની ચૂંટણી પહેલા, ખડસેએ ભાજપમાં પાછા ફરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે શક્ય બન્યું નહોતું. ત્યારબાદ તેમણે ફડણવીસ પર તેમના પાછા ફરવાને રોકવાનો આરોપ લગાવ્યો હતો. તેમની પુત્રવધૂ રક્ષા ખડસે યુવા બાબતો અને રમતગમત ખાતાના કેન્દ્રીય રાજ્યકક્ષાના પ્રધાન છે. ■

# સંત તુકારામના વંશજ શિરિષ મોરે મહારાજે આત્મહત્યા કરી

પુણેઃ ૧૭મી સદીના મરાઠી કવિ-સંત તુકારામના ૧૧મા વંશજ અને કીર્તનકાર શિરિષ મોરે મહારાજે કથિત આત્મહત્યા કરી હતી.

૩૨ વર્ષના શિરિષ મહારાજના દેહુ રોડ વિસ્તારમાં આવેલા ઘરમાંથી સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં નાણાભીડને કારણે પોતે અંતિમ પગલું ભરી રહ્યાનો તેમાં ઉલ્લેખ કરાયો હતો.

બુધવારે સવારે પરિવારજનોએ શિરિષ મહારાજની રૂમનો દરવાજો ખટખટાવ્યો હતો, પણ અંદરથી કોઇ પ્રતિસાદ મળ્યો નહોતો. આથી તેમણે પોલીસને જાણ કરી હતી. આથી પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રૂમનો દરવાજો તોડીને તેઓ અંદર પ્રવેશ્યા હતા, જ્યાં શિરિષ મહારાજ છત સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા, એમ પિંપરી-ચિંચવડ પોલીસે કહ્યું હતું.

દરમિયાન તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ અંગે તપાસ આદરી હતી. શિરિષ મોરે મહારાજ જાણીતા કીર્તનકાર અને આધ્યાત્મિક વક્તા હતા, જે સમુદાયમાં આદરણીય હતા.(પીટીઆઇ)■

# સગીર વિદ્યાર્થિની ત્રણ દિવસથી ગુમઃ અપહરણનો ગુનો દાખલ

## પરિવારજનો મળ્યા એકનાથ શિંદેને

થાણેઃ થાણેમાં ત્રણ દિવસ અગાઉ શાળામાંથી છૂટયા બાદ ૧૪ વર્ષની વિદ્યાર્થિની રેલવે સ્ટેશન નજીકથી ગુમ થઇ હતી, જેને પગલે પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તેની શોધ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. વિદ્યાર્થિની સોમવારે બપોરે ૧૨.૫૫ વાગ્યે શાળામાંથી બહાર આવી હતી અને ઘરે જવાને બદલે તે થાણે રેલવે સ્ટેશન તરફ ગઇ હતી. ત્યાર બાદ તે ગુમ થઇ હતી.

વિદ્યાર્થિની ઘરે પાછી ન ફરતાં ચિંતિત પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પરિવારજનો બાદમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તથા થાણે શહેરના વિધાનસભ્યને પણ મળ્યા હતા અને અને વિદ્યાર્થિનીને શોધવા માટે મદદ માગી હતી.

થાણે નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે રવિવારે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

દરમિયાન બુધવારે મોટી સંખ્યામાં નાગરિકો થાણેમાં એકનાથ શિંદેના નિવાસસ્થાન ખાતે એકઠા થયા હતા અને વિદ્યાર્થિનીને શોધવા માટે મદદ માગી હતી. વિદ્યાર્થિનીના પરિવારજનો શિંદેને મળ્યા બાદ શિંદેએ તાત્કાલિક પોલીસને કૉલ કર્યો હતો અને વિદ્યાર્થિની શોધ વધુ તીવ્ર બનાવવાની સૂચના પોલીસને આપી હતી.

ગ્રૂપના કેટલાક સભ્યોએ સીસીટીવી ફૂટેજનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થિની બ્રિજ પર એકલી ચાલતી હતી અને એક મહિલા અને પુરુષ તેની પાછળ પાછળ આવી રહ્યાં હતાં. વિદ્યાર્થિની બાદમાં પનવેલ રેલવે સ્ટેશન પર જોવા મળી હતી. જોકે પોલીસે હજી સીસીટીવી ફૂટેજ પર કોઇ ટિપ્પણી કરી નથી. (પીટીઆઇ)■

# ફરિયાદીના કેસમાં વિસંગતિઓઃ ગૅન્ગસ્ટર સુરેશ પૂજારીનો હત્યાના આરોપમાંથી છુટકારો

થાણેઃ ફરિયાદીના કેસમાં ઘણી વિસંગતિ હોવાનું જણાવી થાણાની વિશેષ અદાલતે ૨૦૧૭માં એક હોટેલિયરની હત્યાનો પ્રયાસ અને ખંડણી કેસમાં મકોકા હેઠળ આરોપી ગેંગસ્ટર સુરેશ પૂજારી અને અન્ય ચાર જણને નિર્દોષ જાહેર કર્યા છે.

ફરિયાદ પક્ષ ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ મૂળભૂત ગુનો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હોવાથી આરોપીઓ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) હેઠળના ગુના માટે શંકાનો લાભ મેળવવા માટે પણ હકદાર છે એમ વિશેષ અદાલતના ન્યાયમૂર્તિ અમિત એમ શેટ્ટેએ પહેલી ફેબ્રુઆરીએ આપેલા આદેશમાં જણાવ્યું હતું.

ફરિયાદ પક્ષ વાજબી શંકાથી પર રહીને આ કેસમાં આરોપીની સંડોવણી પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો, એમ કોર્ટના આદેશમાં જણાવાયું હતું. આદેશની નકલ બુધવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ગેંગસ્ટર રવિ પૂજારીના જૂના સાગરીત સુરેશ પૂજારી ઘણા વર્ષો સુધી ફરાર રહ્યા બાદ ૨૦૨૧માં તેને ફિલિપિન્સથી ભારત મોકલી દેવામાં આવ્યો હતો. આ ગેંગસ્ટર સામે મુંબઈ, નવી મુંબઈ અને થાણાના પોલીસ સ્ટેશનમાં ૫૦થી વધુ ખંડણીની એફઆઈઆર નોંધાયેલો છે. પોલીસે દાવો કર્યો હતો કે આરોપીઓ સંગઠિત ગુનાખોર સીન્ડિકેટ સાથે સંકળાયેલા હતા અને હોટલના માલિક પાસેથી પૈસા પડાવવાના પ્રયાસમાં સામેલ હતા. ફરિયાદીના કેસમાં ઘણી વિસંગતિ છે એમ જણાવી સુનાવણીના લગભગ સાત વર્ષ પછી અદાલતે આરોપો ફગાવી દીધા હતા. (પીટીઆઇ)■

# બદલાપુરમાં સગીરા સાથે દુષ્કર્મઃ કૉલેજના વિદ્યાર્થીની ધરપકડ

થાણેઃ બદલાપુરના ફાર્મહાઉસમાં ૧૭ વર્ષની સગીરા સાથે કથિત દુષ્કર્મ કરવા પ્રકરણે પોલીસે કૉલેજના વિદ્યાર્થીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના બદલાપુર ખાતે ૨૮ જાન્યુઆરીએ બની હતી. જોકે આ મામલે સગીરાની માતાએ મંગળવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બદલાપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૧૯ વર્ષનો આરોપી સગીરાને બારવી ડેમ પાસેના ફાર્મહાઉસમાં લઈ ગયો હતો, જ્યાં તેની સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું. સગીરાએ તેની સાથે બનેલી ઘટનાની જાણ માતાને કરી હતી. માતા આંગણવાડી શિક્ષિકા હોવાનું પોલીસનું કહેવું છે. આ પ્રકરણે સગીરાની માતાની ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ઘાટકોપરમાં ૪૩ ગેરકાયદે બાંધકામનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન બહાર રસ્તા પર તથા ફૂટપાથ પર રહેલા ગેરકાયદે બાંધકામ સામે પાલિકાએ કાર્યવાહી કરી હતી અને ૪૩ બાંધકામનો સફાયો કર્યો હતો. પાલિકાના ‘એન’વોર્ડના જણાવ્યા મુજબ ઘાટકોપર (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન બહાર ઝુનઝુનવાલા કોલેજથી રામરહિમ મિત્ર મંડળ દરમ્યાન રસ્તા અને ફૂટપાથ પર ૪૩ ગેરકાયદે શેડ અને અતિક્રમણ છેલ્લા અનેક વર્ષોથી અહીં હતાં. રેલવે સ્ટેશનને અડીને આવેલો આ પરિસરમાં રેડલાઈટ એરિયા ગણાતો હતો અને સ્થાનિક નાગરિકો દ્વારા તેને હટાવવા બાબતે અનેક વખત ફરિયાદ પણ કરી હતી. નાગરિકોની ફરિયાદ બાદ ‘એન’વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર ગજાનન બેલ્લાળે અને ઝોન છના ડેપ્યુટી કમિશનર સંતોષકુમાર ધોંડેના નેતૃત્વમાં મંગળવાર અને બુધવાર એમ સતત બે દિવસ અહીં રહેલા ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# પુણેમાં પચીસ વાહનોની તોડફોડ કરવા બદલ ત્રણની ધરપકડ

પુણેઃ પુણેમાં મોટરસાઇકલ પર આવેલા ત્રણ આરોપીએ રસ્તાને કિનારે પાર્ક કરાયેલી રિક્ષા, કાર સહિત પચીસ જેટલાં વાહનોની તોડફોડ કરી હતી.

ત્રણેય આરોપીની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી અને આરોપીઓએ દાવો કર્યો હતો કે તેમણે બિબવેવાડી વિસ્તારમાં કોઇ પણ કારણ વિના વાહનોને નુકસાન પહોંચાડ્યું હતું.

બુધવારે મોડી રાતે ૧.૪૦ વાગ્યાની આસપાસ ત્રણેય આરોપી મોટરસાઇકલ પર આવ્યા હતા અને તેમણે રસ્તાને કિનારે પાર્ક કરાયેલાં વાહનોની તોડફોડ કરી હતી, એમ ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૫) રાજકુમાર શિંદેએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# ૧.૪ અબજ ડૉલરની ટૅક્સ નોટિસઃ ફૉક્સવેગનની અરજી પર ૧૭મીએ સુનાવણી

મુંબઈઃ ભારતીય કસ્ટમ સત્તાવાળાઓ દ્વારા ૧.૪ અબજ ડોલર ટેક્સ ચૂકવવાની માગણીને પડકારતી સ્કોડા ઓટો ફોક્સવેગન ઇન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ૧૭ ફેબ્રુઆરીએ સુનાવણી થશે એમ બોમ્બે હાઈકોર્ટે બુધવારે જણાવ્યું હતું.

સ્કોડા ઓટો ફોક્સવેગન ઇન્ડિયા પર ’સંપૂર્ણપણે નોક ડાઉન’ (સીકેડી) યુનિટના ઘટક તરીકે નહીં પરંતુ વ્યક્તિગત એકમો તરીકે પાર્ટ્સની આયાત કરવાની રીત દ્વારા કસ્ટમ્સ સત્તાવાળાઓને ઇરાદાપૂર્વક ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સીકેડી પર ઊંચી આયાત ડ્યૂટી લાગે છે.

ઓટોમોબાઈલ કંપનીએ ગયા મહિને હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી કસ્ટમ્સ એક્ટ હેઠળ સપ્ટેમ્બર ૨૦૨૪માં અધિકારીઓ દ્વારા જારી કરાયેલી કારણદર્શક નોટિસને પડકારવામાં આવી હતી. બુધવારે કંપનીના વકીલોએ ન્યાયમૂર્તિ બી. પી. કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદૌસ પૂનીવાલાની ખંડપીઠ સમક્ષ અરજીનો ઉલ્લેખ કર્યો હતો. અરજીમાં તાત્કાલિક સુનાવણીની માંગ કરવામાં આવી હતી. હાઈકોર્ટે ૧૭ ફેબ્રુઆરીએ અરજીની સુનાવણી માટે સંમતિ આપી હતી. (પીટીઆઈ)■


હિન્દુ મરણ



મીનાબેન રવિન્દ્ર ચાવડા
(ઉ. વ.- 75)
હાલ મુંબઇ નિવાસી
સ્વ. રવિન્દ્ર મનુભાઇ ચાવડાના ધર્મપત્ની
તા. 3.2.2025 સોમવાર ના રોજ
અક્ષરવાસી થયેલ છે.
શ્રદ્ધાંજલિ
સ્વ. હરિભાઇ સોલંકીના દીકરી
પુત્ર/ પુત્રવધુઃ તેજ / જીજ્ઞા ચાવડા ,
પુત્રી / જમાઇ : પુજા / સ્વ. નિખીલ ચોખાની
પૌત્રીઃ રિયા, કૃષાના દાદી, આન્યાના નાની
પાર્થના સભા
ગુરુવાર તા. 6.2.2025 સાંજે 5:30pm - 7:00pm
કે. સી. કોલેજ ઓડિટોરિયલ હોલ, વીર નરીમાન રોડ, ચર્ચગેટ , મુંબઇ- 20.
સ્વ. રવિન્દ્ર મનુભાઇ ચાવડાના જયશ્રી સ્વામીનારાયણ
(લૌકિક વ્યવહાર બંધ છે)

# શું ફૅશન ડિઝાઇનર લૈલા ફૈઝલ ઓપનર અભિષેક શર્માની ગર્લફ્રેન્ડ છે?

મુંબઈ/ચંડીગઢઃ આક્રમક અને સ્ટાઇલિશ લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટર અભિષેક શર્માએ રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦માં રેકોર્ડ-બ્રેક ૧૩ સિક્સરની મદદથી બનાવેલા વિક્રમજનક ૧૩૫ રનને કારણે ફરી ન્યૂઝમાં ચમકવા લાગ્યો છે. તેની સાથે તેની કહેવાતી ગર્લફ્રેન્ડ લૈલા ફૈઝલ પણ મીડિયામાં ચમકવા લાગી છે.

ત્રણ દિવસથી એક અહેવાલ ફેલાયો છે કે અભિષેક શર્માનું લૈલા ફૈઝલ સાથે ડેટિંગ ચાલે છે.

લૈલા ફૈઝલ જાણીતી ફેશન ઑન્ટ્રપ્રનર છે. લૈલા રુહી ફૈઝલ ડિઝાઇન્સ નામની કંપનીની તે સ્થાપક છે. સોશિયલ મીડિયામાં આ કંપની ખૂબ પ્રચલિત છે.

આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી રમતા અભિષેકે રવિવારે વાનખેડેમાં જબરદસ્ત પર્ફોર્મન્સ સાથે ભારતને વિજય અપાવ્યો ત્યાર બાદ ઇન્સ્ટાગ્રામ પર લૈલાએ 'પ્રાઉડ' શબ્દ સાથે અભિષેકને અભિનંદન આપ્યા એને પગલે અભિષેકના ચાહકો એવું માની રહ્યા છે કે અભિષેક અને લૈલા વચ્ચે રિલેશનશિપ છે.

જોકે અભિષેક કે લૈલા બેમાંથી કોઈએ પણ આ અફવાને સત્તાવાર રીતે પુષ્ટિ નથી આપી.



આ પહેલાં અભિષેકનું નામ જાણીતી મૉડેલ તાન્યા સિંહ સાથે ચર્ચામાં હતું. કમનસીબે તાન્યાએ ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં સુરતમાં ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી અને એ બનાવની તપાસ દરમ્યાન સુરત પોલીસે અભિષેકને બોલાવ્યો હતો અને સાડા ચાર કલાક સુધી તેની પૂછપરછ કરી હતી. કહેવાય છે કે તાન્યાએ છેલ્લો ફોન-કૉલ અભિષેકને કર્યો હતો. ■

# નાગપુરમાં છ વર્ષે વન-ડેનું કમબૅકઃ કોહલી ફરી હીરો બનશે?

નાગપુરઃ વિદર્ભ પ્રાન્તના નાગપુરમાં આજે (ગુરુવારે) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે વન-ડે સિરીઝનો પ્રથમ મુકાબલો (બપોરે ૧.૩૦ વાગ્યાથી) છે જેમાં વિરાટ કોહલીને આ મેદાન પર સતત બીજી સેન્ચુરી ફટકારવાનો મોકો છે. તે હાલમાં ફૉર્મમાં નથી, પણ પોતાના આ નસીબવંતા મેદાન પર સદીની મદદથી ભારતને વિજય અપાવીને ટીકાકારોની બોલતી બંધ કરવાની તેને તક છે. નાગપુરમાં છેક છ વર્ષે ફરી વન-ડે રમાશે. છેલ્લે અહીં ૨૦૧૯માં ઑસ્ટ્રેલિયા સામે વન-ડે રમાઈ હતી જેમાં કોહલીએ ૧૧૬ રન બનાવ્યા હતા. ભારતના ૨૫૦ રન સામે ઑસ્ટ્રેલિયાની ટીમ કુલદીપ યાદવની ત્રણ તેમ જ ખાસ કરીને વિજય શંકરની છેલ્લી બે વિકેટને કારણે ૪૯.૩ ઓવરમાં ૨૪૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. નાગપુરની સ્પિન-ફ્રેન્ડ્લી પિચ પર છેલ્લી ત્રણેય વન-ડે ઑસ્ટ્રેલિયા સામે રમાઈ હતી અને એ ત્રણેયમાં ભારતે વિજય મેળવ્યો હતો.




**બન્ને દેશની સંભવિત ઇલેવનઃ**

ભારતઃ રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), રિષભ/રાહુલ (વિકેટકીપર), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ/વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ અને મોહમ્મદ શમી.

ઇંગ્લૅન્ડઃ જૉસ બટલર (કૅપ્ટન), ફિલ સૉલ્ટ (વિકેટકીપર), જો રૂટ, બેન ડકેટ, હૅરી બ્રૂક, લિઆમ લિવિંગ્સ્ટન, જૅકબ બેથેલ, બ્રાયડન કાર્સ, જોફ્રા આર્ચર, આદિલ રાશિદ અને સાકિબ મહમૂદ. ■

# ક્રિકેટમાં મારા ભવિષ્ય વિશે વર્ષોથી અટકળો ચાલે છે, દરેક વખતે ખુલાસા કેવી રીતે કરું?: રોહિત

નાગપુરઃ ભારતના વન-ડે કૅપ્ટન રોહિત શર્માએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંના પોતાના ભવિષ્ય વિશે વારંવાર થતી અટકળો વિશે છેવટે મૌન તોડ્યું છે અને કહ્યું છે કે તે દરેક અટકળનો જવાબ કેવી રીતે આપી શકે? અહીં ગઈ કાલે ઇંગ્લૅન્ડ સામે રમાનારી સિરીઝની પ્રથમ વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) નિમિત્તે યોજાયેલી પત્રકાર પરિષદમાં રોહિતે કહ્યું હતું કે 'અત્યારે તો મારું બધુ ધ્યાન ઇંગ્લૅન્ડ સામેની ત્રણ વન-ડે પર અને ત્યાર પછીની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી પર છે.'

૩૭ વર્ષનો રોહિત ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે. ટેસ્ટ-ક્રિકેટમાં તેનો ખરાબ સમય ચાલે છે. તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં તે પાંચ ઇનિંગ્સમાં કુલ માત્ર ૩૧ રન બનાવી શક્યો હતો. એ પહેલાં, ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે પણ સારું નહોતો રમી શક્યો. ભારતે કિવીઓ સામેની સિરીઝ ૦-૩થી અને ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણી ૧-૩થી ગુમાવી હતી.

રોહિત હમણાં તો આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ગુડ બાય કરવાના મૂડમાં નથી, પરંતુ એવા અહેવાલો છે કે બીસીસીઆઇએ તેને કહી દીધું છે કે ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી ચૅમ્પિયન્સ ટ્રોફી પછી તારી ભાવિ યોજના શું હશે એ વિશે અમને ચોખવટ કરી દેજે.

એક પત્રકારે તેને તેની ભાવિ યોજના શું છે? એવો સવાલ પૂછ્યો ત્યારે રોહિતે કહ્યું હતું કે 'હજી ઇંગ્લૅન્ડ સામે ત્રણ વન-ડે અને ત્યાર બાદ ચૅમ્પિયન્સ ટ્રોફી રમાવાની છે એ જોતાં હું અત્યારથી મારી ભાવિ યોજના કેવી રીતે નક્કી કરી શકું? ક્રિકેટમાં મારા ભવિષ્ય વિશે તો વર્ષોથી અટકળો થતી રહે છે, હું દરેક અહેવાલ પર ખુલાસો કેવી રીતે આપું?' ■

# ત્રણ મોટા રેકૉર્ડ વિરાટ કોહલીની રાહ જોઈ રહ્યા છે!

નાગપુરઃ વર્તમાન ક્રિકેટનો સર્વશ્રેષ્ઠ બૅટર વિરાટ કોહલી ટી-૨૦માંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે અને ટેસ્ટમાંથી ગમે ત્યારે રિટાયરમેન્ટ લઈ લેશે એ જોતાં હવે તેનું બધુ ધ્યાન વન-ડે ફૉર્મેટ પર જ હશે અને એમાં એવા ત્રણ મોટા વિક્રમો છે જે તેની રાહ જોઈ રહ્યા છે. એ વાતની કોઈને પણ નવાઈ નહીં લાગે કે આ ત્રણેય વિક્રમ સાથે મહાન ખેલાડી સચિન તેન્ડુલકરનું નામ જોડાયેલું છે.

ઇંગ્લૅન્ડ સામે ભારતની આજે ત્રણ મૅચની વન-ડે શ્રેણી (બપોરે ૧.૩૦ વાગ્યાથી) શરૂ થઈ રહી છે અને એમાં કોહલી આ ત્રણેય રેકૉર્ડ પોતાના નામે કરી શકે એમ છે. બીજી વન-ડે રવિવારે કટકમાં અને ત્રીજી વન-ડે બુધવારે અમદાવાદમાં રમાશે.

...તો આવો જાણીએ કોહલીને કયા ત્રણ મોટા વિક્રમ તોડવાની તક છે.

(૧) ૨૯૫ વન-ડે રમી ચૂકેલા કોહલીના ખાતે કુલ ૧૩,૯૦૬ રન છે. તે ૯૪ રન બનાવશે એટલે વન-ડે ક્રિકેટમાં ૧૪,૦૦૦ રન પૂરા કરનારો વિશ્વનો ત્રીજો ખેલાડી બનશે. સચિનના ખાતે સૌથી વધુ ૧૮,૪૨૬ રન અને કુમાર સંગકારાના ખાતે ૧૪,૨૩૪ રન છે. વધુ મહત્ત્વની વાત એ છે કે કોહલીને ૧૪,૦૦૦ રન સૌથી ઝડપે પૂરા કરવાનો સુવર્ણ મોકો છે. તે ૨૮૩ વન-ડે ઇનિંગ્સ રમ્યો છે. સચિને ૩૫૦ ઇનિંગ્સમાં અને સંગકારાએ ૩૭૮ ઇનિંગ્સમાં ૧૪,૦૦૦ રન પૂરા કર્યા હતા. એ જોતાં કોહલીને આ બન્ને લેજન્ડરી બૅટર કરતાં ફાસ્ટેસ્ટ બનવાની તક છે.

(૨) ઘરઆંગણે રમેલી વન-ડે મૅચોમાં કોહલીના નામે કુલ ૫૭ ફિફ્ટી કે ફિફ્ટી-પ્લસ સ્કોર્સ છે. એમાં ૨૪ સેન્ચુરી અને ૩૩ હાફ સેન્ચુરીનો સમાવેશ છે. જો કોહલી વધુ બે ફિફ્ટી કે ફિફ્ટી-પ્લસનો સ્કોર નોંધાવશે એટલે સચિન તેન્ડુલકરના ૫૮ ફિફ્ટી કે ફિફ્ટી-પ્લસના વિશ્વવિક્રમને તેણે ઓળંગી લીધો કહેવાશે.

(૩) કોહલી હવે ૩૨૯ રન બનાવશે એટલે વન-ડે ફૉર્મેટમાં સૌથી વધુ રન બનાવનારાઓમાં બીજા નંબરના કુમાર સંગકારાને ઓળંગી લેશે. સંગકારાએ ૧૪,૨૩૪ રન બનાવ્યા છે. કોહલીના નામે ૧૩,૯૦૬ રન છે. આ યાદીમાં સચિન તેન્ડુલકર (૧૮,૪૨૬ રન) મોખરે છે. ■

# રૅન્કિંગમાં અભિષેકની છલાંગને લીધે તિલક અને સૂર્યાને નુકસાન, જાણો કેવી રીતે...

મુંબઈઃ ભારતે ઇંગ્લૅન્ડને પાંચ મૅચની ટી-૨૦ સિરીઝમાં ૪-૧થી હરાવી દીધું એમાં તિલક વર્મા એક જ મોટી ઇનિંગ્સ રમ્યો, જ્યારે તેની તુલનામાં બે મોટી ઇનિંગ્સ ઉપરાંત બીજી બે સાધારણ ઇનિંગ્સ રમીને ટીમ ઇન્ડિયાને રનનો ઢગલો કરવામાં સૌથી મોટું યોગદાન આપનાર અભિષેક શર્માએ ટી-૨૦ના રૅન્કિંગમાં એકસાથે બે ભારતીય બૅટરને પાછળ રાખીને બીજું સ્થાન મેળવી લીધું છે.

સિરીઝમાં અભિષેકના ૨૭૯ રન બન્ને ટીમના તમામ બૅટર્સમાં હાઈએસ્ટ હતા અને વાનખેડેની રવિવારની અંતિમ મૅચમાં વિક્રમજનક ૧૩૫ રન બનાવવા બદલ તેને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ઇંગ્લૅન્ડનો જૉસ બટલર ૧૪૬ રન સાથે બીજા ક્રમે હતો, જ્યારે અભિષેકની સરખામણીમાં તિલકના અડધા રન પણ નહોતા. તિલક આ શ્રેણીમાં ૧૩૩ રન સાથે ત્રીજા નંબરે હતો.

રૅન્કિંગમાં અભિષેક ૩૮ ક્રમની છલાંગ લગાવીને બીજા નંબર પર આવી ગયો છે. ઑસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ ૮૫૫ રેટિંગ પૉઇન્ટ સાથે પહેલા ક્રમે છે, જ્યારે અભિષેક કરીઅર-બેસ્ટ ૮૨૯ પૉઇન્ટ સાથે બીજા નંબરે છે. તિલક ત્રીજા સ્થાને ઊતરી ગયો છે અને તેના નામે ૮૦૩ પૉઇન્ટ છે. કૅપ્ટન સૂર્યકુમાર યાદવ જે એક સમયે ઘણા અઠવાડિયાઓ સુધી પહેલા નંબરે હતો તે હાલમાં ચોથા પરથી હવે પાંચમા નંબરે પહોંચી ગયો છે અને તેના ખાતે ૭૩૮ પૉઇન્ટ છે.

બીજી રીતે કહીએ તો અભિષેકે રૅન્કિંગમાં જે હરણફાળ ભરી છે એનાથી તિલક ઉપરાંત સૂર્યાને પણ નુકસાન થયું છે. ઇંગ્લૅન્ડના ફિલ સૉલ્ટને પણ એક સ્થાનનું નુકસાન થયું છે અને તે ૭૯૮ પૉઇન્ટ સાથે ચોથા નંબરે છે.

ટી-૨૦ બોલિંગમાં ભારતના સુપરસ્ટાર સ્પિનર વરુણ ચક્રવર્તીને પણ ઘણો ફાયદો થયો છે. ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં હાઇએસ્ટ ૧૪ વિકેટ લેનાર વરુણ બોલર્સના રૅન્કિંગમાં ત્રણ ક્રમની છલાંગ લગાવીને બીજા નંબર પર આવી ગયો છે. ઇંગ્લૅન્ડનો સ્પિનર આદિલ રાશિદ પણ બીજા સ્થાને છે. આ યાદીમાં વેસ્ટ ઇન્ડિઝનો લેફ્ટ-આર્મ સ્પિનર અકીલ હોસૈન ફરી મોખરે થઈ ગયો છે. તેણે આદિલ રાશિદ પાસેથી આ સ્થાન છીનવી લીધું છે.

રવિ બિશ્નોઈ ચાર ક્રમની છલાંગ સાથે છઠ્ઠા નંબર પર આવી ગયો છે. ભારતનો જ અર્શદીપ સિંહ પણ ટૉપ-ટેનમાં છે. તે નવમા નંબરે છે. ■

# શાંત મગજના દ્રવિડે કાર અકસ્માત પછી ઑટોના ડ્રાઇવર પર ગુસ્સે થવાનું ટાળ્યું



બેંગલૂરુઃ મંગળવારે સાંજે ભારતના બૅટિંગ-લેજન્ડ અને ટીમ ઇન્ડિયાના ભૂતપૂર્વ હેડ-કોચ રાહુલ દ્રવિડની કાર સાથે એક ઑટોરિક્ષા ટકરાઈ હતી જેને પગલે દ્રવિડની એ ઑટોરિક્ષાના ડ્રાઇવર સાથે ખૂબ દલીલ થઈ હતી. જોકે ક્રિકેટના મેદાન પર હંમેશાં મગજ શાંત રાખીને રમનાર દ્રવિડે આ બનાવ બાદ ઑટોરિક્ષાના ડ્રાઇવર સાથે ઉગ્ર અપ્રોચ અપનાવાનું ટાળ્યું હતું.

આ ઘટના બેંગ્લૂરુના એક જાણીતા રસ્તા પર બની હતી. એક રાહદારીએ આ ઘટનાનો વીડિયો ઊતાર્યો હતો જેમાં દ્રવિડ ઑટોરિક્ષાના ડ્રાઇવર સાથે કન્નડ ભાષામાં દલીલ કરી રહેલો જોવા મળી રહ્યો છે.

પ્રાથમિક અહેવાલ અનુસાર એ માલ-સામાન લઈ જતી ઑટોરિક્ષા હતી જે દ્રવિડની કાર સાથે ટકરાઈ હતી. એ કાર દ્રવિડ ચલાવી રહ્યો હતો કે તેનો ડ્રાઇવર કે બીજું કોઈ એ પ્રાથમિક અહેવાલમાં જણાવાયું નહોતું.

બેંગ્લૂરુમાં કનિંગહૅમરોડ ખૂબ બિઝી રોડ કહેવાય છે અને ત્યાં આ ઘટના બની હતી.

દ્રવિડ આ કારમાં ઇન્ડિયન એક્સપ્રેસ જંકશનથી હાઈ ગ્રાઉન્ડ તરફ જઈ રહ્યો હતો ત્યારે ભારે ટ્રાફિક વચ્ચે ઑટોરિક્ષા દ્રવિડની કાર સાથે પાછળથી હતી.

કહેવાય છે કે દ્રવિડે ઘટનાસ્થળેથી રવાના થતાં પહેલાં ઑટોના ડ્રાઇવરનો મોબાઇલ નંબર લીધો હતો.

આ ઘટનાનો વીડિયો વાઈરલ થઈ ગયો છે. વીડિયો મુજબ દલીલબાજીમાં બ્રેક શબ્દ વારંવાર બોલવામાં આવ્યો હતો અને કદાચ એ જ આ ટક્કરનું કારણ હોઈ શકે. ■

# બુમરાહને દરેક સિરીઝમાં રમાડવાનું ટાળોઃ ફિલૅન્ડર

કેબેહાઃ સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર વર્નોન ફિલૅન્ડરનું દૃઢપણે માનવું છે કે વિશ્વભરના ફાસ્ટ બોલર્સમાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે એક એવું ઊંચું ધોરણ સ્થાપિત કર્યું છે જેની ચોમેર પ્રશંસા થઈ રહી છે, પરંતુ ભારતે તેને ઈજામુક્ત રાખવા તેને દરેક સિરીઝમાં (કે પ્રત્યેક ટૂર્નામેન્ટમાં) રમાડવાનું ટાળવું જોઈએ.

રાઇટ-આર્મ ફાસ્ટ બોલર અને રાઇટ-હૅન્ડ બૅટર ફિલૅન્ડર ૩૯ વર્ષનો છે. તે ૨૦૦૭થી ૨૦૨૦ દરમ્યાન સાઉથ આફ્રિકા વતી ૬૪ ટેસ્ટ, ૩૦ વન-ડે અને સાત ટી-૨૦ રમ્યો હતો. તેણે કુલ ૨૬૯ વિકેટ લીધી હતી અને ૨,૦૦૦ જેટલા રન બનાવ્યા હતા.

ફિલૅન્ડરનું એવું પણ કહેવું છે કે 'બુમરાહને ઈજાથી મુક્ત રાખવા ભારતે બોલિંગમાં તેના પરનો બોજ કાબૂ બહાર ન થઈ જાય એની તકેદારી રાખવી જોઈએ. તેનો સમજદારીપૂર્વક ઉપયોગ થવો જોઈએ. તેણે ખરેખર ખૂબ ઊંચું ધોરણ સ્થાપિત કર્યું છે. તેનામાં ગજબની કુશળતા છે. તે બૉલની ઝડપને ગજબ રીતે ઘટાડતો અને વધારતો હોય છે. વર્ષ દરમ્યાન ભારત જેટલી મૅચો રમે છે એ જોતાં બુમરાહ પરનો બોજ પ્રચંડ કહેવાય. ભારત તેને દરેક સિરીઝમાં (પ્રત્યેક ટૂર્નામેન્ટમાં) રમાડવા ઇચ્છતું હોય છે. બુમરાહને ભારત દરેક સિરીઝમાં રમાડવા માગે છે અને એ જ રીતે અન્ય બોલર્સને ઓછી તક મળતી હોય છે.' ■

# મુંબઈની રણજી ક્વૉર્ટરનું સ્થળ બદલાયું

લાહલી (હરિયાણા): મુંબઈ અને હરિયાણા વચ્ચે શનિવારે, આઠમી ફેબ્રુઆરીએ શરૂ થનારી પાંચ દિવસીય રણજી ટ્રોફી ક્વૉર્ટર ફાઇનલ છેલ્લી ઘડીએ હરિયાણાના લાહલીને બદલે પશ્ચિમ બંગાળના કોલકાતામાં (સવારે ૯.૦૦ વાગ્યાથી) રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હરિયાણાની ટીમ માટે લાહલીનું મેદાન હોમ-ગ્રાઉન્ડ બની શક્યું હોત, પણ હવે એણે મુંબઈ સામે ઈડન ગાર્ડન્સના તટસ્થ સ્થળે રમવું પડશે. એવું મનાય છે કે ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ઠંડો પવન હોવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અજિંક્ય રહાણેના સુકાનમાં મુંબઈની ટીમ ગઈ કાલે સવારે લાહલી પહોંચવાની હતી, પરંતુ તેઓ સાંજે કોલકાતા પહોંચ્યા હતા. હરિયાણાના ખેલાડીઓ પણ ગઈ કાલે સાંજે કોલકાતા પહોંચ્યા હતા. સૂર્યકુમાર યાદવ અને શિવમ દુબે પણ ફરી જોડાઈ જતાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈની ટીમ વધુ મજબૂત થઈ ગઈ છે. ■

# ૧૪મી ફેબ્રુઆરીથી મહિલાઓની આઇપીએલ




મુંબઈમાં ગઈ કાલે પત્રકાર પરિષદ દરમ્યાન વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) માટેની મુંબઈ ઇન્ડિયન્સ વિમેન ટીમ સાથે સંકળાયેલી (ડાબેથી) મેન્ટર તથા બોલિંગ-કોચ ઝુલન ગોસ્વામી, હેડ-કોચ શાર્લોટ એડવર્ડ્સ, કૅપ્ટન હરમનપ્રીત કૌર તથા ઑલરાઉન્ડર સજીવન સજના. ૨૦૨૩માં ડબ્લ્યૂપીએલનું સૌપ્રથમ ટાઇટલ મુંબઈની ટીમ જીતી હતી. ૨૦૨૪માં સ્મૃતિ મંધાનાના સુકાનમાં બેન્ગલૂરુની ટીમ વિજેતા થઈ હતી. આ વખતની ડબ્લ્યૂપીએલ શુક્રવાર, ૧૪મીએ શરૂ થશે. (પીટીઆઇ)

# બર્થ-ડે બૉય ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો હુંકાર...'ગ્રેટેસ્ટ ફૂટબોલ ખેલાડી તો હું જ છું'

મૅડિરા (પોર્ટુગલ): આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાં વિક્રમજનક ૨૧૭ મૅચમાં ૧૩૫ ગોલ અને પ્રોફેશનલ ફૂટબૉલમાં ૭૧૭ મૅચમાં ૫૬૨ ગોલ કરનાર પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ગઈ કાલે જીવનના ૪૦ વર્ષ પૂરા કર્યા હતા અને તેણે સ્પૅનિશ ટીવી પરની એક મુલાકાતમાં પોતાને સૉકર જગતના સર્વશ્રેષ્ઠ ફૂટબોલર તરીકે ઓળખાવ્યો હતો.

'આય ઍમ ધ ગ્રેટેસ્ટ સૉકરર ઇન હિસ્ટ્રી' એવું કહીને રોનાલ્ડોએ પોતાના ૪૦મા બર્થ-ડેનું મીડિયામાં સેલિબ્રેશન કર્યું હતું. ફૂટબૉલ જગતમાં લિયોનેલ મેસીની સાથે એક દાયકા સુધી પ્રભુત્વ ધરાવતા રાઇટ-ફૂટેડ રોનાલ્ડોએ એવું પણ કહ્યું હતું કે 'હું લેફ્ટ-ફૂટેડ નથી એમ છતાં ડાબા પગથી સૌથી વધુ ગોલ કરનારા ટૉપ-ટેનમાં મારો સમાવેશ છે. નંબર જ બધું કહી આપે છે. મારા જેવો કમ્પ્લીટ ફૂટબૉલ ખેલાડી બીજો કોઈ નથી.'

સોશિયલ મીડિયામાં કુલ એક અબજથી પણ વધુ ફૉલોઅર્સ ધરાવતા રોનાલ્ડોએ મુલાકાતમાં એવું પણ જણાવ્યું હતું કે 'હું માથાથી પણ બૉલને ફટકારું છું અને ફ્રી કિકમાં પણ માહિર છું. હું અત્યંત ઝડપી છું અને સતતપણે અસરદાર તથા મજબૂત પર્ફોર્મન્સ આપી શકું છું. હું સારી છલાંગ પણ લગાવી લેતો હોઉં છું. મારાથી ચડિયાતો ફૂટબોલર મેં આજ સુધી જોયો નથી.'




રોનાલ્ડો અગાઉ પણ પોતાને સૌથી મહાન ફૂટબોલર તરીકે ઓળખાવી ચૂક્યો છે. તેણે એક વાર કહ્યું હતું કે લોકો તેને ગ્રેટેસ્ટ ફૂટબોલર તરીકે હંમેશાં યાદ રાખશે.

રોનાલ્ડોને જ્યારે આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસી સાથેની તેની સરખામણી વિશે પૂછવામાં આવ્યું હતું ત્યારે રોનાલ્ડોએ કહ્યું હતું કે 'મેસીની કાબેલિયત અસાધારણ છે, પણ સૌથી ચડિયાતો ફૂટબોલર તો હું જ છું.'

હમણાં નિવૃત્ત થવાનો કોઈ જ વિચાર નથી, એવું રોનાલ્ડોએ કહ્યું છે. ચાહકોમાં તે 'સીઆર-૭' તરીકે જાણીતો છે. સીઆર એટલે અંગ્રેજીમાં તેના પૂરા નામનાં પહેલા બે અક્ષર અને ૭ નંબર તેનો જર્સી નંબર છે. ■

# કટકમાં વન-ડેની ટિકિટો ખરીદવા ભાગદોડ, અનેક ઘાયલ

## મંગળવાર રાતથી જ લાંબી લાઇનો લાગી, ૧૦,૫૦૦ લોકો ઊમટી પડ્યા હતા

કટકઃ ઓડિશામાં કટકના બારામતી સ્ટેડિયમમાં રવિવાર, નવમી ફેબ્રુઆરીએ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રમાનારી સિરીઝની બીજી વન-ડે માટેની ટિકિટ મેળવવા ગઈ કાલે લોકોમાં ભારે ભીડ જામી હતી અને એ દરમ્યાન થયેલી નાસભાગમાં કેટલાક લોકો ઘાયલ થયા હોવાનો અહેવાલ મળ્યો હતો.

સ્ટેડિયમની બહાર જે ભાગદોડ થઈ એમાં કેટલાક લોકો પડી ગયા બાદ બેભાન થઈ ગયા હતા. ટિકિટ ખરીદનારામાંના કેટલાકે પોલીસની લાપરવાહીને જવાબદાર ગણાવી હતી.

ઉલ્લેખનીય છે કે કટકમાં છ વર્ષ બાદ પહેલી વાર આંતરરાષ્ટ્રીય વન-ડે મૅચ રમાવાની છે જેને કારણે પ્રેક્ષકોમાં પ્રચંડ ઉત્સાહ હતો. રવિવારની મૅચની ટિકિટોનું વેચાણ ગઈ કાલે શરૂ થયું એ પહેલાં મંગળવાર મોડી રાતથી જ લાંબી-લાંબી લાઇન લાગી હતી અને વધુને વધુ લોકો આવતા ગયા હતા જેને કારણે સ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ હતી.

આ સ્ટેડિયમની ૧૧,૫૦૦ ટિકિટો ખરીદવા માટે કુલ મળીને ૧૦,૫૦૦ જેટલા લોકો વિવિધ કાઉન્ટરો માટેની લાઇનમાં ઊભા રહ્યા હતા. ટિકિટો વેચવા સંબંધમાં ગેરવ્યવસ્થા થઈ હોવાનો આક્ષેપ પણ કેટલાક લોકોએ કર્યો હતો.

કહેવાય છે કે ગઈ કાલે સવારે કેટલાક લોકો ટિકિટ ખરીદવા આવી જતાં પોલીસે તેમને રાતથી જ લાઇનમાં ઊભેલા લોકોની વચ્ચે ઊભા રહી જવા દીધા હતા જેને લીધે ધમાલ શરૂ થઈ હતી અને સ્થિતિ બેકાબૂ થઈ ગઈ હતી. એક મહિલા ક્રિકેટપ્રેમીએ એક અખબારી મુલાકાતમાં કહ્યું હતું કે 'બધે વીઆઇપી કલ્ચર ચાલે છે. અહીં પણ એવું થયું. આ ગેરવ્યવસ્થા બંધ થવી જોઈએ. જે લોકો પહેલાં આવ્યા તેમને ટિકિટ ખરીદવાનો પહેલો મોકો મળવો જોઈએ.'

કોલકાતાથી આવેલી એ વિદ્યાર્થિનીએ કહ્યું હતું કે તે મંગળવાર રાતથી લાઇનમાં ઊભી રહી ગઈ હતી, પણ ભારે ભીડ વચ્ચે અને ભાગદોડ થવાને પગલે પોલીસે તેને લાઇનની બહાર કરી દીધી હતી. જોકે તેને આશા છે કે તેને ટિકિટ મળશે અને મૅચ જોવા મળશે.

દરેક વ્યક્તિને આઇ-કાર્ડ બતાવ્યા બાદ વધુમાં વધુ બે ટિકિટ આપવાનું નક્કી થયું હતું. ટિકિટનું વેચાણ ૫-૬ ફેબ્રુઆરી માટે નિયત કરાયું હતું, પરંતુ પાંચમી ફેબ્રુઆરીએ એટલે કે ગઈ કાલે જ તમામ ટિકિટો ખતમ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું એટલે અનેક લોકો નિરાશ હાલતમાં પાછા ગયા હતા. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



## બ્રાહ્મોસમાજ ને કોન્વેન્ટ:
# મારા જીવનના સિક્કાની બે બાજુ

(ભાગ: ૧)
**નામ: અરુણા આસફ અલી**
સમય: ૧૯૯૪
સ્થળ: દિલ્હી
ઉંમર: ૮૬ વર્ષ

**ભારતની રાજધાની-દિલ્હી!** ૧૯૪૭થી ૧૯૯૪ સુધીનો સમય... મેં દિલ્હીને પળેપળ બદલાતું જોયું છે. જૂની દિલ્હીની પરોઠા ગલી, મંડી હાઉસના જૂના કૉંગ્રેસ ભવનથી શરૂ કરીને આજના વિશાળ કૉંગ્રેસ ભવનની ભવ્ય ઇમારત સુધીના પ્રવાસમાં હું આ દેશના તમામ બદલાતા સમયની સાક્ષી રહી છું. ગાંધીજીએ જ્યારે દાંડી સત્યાગ્રહની જાહેરાત કરી ત્યારે જે થોડા લોકોની ધરપકડ કરવામાં આવી એમાંની એક હું પણ હતી! ૧૯૪૨ના ભારત છોડો આંદોલન દરમિયાન મુંબઈના ગોવાલિયા મેદાનમાં ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવવા પહોંચેલા મુઠ્ઠીભર લોકોમાંની એક હું પણ હતી! ગાંધીજી સાથે મતભેદને અભિવ્યક્ત કરીને - પોતાના મત અને વિચાર પર અડગ રહેનારા થોડા લોકોમાં હું પણ હતી!

અરુણા ગાંગુલી, મારું મૂળ નામ. મારી માતા અંબાલિકાદેવી બ્રાહ્મોસમાજના પ્રસિદ્ધ નેતા ત્રિલોકનાથ સાનિયાલના પુત્રી હતા. હરિયાણા (એ વખતે જે પંજાબ હતું) એના એક નાનકડા ગામ કાલકામાં મારો જન્મ થયો હતો. રૂઢિચુસ્ત ન કહી શકાય એવા, સ્વતંત્ર વિચાર અને આચાર ધરાવતા બંગાળી બ્રાહ્મણ પરિવારમાં જન્મી હોવા છતાં મારા પિતાએ અમને બંને બહેનોને - મને અને પૂર્ણિમાને, શિક્ષણ કે બીજી કોઈ બાબતમાં વંચિત રાખ્યાં નહીં. મારા પિતા ઉપેન્દ્રનાથ ગાંગુલી એક રેસ્ટોરન્ટ ધરાવતા હતા. એ જમાનામાં-૧૯૦૦ની સાલના પ્રારંભિક તબક્કામાં આવી કોઈ વીશી કે રેસ્ટોરન્ટ ચલાવવી, એ પણ બંગાળી બ્રાહ્મણ પરિવાર માટે ખૂબ અઘરી બાબત હતી. કાલકામાં મારા પિતાની રેસ્ટોરન્ટનો વિરોધ થયો એટલે એમણે પોતાના પરિવાર સાથે ભારતના કોઈ મોટા શહેરમાં જઈને વ્યવસાય કરવાનું વિચાર્યું. અમે સૌ સંયુક્ત પ્રાંતમાં-લાહોર જઈને વસ્યા. મારા પિતાની રેસ્ટોરન્ટ લાહોરમાં ખૂબ સારી ચાલતી અને વેજિટેરિયન ભોજન માટે વખણાતી. એ સમયે સિનેમાની શરૂઆત થઈ હતી. મારા કાકા ધીરેન્દ્રનાથ ગાંગુલીએ ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવ્યું, એ એક લોકપ્રિય અભિનેતા અને દિગ્દર્શક પુરવાર થયા. ધીરેન્દ્રકાકાએ ડિરેક્ટર તરીકે કાર્ટુન, અચીન પ્રિયા, કન્ટ્રી ગર્લ, ચરિત્રહીન અને અભિનેતા તરીકે શેષ નિબેદન, બંદિતા, લેડી ટીચર, સાધુ ઔર શૈતાન જેવી ફિલ્મો કરી. મારા પિતા ઉપેન્દ્રનાથ પોતાની રેસ્ટોરન્ટ અને બ્રાહ્મોસમાજ સાથે જોડાયેલાં સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેતા, તેમ છતાં કલા પ્રત્યેની એમની અભિરુચિ, એમનો સંગીતનો શોખ અને વાંચનની ટેવ એમણે અમને વારસામાં આપી.

૧૯૦૯માં મારો જન્મ થયો અને મારા પછી બે વર્ષે જન્મી, પૂર્ણિમા! અમે બંને બહેનો એકબીજાની દોસ્ત, સાથી અને એકબીજાની સહાધ્યાયી રહી. બે જ વર્ષનો ફરક હોવાને કારણે અમે સ્કૂલમાં પણ સાથે સાથે જ હતાં - હું પૂર્ણિમાથી એક વર્ષ આગળ ભણી. પ્રારંભિક અભ્યાસ દરમિયાન સેક્રિડ હાર્ટ કોન્વેન્ટ, લાહોરમાં મારું શિક્ષણ થયું. એ વખતે મારા પિતા ઉપેન્દ્રનાથ ગાંગુલી અને માતા અંબાલિકા બંને બ્રાહ્મોસમાજમાં ખૂબ કાર્યરત હતાં. બ્રાહ્મોસમાજ એ બ્રહ્મવાદનો સામાજિક ઘટક છે, જે એકેશ્વરવાદી સુધારાવાદી ચળવળ તરીકે શરૂ થયો હતો. તે ભારતની સૌથી પ્રભાવશાળી ધાર્મિક ચળવળોમાંની એક પુરવાર થયો અને આધુનિક ભારતના નિર્માણમાં એનું મહત્ત્વપૂર્ણ યોગદાન માનવામાં આવે છે.

એકેશ્વરવાદ પર આધારિત આ ચળવળે મૂર્તિપૂજા, જ્ઞાતિપ્રથાઓ અને ધાર્મિક વિધિઓ સામે ઝુંબેશ ચલાવી હતી. સમાજમાં બુદ્ધિવાદ અને જ્ઞાનને પ્રોત્સાહન આપ્યું. આ આંદોલને સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રગતિને પ્રોત્સાહન આપ્યું. જાતિ અને દહેજ પ્રથા વિરુદ્ધ અભિયાન, મહિલાઓના શિક્ષણ અને મુક્તિ માટે કામ કર્યું. આ ચળવળ શાસ્ત્ર અભ્યાસ, ધ્યાન અને પ્રાર્થના પર ભાર મૂકીને તમામ ધર્મોની એકતામાં માનતી હતી. આ ચળવળ બલિદાન, સમારંભો અને પુરોહિતનો વિરોધ કરતી હતી. સતીપ્રથા અને દીકરીને દૂધ પીતી કરવાના કુરિવાજો સામે અવાજ ઉઠાવીને એ અંગેનો કાયદો પસાર કરવાનું કામ રાજા રામમોહનરાયે કર્યું. મારાં માતા-પિતા પણ આવી ક્રાંતિકારી ચળવળનો હિસ્સો હતાં તેથી અમને બંને બહેનોને ૧૯૦૦ના પ્રારંભિક દાયકામાં શિક્ષણ અને સ્વતંત્રતાનો લાભ મળ્યો.

મારો જન્મ થયો ૧૯૦૯માં. એ વર્ષે ભરાયેલી લાહોરની કૉંગ્રેસ અધિવેશનની મિટિંગમાં ગોપાલકૃષ્ણ ગોખલેએ ગાંધીજીની પ્રશંસા કરી. સાઉથ આફ્રિકાના એમના સત્યાગ્રહ દરમિયાન એમણે ભારતીય લોકો માટે જે અવાજ ઉઠાવ્યો અને રંગભેદ વિરુદ્ધ, અંગ્રેજ સરકારના કાયદાઓ વિરુદ્ધ જે ચળવળ ચલાવી એ પછી ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય ટિળક જેવા નેતાઓએ એમને ભારત આવવાનું આમંત્રણ આપ્યું. ૧૯૧૫માં તેઓ સ્વતંત્રતાના ઝંડા સાથે, ભારતને એક નવી આશા આપવા એ પાછા ફર્યા. સાઉથ આફ્રિકાથી એમણે 'હિંદ સ્વરાજ' નામના સામયિકમાં લખ્યું હતું. પશ્ચિમી સંસ્કૃતિ સ્વીકાર્ય નથી કારણ કે તેમાં અપનાવવા જેવું કંઈ નથી. તેમાં માણસને સારો માનવી બનાવવાની ક્ષમતા નથી. ગાંધીજીએ મશીન-સંચાલિત શહેરી સંસ્કૃતિને સંપૂર્ણપણે નકારી કાઢી હતી... ૧૯૨૦માં ગાંધીજીએ કૉંગ્રેસનું નવું બંધારણ બનાવ્યું. પ્રાથમિક સભ્યપદ માટે નવા નિયમો ઘડ્યા અને ભારતના સ્વતંત્રતા સંગ્રામની શરૂઆત થઈ. હું એ વખતે તો ૮ વર્ષની હતી. આઝાદી, ગુલામી કે બીજા શબ્દોને સમજી શકું એટલી મારી ઉંમર નહોતી, પરંતુ મારા ઘરમાં સતત ચાલતી વાતો, મિટિંગ્સ અને લોકોની અવરજવરથી હું એટલું તો સમજી શકી કે હવે આ દેશમાં એક મોટો બદલાવ આવવાનો છે. અમારી કોન્વેન્ટ સ્કૂલમાં અમને આઝાદીનાં ગીતો ગાવાની કે એવા કોઈ પણ પ્રકારની વાતો કરવાની, અંગ્રેજ સરકાર વિરુદ્ધ કંઈ પણ બોલવાની મનાઈ હતી. હું એટલું સમજી શકતી હતી કે, મારાં માતા-પિતા જે કંઈ કહી રહ્યાં હતાં, કરી રહ્યાં હતાં અને અમને કોન્વેન્ટમાં જે શીખવવામાં આવતું હતું એ બેની વચ્ચે આસમાન-જમીનનો ફેર હતો.

જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ મને સ્વતંત્રતાનું મૂલ્ય સમજાવા લાગ્યું. દેશબાંધવો પર થતા અત્યાચાર અને અન્યાય સામે કિશોર અવસ્થાથી જ મારો આક્રોશ પ્રગટવા લાગ્યો. સ્કૂલમાં હતી ત્યારે એક દિવસ અમને પરાણે ચર્ચમાં પ્રાર્થના કરવા લઈ ગયા. મારાં માતા-પિતાએ મને તમામ ધર્મોને એક નજરે જોવા અને આદર આપવાનું શીખવ્યું હતું, પરંતુ પાદરીએ પોતાના ભાષણમાં 'ક્રિશ્ચિયાનિટી સિવાય બીજો કોઈ ધર્મ જ નથી' એવું કહ્યું ત્યારે હું ઊભી થઈ. મેં કહ્યું કે, 'વિશ્વમાં અનેક ધર્મો છે. સર્જનહાર (ક્રિએટર કે પરમતત્ત્વ) એક હોઈ શકે છે, પરંતુ ક્રિશ્ચિયાનિટીનો આદર કરીએ એટલા જ આદરથી હિન્દુ કે અન્ય ધર્મોની વાત પણ થવી જોઈએ.' મને સજા કરવામાં આવી. મારાં માતા-પિતાને મળવા બોલાવ્યાં. અમારા શિક્ષકનું કહેવું હતું કે, હું એકદમ તોછડી અને મનસ્વી બની ગઈ છું. મારાં માતા-પિતાએ એમની સાથે આદરપૂર્વક વાત કરી અને મને ઘરે લઈ આવ્યાં. એમણે મને સમજાવ્યું કે, 'માત્ર દલીલો કરવાથી કે સામા થવાથી આપણી વાત સાબિત થઈ જતી નથી. દુનિયામાં કંઈ પણ મેળવવા માટે સંઘર્ષ કરવો પડે છે.' એ દિવસે પહેલીવાર મારાં માતા-પિતાએ મારી સાથે સ્વતંત્રતા સંગ્રામ અને બ્રાહ્મોસમાજ વિશે ગંભીર વાતો કરી.

મેં કહ્યું કે, 'મારે સ્વતંત્રતા સંગ્રામનો હિસ્સો બનવું છે.' મારાં માતા-પિતાએ મને શાળાનું શિક્ષણ પૂરું કરવાની સલાહ આપી. સાચું પૂછો તો એ જ સમયથી મારા મનમાં સ્વતંત્રતા સંગ્રામના સૈનિક બનવાની વાત ઘૂંટાવા લાગી.

શાળાનું શિક્ષણ પૂરું થતાં જ મેં કૉંગ્રેસનું સભ્ય પદ લીધું. પાર્ટી મિટિંગ્સ, સ્વતંત્રતા સંગ્રામના પિકેટિંગ, અસહકારના આંદોલન અને સત્યાગ્રહ જેવી ચળવળમાં હું ભાગ લેતી થઈ ગઈ. મારાં માતા-પિતાનો આગ્રહ હતો કે, મારે કૉલેજનું શિક્ષણ પૂરું કરવું જોઈએ. એને માટે ઑલ સેન્ટ્સ કૉલેજ નૈનિતાલમાં મેં ભણવાનું શરૂ કર્યું. કૉલેજના શિક્ષણ દરમિયાન પણ મારી સ્વતંત્રતા સંગ્રામમાં હિસ્સો લેવાની પ્રવૃત્તિ અટકી નહીં.

સ્નાતકની પદવી મળ્યા પછી હું કલકત્તા આવી. એ ગાળામાં ગાંધીજી કલકત્તા આવ્યા હતા. હું એમને મળી. એમણે મને કલકત્તામાં રોકાઈને વિધવા બહેનોની સ્થિતિ અને કલકત્તામાં ચાલી રહેલી સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેવાનું સૂચન કર્યું. હું માતા-પિતા પાસેથી પૈસા લેવા માગતી નહોતી એટલે મેં ગોખલે મેમોરિયલ સ્કૂલમાં અધ્યાપન કાર્ય શરૂ કર્યું.

મને કલ્પના પણ નહોતી કે, કલકત્તાનો નિવાસ એ મારા જીવનનો સૌથી રોમેન્ટિક અને સૌથી મહત્ત્વપૂર્ણ અધ્યાય બની રહેવાનો હતો. (ક્રમશ:)

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## સ્વતંત્ર ભારતનાં પ્રથમ મહિલા મંત્રી:
# રાજકુમારી અમૃતકૌર



ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ... એઈમ્સ તરીકે જાણીતી આ સંસ્થાની સ્થાપના કોણે કરેલી એ જાણો છો?

એમનું નામ રાજકુમારી અમૃતકૌર... આઝાદી પહેલાં મહાત્મા ગાંધીનાં સચિવ રહ્યાં અને આઝાદી પછી સ્વતંત્ર ભારતનાં પ્રથમ મહિલા મંત્રી અને પ્રથમ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી બન્યાં. આજીવન અપરિણીત રહીને દેશસેવા કરતાં રહ્યાં. ૧૬ ઑગસ્ટ ૧૯૪૭થી ૧૬ એપ્રિલ ૧૯૫૭ સુધી તેઓ મંત્રીપદે કાર્યરત રહ્યાં. સ્વાસ્થ્ય મંત્રી તરીકે રાજકુમારી કૌરનું સૌથી મહત્ત્વનું યોગદાન એટલે ૧૯૫૬માં એઈમ્સની સ્થાપના. એ એઈમ્સના પાયાના પથ્થર હતાં. રાજકુમારીએ એઈમ્સની સ્થાપના માટે નાણાકીય ભંડોળ ઊભું કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવેલી. તેમણે ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, પશ્ચિમ જર્મની, સ્વિડન અને અમેરિકાથી નાણાકીય સહાય પ્રાપ્ત કરીને એઈમ્સનું નિર્માણ કરેલું. એઈમ્સના પહેલા અધ્યક્ષ પણ રાજકુમારી કૌર જ હતાં.

એઈમ્સ ઉપરાંત પણ કેટલીક સંસ્થાઓનું અધ્યક્ષપદ રાજકુમારી કૌરે શોભાવ્યું હતું. ટ્યુબરક્લોસીસ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયા અને હિંદ કુષ્ઠરોગ નિવારણ સંઘનાં આરંભથી અધ્યક્ષા રહ્યાં. ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલફેરનાં સંસ્થાપક-અધ્યક્ષા રહ્યાં. ઑલ ઇન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સનાં અધ્યક્ષા રહ્યાં. નેશનલ સ્પોર્ટ્સ ક્લબ ઑફ ઇન્ડિયાનાં સંસ્થાપકોમાંનાં એક અને પ્રથમ અધ્યક્ષ બન્યાં. વર્લ્ડ હેલ્થ એસેમ્બલીનાં અધ્યક્ષા રહ્યાં. દિલ્હી મ્યુઝિક સોસાયટીનાં અધ્યક્ષા પણ રહ્યાં. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીનાં ઉપાધ્યક્ષ રહ્યાં. ગાંધી સ્મારક નિધિ અને જલિયાંવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી રહ્યાં. બંધારણસભાનાં સભ્ય અને કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક તથા ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચની ગવર્નિંગ બોડીનાં સભ્ય પણ રહ્યાં... ભારતીય ટપાલ ખાતાએ ૧૩ એપ્રિલ ૧૯૮૯ના રોજ રાજકુમારી અમૃતકૌરની સ્મૃતિમાં સાઠ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.

આ રાજકુમારી કૌરનો જન્મ ૨ ફેબ્રુઆરી ૧૮૮૯ના રોજ ઉત્તર પ્રદેશના લખનઊમાં બાદશાહ બાગમાં થયેલો. માતા પ્રિસિલા ગોકલનાથ. પિતા હરનામ સિંહ આહલુવાલિયા. પ્રિસિલા અને હરનામ સિંહના સંસારની ડાળી પર ઊગેલું ફૂલ એટલે રાજકુમારી અમૃતકૌર. અમૃતકૌરનું પ્રાથમિક શિક્ષણ ઇંગ્લૅન્ડના ડોરસેટમાં શેરબોર્ન સ્કૂલ ફોર ગર્લ્સમાં થયું. કૉલેજનું શિક્ષણ ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયમાં થયું.

ભારત પાછાં ફરેલાં રાજકુમારીએ ગાંધીજીનું કપ્તાનપદ સ્વીકાર્યું. વર્ષ ૧૯૧૫. દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફરેલા ગાંધીજીનું કૉંગ્રેસના મુંબઈના અધિવેશનનું ભાષણ સાંભળીને રાજકુમારી પ્રભાવિત થયાં. ૧૯૧૯માં ગાંધીજી સાથે વ્યક્તિગત સંપર્ક થયો. ગાંધીજીના વ્યક્તિત્વે રાજકુમારી પર જાદુઈ પ્રભાવ પાથર્યો. અમૃત કૌરને ભારતની આઝાદીમાં રસ હતો. કૌર ગાંધીજીના સચિવ તરીકે કામગીરી કરવા લાગ્યાં.

દરમિયાન એક દુર્ઘટના બની. જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી બ્રિટિશ સેનાએ અમૃતસર, પંજાબમાં ચારસોથી વધુ પ્રદર્શનકારીઓને ગોળીઓથી વીંધી નાખ્યા. આ ઘટનાથી હચમચી ઊઠેલાં અમૃતકૌર બ્રિટિશ સરકારનાં કટ્ટર આલોચક બન્યાં. તે ઔપચારિકપણે કૉંગ્રેસમાં જોડાઈ ગયાં. સામાજિક સુધારા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. કૌર પરદા પ્રથાનો અને બાળવિવાહનો ઘોર વિરોધ કરતાં. ભારતમાં દેવદાસી પ્રથા નાબૂદ કરવા માટે તેમણે અભિયાન ચલાવેલું. સામાજિક સુધારણા કરવાની સાથે અમૃત કૌર આઝાદીના આંદોલનમાં સક્રિય થયાં. આંદોલનમાં મહિલાઓની સહભાગિતા વધુ થાય એ માટે ૧૯૨૭માં સ્થપાયેલા અખિલ ભારતીય મહિલા સંમેલનનાં સહસ્થાપક થયાં. ૧૯૩૦માં આ સંસ્થાનાં સચિવ અને ૧૯૩૩માં અધ્યક્ષા બન્યાં.

આ ગાળામાં રાજકુમારી અમૃતકૌરે જેલવાસ પણ વેઠવો પડ્યો. ૧૯૩૦માં મહાત્મા ગાંધીના નેતૃત્વમાં દાંડીકૂચમાં ભાગ લેવા બદલ બ્રિટિશ સરકારે એમની ધરપકડ કરી. જેલમાંથી બહાર આવ્યા બાદ ૧૯૩૬માં એક અંગત સેવકને સાથે લઈને ગાંધીજીના સેવાગ્રામ આશ્રમ જઈ પહોંચ્યાં. મહેલમાંથી મઢૂલીમાં. આ સંદર્ભમાં સુશીલા નૈયરે નોંધ્યું છે કે, 'જ્યારે બાપુ સેવાગ્રામમાં મીરાંબહેનની કુટિરમાં રહેવા ગયા ત્યારે તેમના ઓરડા અને સ્નાનાગાર વચ્ચેના નાનકડા કમરાને સજાવવામાં આવ્યો. તેમાં સિમેન્ટની ફરસ બેસાડવામાં આવી. ચૂનાથી ધોળવામાં આવ્યો. એમાં એક કબાટ મૂકીને એ કક્ષ રાજકુમારી અમૃતકૌરને આપવામાં આવ્યો. રાજકુમારી કૌર એટલે સુંદર સિલ્કની સાડી પહેરેલી દૂબળીપાતળી મહિલા. કાનમાં લટકતી લાંબી વાળીઓ અને અન્ય આભૂષણો ધારણ કરેલાં હોય..

રાજકુમારી કૌર ઉત્તમ આતિથ્ય કરી જાણતાં. એમના પરિવારનો શિમલામાં બંગલો હતો. નામ મેનરવિલા. ઉનાળાની ગરમીમાં ઠંડક મેળવવા સહુ ત્યાં જતાં. પાછળથી આ મેનરવિલા બંગલો અમૃતકૌરે રાષ્ટ્રને સમર્પિત કરી દીધેલો. પરિચારિકાઓ અને મહિલા ચિકિત્સકો માટેના આરામગૃહમાં એનું રૂપાંતર કરી દીધેલું. કોઈ બેઠકમાં ભાગ લેવા ગાંધીજી શિમલા જાય તો એ પણ મેનરવિલામાં જ રોકાતા. રાજકુમારી આતિથ્યમાં જરાય ઊણાં ન ઊતરતાં. મહેમાનોની સગવડ સચવાય એનું ઝીણવટપૂર્વક ધ્યાન રાખતાં. જૂન ૧૯૪૫ના અંતિમ સપ્તાહમાં ગાંધીજી શિમલા ગયેલા ત્યારે વાઈસરોયે એમની રહેવાની વ્યવસ્થા પોતાના તરફથી કરવાનો આગ્રહ રાખેલો, પણ ગાંધીજીએ એમના પ્રસ્તાવનો અસ્વીકાર કરતાં કહેલું કે, પોતે રાજકુમારી અમૃતકૌરને ત્યાં રહેવાના છે...

ગાંધીજી સાથે રાજકુમારીનો સંબંધ આત્મીય થઈ ગયેલો. ગાંધીજીએ પોતાના શરૂઆતના પત્રોમાં અમૃતકૌરને 'પ્રિય બહેન'નું સંબોધન કરેલું. એ પછી ખરલમાં પીસાતા સુખડની પેઠે સંબંધ સુવાસિત થતો ગયો. સંબોધન બદલાવા લાગ્યાં. 'મેરી પ્રિય અમૃત', 'મેરી પ્રિય વિદ્રોહી' અને અંતે 'મેરી પ્રિય મૂર્ખા' સંબોધન ગાંધીજી કરતા. એમાંથી અમૃતકૌરને 'મેરી પ્રિય મૂર્ખા' સંબોધન અત્યંત પ્રિય હતું. ગાંધીજી અને રાજકુમારી વચ્ચેનો પત્રવ્યવહાર પાછળથી 'રાજકુમારી અમૃત કૌર કો પત્ર' શીર્ષક સાથે પ્રકાશિત કરવામાં આવેલો.

ગાંધીજી કુશળ ઝવેરી હતા. રાજકુમારીનું હીર એમણે પારખી લીધેલું. એથી જ ભારત દેશ આઝાદ થયો ત્યારે પ્રથમ કેન્દ્રીય મંત્રીમંડળમાં રાજકુમારીને સ્વાસ્થ્ય મંત્રી બનાવવાની ભલામણ કરેલી. રાજકુમારી સ્વાસ્થ્ય ક્ષેત્રે કામ કરવામાં સો ટચનું સોનું સાબિત થયાં. સ્વાસ્થ્ય ક્ષેત્રે અત્યંત મહત્ત્વનાં કાર્યો કર્યાં. ૬ ફેબ્રુઆરી ૧૯૬૪ના એમનું મૃત્યુ થયું. રાજકુમારી ઈસાઈ હોવા છતાં એમની ઇચ્છા અનુસાર એમને દફન ન કરાયાં, પણ શીખ પરંપરા પ્રમાણે એમને અગ્નિદાહ દેવાયો. રાજકુમારીનો દેહવિલય થયો, પરંતુ એઈમ્સના સ્વરૂપમાં કાયમ જીવંત રહેશે! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# હાઈસ્પીડ એન્જિન છે જાણે એમનું મગજ

'હેં મમ્મી, તું આજે જ વાત કરી લઈશને પપ્પા સાથે?'

'શું વાત કરવાની છે?' વિહાની મમ્મીએ એના માટે નાસ્તાની તૈયારી કરતાં થોડા ચિડાયેલા અવાજે પૂછ્યું.

'અરે, ફરી પાછી ભૂલી ગઈને?'

વિહાએ પણ સામે ફરિયાદના સૂર રેલાવ્યા.

'તારી તો કેટલીય વાતો હોય છે. એમાં તું શેનું પૂછ-પૂછ કરે છે એની મને શી ખબર...?'

વિહાની મમ્મીએ છણકો કરતાં જવાબ આપ્યો.

વાત જાણે એમ હતી કે, વિહાને હવે સ્કૂલ બસ કે રિક્ષાને બદલે જાતે જ વાહન ચલાવવું હતું. આ માટે સાઈકલને બદલે વિહાબેને સીધી સ્કૂટી પર પસંદગી ઉતારી હતી. કારણ એટલું જ કે કલાસમાં એના ઘણાખરા ફ્રેન્ડ્સ હવે સ્કૂટર લઈને આવે છે અને એમાં સ્પીડની મજા અને સ્વતંત્રતાના આનંદ જેવાં કારણ સંતોષાઈ જતાં હોય છે. વિહાના મગજમાં સ્કૂટર લેવાની વાત જડબેસલાક બેસી ગયેલી. વિહાની મમ્મી આટલી નાની ઉંમરે વાહન ચલાવવાની ગંભીરતાઓ વિશે જાણતી હતી ને એ પણ લાઈસન્સ વગર! એ તો નરી મૂર્ખતા કહેવાય એટલે એ વિહાની વાતને ધ્યાને લીધાં વગર પોતાનું કામ કરતી રહી, પણ એમ લીધી લપ મૂકે તો એ વિહા શાની?

વિહાએ મમ્મીને પડતી મૂકી અને ઘરમાં દાદાને પકડ્યા. જોકે, લાડ કરવામાં કંઈ બાકી ના રાખનાર દાદા-દાદી, પપ્પા બધાંએ વિહાની માંગણીનો સામૂહિક નકાર કર્યો, પણ વિહાની લપ લગભગ રોજ ચાલુ રહી. એટલે એક દિવસ એની મમ્મીએ થાકી-હારીને તોડ કાઢ્યો:

'વિહા, સ્કૂટર લેતાં પહેલાં એને ચલાવતાં પણ આવડવું જોઈએ ને. એક કામ કર તું પહેલાં શીખી લેજે પછી જોઈશું.'


મમ્મીને એમ કે આવું કહેવાથી ટાઢા પાણીએ ખસ જશે, પણ વિહાને તો મજા પડી ગઈ. આમ પણ આજકાલ એને દરેક વાત ચેલેન્જ લાગતી અને એ પૂરું કરવા માટે જોખમ ઉઠાવવામાં ડરતી નહીં. વિહાનો આ વખતનો તોડ હતો રીવા. ભલે એ નવીસવી કોઈ હોસ્ટેલમાંથી વિહાની સ્કૂલમાં અધવચ્ચે એડમિશન લઈને આવી હોય, દેખાવ અને ફૅશન પરત્વે વધુ ચૂઝી હોય. વિહાના મિત્રવર્તુળમાં સારી એવી ભળી ગઈ હતી. વિહાએ બીજી જ ક્ષણે મમ્મીની સામે રીવાને ફોન લગાડ્યો:

'મને સ્કૂટર શીખવું છે, Will you help me?' રીવા તો રેડી, પણ અહીં મમ્મીના પેટમાં ફાળ પડી.

'વિહા, તને કહ્યું ને કે, હજુ તું એના માટે નાની છો. હવે રીવા કે એક્ટિવા બેમાંથી એક પણનું નામ લેવાનું નથી!'

મમ્મીએ વાપરેલા વિટો પાવર સામે વિહા સમસમી રહી, પણ બે જ દિવસ પછી એ રીવા સાથે સ્કૂટર શીખવા નીકળી પડી. ના એને પડી-આખડી જવાનો ડર હતો કે ના એને ઘરમાં પેરેન્ટ્સ ઠપકો આપશે એની કોઈ પરવા.

જોકે, ઘરમાં વિહાના આ (દુ)સાહસનો ખ્યાલ આવતાં એની ખબર લેવાઈ ગઈ.



'વિહા, તને કોઈનો ડર જ નથી રહ્યો. કોઈ વાત, વ્યક્તિ કે વર્તનમાં તને જોખમ કેમ નથી દેખાતું?'

પપ્પાના આ પ્રશ્નનો જવાબ વિહા પાસે નહોતો, કારણ કે એનું ટીનએજ માનસ આ વાતને રિસ્ક કે જોખમ તરીકે જોવા સક્ષમ નહોતું. ગુસ્સે ભરાયેલા એના પેરેન્ટ્સ બીજા દિવસે સ્કૂલમાં એવી ફરિયાદ કરવા ગયા કે, 'તમે શા માટે બાળકોને વાહન લઈ આવવાની પરવાનગી આપો છો...?'

એ સમયે શાળાના એક સિનિયર શિક્ષિકાએ બહુ સરસ વાત કહી કે, 'ટીનએજરના શબ્દકોષમાંથી ડર નામના શબ્દની હકાલપટ્ટી કરવામાં જોખમનો પૂરેપૂરો હાથ હોય છે. આ વાત ન તરુણો જાણે છે અને ન એમના પેરેન્ટસ. રિસ્ક હૈ તો ઈશ્ક હૈ!.. ટીનએજમાં રિસ્ક સાથે જ ઈશ્ક થઈ જવો એકદમ નૉર્મલ ગણાય છે. જે કોઈ પણ વાતમાં જોખમ કે થ્રિલિંગની ફીલિંગ આવતી હોય એ તરફ ફટાક દેતાં તરુણો વળી જતા હોય છે. વિચારીને કોઈ પગલું ભરવું - આમ કરવું ને તેમ ના કરવું આવું બધું એમના મગજમાં પ્રોસેસ થતું હોતું નથી. બહુ સ્પીડમાં વાહન ચલાવવું, ઊંચાઈનો ડર ના હોવો, કોઈ પણ પ્રકારનાં એડવેન્ચર તરફ આકર્ષાઈ જવું, નિયમો તોડવા, જે વસ્તુ કરવાની ના પાડવામાં આવી હોય એ સૌથી પહેલાં અને ધરાર કરવી. એવું બધું આ ઉંમરે એમના માટે સામાન્ય એટલા માટે છે કે રિસ્ક લઈને કંઈ શીખવું એ વિકાસનો એક અભિન્ન હિસ્સો છે...'

ટીનએજ બ્રેનમાં ડોપામાઈન હોર્મોનનો સ્રાવ સામાન્ય કરતાં વધુ થતો જોવા મળે છે. ડોપામાઈનને કારણે આપણી ન્યુરો સિસ્ટમની અંદર એક પ્રકારનો આનંદ-રોમાંચ અને મજાનું તત્ત્વ ઉમેરાતું હોય છે અને એક એવા પ્રકારનો યુફોરિયા(અતિઉલ્લાસની લાગણી) જન્માવે છે, જે નશાની માફક વારંવાર મેળવવા લલચાવતી રહે છે તો બીજી તરફ, હજુ એમનું મગજ પોતાની decision making skill એટલે કે નિર્ણય લેવાની ક્ષમતાને સંપૂર્ણપણે વિકસાવી શક્યું હોતું નથી એટલે શું સારું છે ને શું ખરાબ એ નક્કી નથી કરી શકતા. મગજને જે વાતમાં મજા આવે એ તરફ ખેંચી જાય. ટીનએજર્સને સતત એક પ્રકારનો રોમાંચ મેળવ્યા કરવાની ઝંખના ઓછી જ ના થાય એવું બનતું હોય છે એટલા માટે જ કેટલું રિસ્ક-જોખમ લેવું એની કોઈ ચોક્કસ વ્યાખ્યા એમના મગજમાં બંધબેસતી નથી.

વિહાના પેરેન્ટ્સ પેલા સિનિયર શિક્ષિકાની વાત એકચિત્તે સાંભળી રહ્યાં હતાં એટલે એમણે છેલ્લે એવું કહી વાત પૂરી કરી કે, 'વિહા માફક દરેક તરુણનું મગજ એક હાઈ સ્પીડ એન્જિન જેવું હોય છે ને એ પણ ડ્રાઈવર વગરનું. તેને યોગ્ય દિશા આપવી એ આપણા દરેકની નૈતિક જવાબદારી બની રહે છે...'

વિહાનાં પેરેન્ટ્સ પણ એ શિક્ષિકાએ કહેલી વાતને મમળાવતાં ઘર તરફ ચાલી નીકળ્યાં. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# ચહેરામાં તે વળી શું જોવાનું?



**પહેલાંના** જમાનામાં બાળક જન્મતું એટલે તરત જ બધાં સગાં-વહાલાં બાળકના ચહેરાને વાંચવા લાગતાં તેમ જ એનો ચહેરો કોને મળતો આવે છે એની ચર્ચા પણ એમની વચ્ચે શરૂ થઈ જતી. એ સમયે ચહેરો જોવાનો મહિમા ઘણો હતો અને પાછું મુખદર્શન એમ ને એમ મફતમાં નહીં, પણ ફૅમિલી સ્ટેટસ પ્રમાણે રકમ મૂકીને કરવામાં આવતું.

‘અલલલલ... ઉલુલુલુલુ... કેવો મીઠડો છે! દેસાઈ ફૅમિલીનો વારસદાર આવ્યો.’

‘પહેલે જ ખોળે વહુએ દીકરો જણ્યો. જે રાજકુમાર જેવો ગોરો ગોરો (પછી બાજુમાં કોણ ઊભું છે જોઈને વાક્યરચના બનાવીને) અને અદ્દલ એના પપ્પા જેવો રાજવી રૂપાળો ચહેરો ધરાવે છે. (પછી દાદા તરફ નજર પડતાં) ઉલુલુલુ... નાક ને નકશો તો એના મહાપ્રતાપી દાદા જેવો છે! દેસાઈ ખાનદાનનો વારસ છે. (પછી દાદીનું નાકનું ટેરવું ચડેલું જોયું કે તરત ફરી) ઉલુલુલુ... કેવું સરસ દાદી જેવું સ્મિત આપે છે! દાદીની દુઆ, પ્રાર્થનાઓ ફળી. દાદીના ખોળે શોભે એવો પાટવી કુંવર છે.’

ફોઈબાએ એક પછી એક પ્રસ્તુતિ ગાન કરીને, વાતાવરણમાં ફોઈબાનું મહત્ત્વ અને પ્રભુત્વનો પ્રકાશ પાથરીને છોકરાના હાથમાં કવર મૂક્યું. (કવર ખોલશે, ત્યારે જ ખબર પડહે.) અને હવે ફોઈબાને વજનવાળું વળતું કવર ભાઈ આપહે જ, એવી આશે કમુફોઈ બોલ્યાંઃ ‘આપણા પિતરાઈના રાહુલિયાએ તો મને અગાઉથી ફોન કરીને કહી દીધેલું કે ‘ફોઈ, દીકરો આવે કે દીકરી. ખુશખબર મળે, એટલે રહેવાય તેમ આવી રહેજો. તમારા માટે આ વખતે તમારી પસંદગીની સાડી માર્કેટમાં જઈને લઈ આવીશું. એકની એક ફોઈ છે...’ પિતરાઈભાઈના ઘરમાં હો મારું તો એટલું માન-પાન કે મારી તો આંખમાં પાણી આવી ગયેલાં!’

ગ્લિસરીન આંસુ પણ એક સેકન્ડ દેખાયાં. એ જોઈને દાદીએ ઊભાં થઈને એક કવર ફોઈબાને આપતાં કહ્યું કે, ‘બેનબા, તમને ગમે તેવી સાડી લઈ લેજો.’ મેલોડ્રામાનું પૂર ત્રાટકે, તે પહેલાં ફોઈબાને એમનો લાગો આપીને વાતાવરણ ખુશહાલ બનાવી દીધું.

હમણાં હૉસ્પિટલના કાયદા પ્રમાણે એક પેશન્ટ અને એની સાથે એક બીજી વ્યક્તિ રહી શકે. પહેલાં તો હૉસ્પિટલો જાણે જાહેર બગીચો કે પછી ચોપાટી હોય, એમ એકસાથે એમાં ગામેગામનાં બળદગાડાં કે બસો ઠલવાતી. એમાં ગામડામાં તો જન્મ હોય, મરણ હોય કે લગન હોય... સમૂહમાં હલ્લાબોલ કરવાનો રિવાજ હતો.

‘રામુભાઈના દીકરાને ત્યાં દીકરો જન્મ્યો.’ એમ ખબર પડતાં જ ગાડે ગાડા હૉસ્પિટલની બહાર ઠલવાતાં. રસ્તે ખાવાનાં પૂરી-શાક, લાડવા વગેરે અને હૉસ્પિટલનાં પડીકાંઓનો પૂરતો પુરવઠો લઈને બે-ચાર ગાડાં હુરતના ટેશન પર આવેલી હૉસ્પિટલ પર ઠલવાતા. ડૉક્ટરે માતા તેમ જ બાળકને આરામ આપવાનું કહીને વિદાય લીધી ન લીધી, કે તરત જ ગામે ગામનાં, અતિ દૂરનાં એવાં સગાં-વહાલાં કે પછી (હારે હારે બુધવાર કરનારાં) ‘ગાડું જોડેલું છે, તો તું હો બેહી જાને! એમાં હું થેઈ ગયું? આપણા પેલા મગનદાદાના બીજા નંબરના રામુના પોયરાને પોયરો આયવો છે. તું હો દૂરની ફોઈ જ કહેવાય. ચાલની હવે, હુરત હુધીનો હંગાત છે... ચાલની, તને તો હાલરડાં હો આવડતાં છે. તું ગવડાવજે, અમે ઝીલહું. હુરતના લોકોને હો ખબર તો પડવી જ જોઈએ ને કે ગામવાળા આવ્યા છે.’

‘જમની, તેં ગુંદર પાક લીધો કે ની? ને મોટીબા, તેં હુવાનો મુખવાસ ને રાબડીનો પાવડર... ને ફોઈબા, તમે મેથીપાક બનાવવાનાં હુતાં, તે હું થીયું? આમ તો મારો ભાઈ, મારો ભાઈ કરતી ફરે છે. હવે ભાઈને ઘેરે વારસદાર આવ્યો છે, તે ઘી, કોપરા, મેથીપાક, મુખવાસ ને ચહેરો જોવાનું ડાફૂ લીધું છે કે?’

આખે રસ્તે કોણે હું લીધું ને કોણે હું કરવાનું, એની રામાયણ ચાલે. વચ્ચે વચ્ચે એકાદ લડાકુ મંથરા પોતાનો જૂનો ડૂમો બહાર કાઢે અને વાતાવરણમાં સામસામે બે પક્ષ પડવાની તૈયારી થાય કે એકાદી ડહાપણની ખાણ સમી દાદી, મહાભારત શરૂ થાય તે પહેલાં ‘નરો વા કુંજરો વા’ કરતી બોલેઃ

‘બધીઓ લડવાની હોય અને આગલું-પાછલું ઉખેડવાની હોય તો મને અહીંયા જ ઉતારી દેજો. હું ગામ ભેગી થેઈ જાવાં.’

ગાડાવાળા હારે બેઠેલ દાદા હવે પોતાનો રૂઆબ બતાવતાં એક મોટો ખોંખારો ખાવાનું શરૂ કરે એટલે બધી કાબરો શાંત થઈ જાય. (કાનુડાનો ચહેરો જોવા જતી કાબરો, એકબીજાનો ચહેરો જોવામાં હામ હામે આવી જતે, પણ એ બધીઓને બેલેન્સ કરવા દરેક ગાડામાં એક એક દાદા પણ મૂકવામાં આવેલા હતા.

હજી કાનુડાનાં હગ્ગાં દાદા-દાદી, મામા-મામી, કાકા-કાકી કાનુડાનો ચહેરો જુએ, તે પહેલાં તો ગાડામાંથી ઠલવાયેલા બધા એક પછી એક ઉલુલુલુ... કરીને જાતજાતની ઉપમા, વિશેષણ અને આશીર્વાદ આપીને હૉસ્પિટલને ખરા અર્થમાં ગોકુળિયું બનાવી દે... અને એકાદી તો વળી, ‘નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી’ની જય બોલાવીને... કનૈયા કુંવરનાં હાલરડાં શરૂ કરી દે.

આજુબાજુ નિરાંતે ઊંઘવાની તૈયારી કરતાં ટાબરિયાં જાગી જઈને ઉં... ઉં... ઉં... કરી રડવાનું શરૂ કરે. (બાજુના ઓરડે શહેરી માતાનું બાળક રડતાં રડતાં કહે છે, ‘અમારાં હાલરડાં તો કોઈ ગાતું જ નથી!’) ભલી ભોળી ફોઈઓ, કાનુડાની ખોઈમાં જે મળે તે મૂકતી જાય અને કાનુડાનો ચહેરો જોવા આવી એનો આનંદ વ્યક્ત કરતી જાય.

ભાઈની એક હાડી કરતાં ભાઈના ઘરનો વારસદાર જોઈને રાજીની રેડ થયેલ ફોઈ હોય કે પછી ઘણીવાર અનેક માનતા પછી આવેલ ભાઈના વારસદારને લાડ લડાવતી ફોઈ હોય, જે ખરેખર સુગરીની જેમ કુટુંબના માળાને પણ સંબંધોનાં તાણાવાણામાં ગૂંથતી રહે છે અને ચહેરાઓની રેખાઓ વાંચતી રહે... ■

## ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જનઃ સ્ત્રી

# દીકરી ને પિતાની અતૂટ ગાંઠ...



ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

**ઘરની** મોભાદાર વ્યક્તિ જ્યારે દીકરીના ‘પિતા’ તરીકે પારંપારિક રૂઢિચુસ્ત સમાજમાં ઓળખાય છે ત્યારે તેની આંખમાં દીકરીના ઊભરાતા પ્રેમની ભીનાશ દેખાય છે.

- સ્ત્રીના દરેક સંબંધ વિશિષ્ટ જ છે, પરંતુ દીકરી અને ‘પિતા’ના પ્રેમને શબ્દોથી વર્ણવી શકાતા નથી.

-જ્યારે કોઈ દર્દ થાય ત્યારે જેમ ‘મા’ની યાદ આવે છે, તે જ રીતે કોઈ ઠોકર ખાતા કે ઠેસ વાગતાં ‘પિતા’ની જ સ્મૃતિ થાય છે.

પિતાની વાણીની ગંભીરતા જાણી છે પરંતુ તેના મનની નરમાશ તો તેની દીકરીની વિદાય ટાણે પ્રસ્તુત થાય છે.

- દીકરી પિતાના કાળજાનો કટકો છે.

- દીકરી કેવા પણ સંજોગોમાં હશે... એક પિતા જ તેની જીવાદોરી જાણી શકશે અને બીજી બાજુ પરગજુ બની રહેલી,પારકા દેશમાં વસતી એ દીકરીનું ચિત્ત ભલે પિયુ પાસે હોય છતાં તેની નજરમાં

- માવતરની ચિંતા.

- તેના હોઠે પિતાની યાદોનું મંદ મંદ હાસ્ય જ છલકાતું રહે છે.

- જેમ સ્ત્રી સ્વરૂપ ‘મા’ વિના અધૂરુ છે તેજ પ્રમાણે દરેક ‘પિતા’ની ઓળખ તેની પુત્રી વગર જાણે અધૂરી છે.

- જેમ કે દઢ વૈરાગી એવા નરસિંહ મહેતા પણ કુંવરબાઈ વિના અધૂરા હતા.

- દરેક ‘પિતા’ની દૃષ્ટિએ દીકરી વ્હાલનો દરિયો છે.

- શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જે મહત્ત્વ ભક્તિયોગનું છે તેવું જ મહત્ત્વ જીવનગીતામાં દીકરી યોગનું છે.

*****

**મોતી મોંઘા મૂલનાં**

તમે પૈસા પાછળ દોડો તો લોભિયા અને પૈસા બચાવો તો ચિંગૂસ અને ખર્ચા કરતા રહો તો ઉડાઉ. ઉપેક્ષા કરો તો આળસુ અને વ્યાજે મૂકો તો મૂડીવાદી અને ન મૂકો તો મૂર્ખ કહેવામાં દુનિયાને સહેજ પણ ખચકાટ થતો નથી તે સમજજો.

*****

લગ્ન પછી ઘણી સ્ત્રીઓ ઘણી વસ્તુઓ બદલી નાખે છે તમે કહેશો કે શું?

પોતાના પતિની ટેવો-કુટેવો પણ!

*****

કેટલાકનાં નસીબ આડે માત્ર પાંદડું જ હોય છે

જે ખસેડી શકાય, પણ કેટલાકના નસીબ આડે તો

તો આખું ઝાડ હોય છે!

સ્ત્રીને ખુશ કરવી છે? બે ટિપ્સ આપુંઃ

૧- તેના ખુદનાં વખાણ કરો

૨- અથવા બીજી સ્ત્રીની નિંદા કરો.

*****

પહેલાં માણસમાત્ર રોગથી કે રોગના નિદાન ન થવાથી મૃત્યુ પામતો.

આજે... દવાના અતિરેકથી!

*****

પહેલાંના જમાનામાં વીરો, શહીદવીરો પૂજાતા...

અને આજે... હીરો!

*****

પુરુષો હંમેશાં ઘરમાં હોટેલ જેવી ચા અને જમવાનું

અને હોટેલમાં...? ઘર જેવુંસ્તો!

*****

તમે ખાસ ધ્યાનથી જોશો તો મહિલા કૉલેજનો

ચોકીદાર વૃદ્ધ જ હશે...!

કેમ?... જુવાન ન રખાય!?

*****

વિદ્યાર્થીઓમાં વધુ પ્રિય થનાર શિક્ષક કદાચ

શિક્ષકગણમાં અપ્રિય હોય એવું પણ બને!

*****

માત્ર વધુ ખાવાથી નહીં- ખાતા જોવાથી પણ પેટમાં

દુઃખી શકે છે.

જમણા હાથથી દાન કરો તો ડાબા હાથને પણ ખબર ન પડે તેમ કરો... એવું કહેનારા જ નામની તકતીઓ લગાડવાનો આગ્રહ રાખતા હોય છે.

**પથ્થરની લકીર**

મનની મક્કમતા, વિચારોની દઢતા અને વ્યવહારની ચોકસાઈથી માનવીનું મૂલ્ય અંકાય છે! ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# જામેવાર બ્લાઉઝ... એક આગવી ઓળખ



ગમે તેટલી મોંઘી સાડી પેહરી હોય અને બ્લાઉઝ બરાબર ન હોય તો ઓવર ઓલ લુક આવતો જ નથી. બ્લાઉઝથી જ સાડીનો ઉઠાવ આવે છે. મોટા ભાગની મહિલાઓ સાડીમાં જે બ્લાઉઝ પીસ આવે છે તેનું જ બ્લાઉઝ કરાવે છે, પરંતુ જો તમારે કોઈ અલગ લુક જોઈતો હોય તો તમે જામેવારનું બ્લાઉઝ પેહરી એક આગવી ઓળખ ઊભી કરી શકો. જામેવાર એ એક વૈભવી કાપડ છે. જામેવારની શાલ અને વસ્ત્રો ખૂબ જ લોકપ્રિય છે. જામેવાર ફેબ્રિક ઉન અને રેશમના સૂક્ષ્મ તંતુઓ વડે બને છે. જામેવાર ફેબ્રિકમાં ખાસ કરીને પેઝલી અને ફ્લોરલ ડિઝાઈન જોવા મળે છે. જામેવાર ફેબ્રિકમાંથી બનાવેલાં કપડાં મોટા ભાગે લગ્નપ્રસંગ કે તેના અન્ય ફંક્શનમાં પહેરવામાં આવે છે. જામેવાર ફેબ્રિકમાંથી બનાવેલા કપડાનો લુક રોયલ આવે છે. ચાલો જાણીએ જામેવાર બ્લાઉઝ કઈ કઈ રીતે પહેરી શકાય.

કલોઝ નેક બ્લાઉઝ - જામેવારમાં કલોઝ નેક બ્લાઉઝ એક અલગ જ લુક આપે છે. કલોઝ નેક એટલે જે બ્લાઉઝની નેક લાઈન ગળું શરૂ થાય ત્યાં જ હોય તેને કલોઝ નેક કહેવાય. કલોઝ નેક સાથે એલ્બો સ્લીવ્ઝ ખૂબ જ સુંદર લાગે છે. ક્લોઝ નેક બ્લાઉઝની પેટર્ન સાથે પ્લેન સાડી ખૂબ જ શોભે છે જેમ કે, મરૂન કલરના જામેવારનું બ્લાઉઝ અને તેની સાથે ગોલ્ડન કલરની ટીસ્યુ અથવા ગોલ્ડન કલરની ઓર્ગેન્ઝાની સાડી એક આગવી ઓળખ ઊભી કરી શકે. જામેવારનું બ્લાઉઝ હોય ત્યારે પ્લેન સાડી પહેરી શકાય જેથી કરી બ્લાઉઝનો ઉઠાવ વધારે સારી રીતે આવી શકે અથવા તો જામેવારના બ્લાઉઝ સાથે સેલ્ફ ટુ સેલ્ફ ડિઝાઇનવાળી સાડી પહેરી શકાય. જો તમારું શરીર ભરેલું હોય તો જામેવાર ફેબ્રિકની જીણી ડિઝાઇન પસંદ કરવી. જેટલી જીણી ડિઝાઇન હશે તેટલો જ ડેલિકેટ લુક આવશે. ક્લોઝ નેક સાથે સાડીનો છેડો છુટ્ટો રાખી શકાય. ડીપેન્ડિંગ કે તમે કયા ફંક્શન માટે સાડી પહેરી છે.

સ્લીવલેસ/હોલ્ટર/ફૅન્સી - જામેવારનું સ્લીવલેસ કે હોલ્ટર બ્લાઉઝ સુડોળ યુવતી પર ખૂબ જ સુંદર લાગશે. જામેવારના સ્લીવ લેસ બ્લાઉઝની લેન્થ તમારી બોડી પ્રમાણે રાખી શકાય. જો તમારું શરીર સુડોળ હોય તો બસ્ટ લાઈન સુધી જ બ્લાઉઝની લેન્થ રાખવી. જો શરીર થોડું ભરેલું હોય તો કમર સુધી બ્લાઉઝની લેન્થ રાખવી અને સાઈડ પર ૧ ઈંચની સ્લીટ આપવી. આ સ્લીવલેસ બ્લાઉઝ સાડી અથવા કોઈ સોલિડ કલરના ઘાગરા સાથે પહેરી શકો. આ સ્ટાઈલના બ્લાઉઝ પ્લાઝો સાથે પણ પહેરી શકાય. જામેવારના સ્લીવલેસ બ્લાઉઝ મલ્ટી પરપઝ હોય છે. તમારી પસંદગી મુજબ તમે સ્ટાઇલિંગ કરી શકો. ઘણી યુવતીઓ જામેવારના સ્લીવલેસ બ્લાઉઝને ફૅન્સી લુક આપે છે જેમ કે, બ્લાઉઝ આખું જામેવારનું હોય, પરંતુ તેમાં સ્લીવ્સ કોઈ ફ્લોઈ ફેબ્રિકની હોય અને સ્લીવ્ઝ રેગ્યુલર સ્લીવ્ઝ ન હોય, પણ લેયરવાળી અથવા લોન્ગ ફ્રીલી સ્લીવ્સ હોય.જામેવારના શોર્ટ બ્લાઉઝ સાથે ફ્લોઈ ફેબ્રિકની સાડી ખૂબ સુંદર લાગશે. તમે આ લુક સાથે કમર પર પાતળો બેલ્ટ પણ પહેરી શકો. વાળમાં સેમી સોફ્ટ કર્લ્સ અને નો જ્વેલરી લુક સારો લાગશે અને જો જ્વેલરી પહેરવી હોય તો કાનમાં હેવી ઈયર રિંગ પહેરી શકાય.

ડબલ લેયર બ્લાઉઝ - ડબલ લેયર બ્લાઉઝ એટલે જે બ્લાઉસ ૨ પીસમાં બન્યું હોય. એટલે કે પહેલું બ્લાઉઝ કલોઝ નેક અથવા ઓપન નેકનું હોય. જેમાં સ્લીવ્ઝની લેન્થ તમારા બોડી ટાઈપ પ્રમાણે સિલેક્ટ કરી શકો અને પહેલાં બ્લાઉઝ પર બીજું બ્લાઉઝ પહેરવામાં આવે કે જે ઈન કટવાળું હોય અને જેકેટ સ્ટાઈલનું હોય. જો પહેલા બ્લાઉઝની લેન્થ ૧૭ ઈંચ હોય તો બીજા બ્લાઉઝની લેન્થ ૧૫ ઈંચ હોય અથવા તો પહેલું બ્લાઉઝ શોર્ટ હોય એટલે કે, ૧૫ ઈંચ અને તેની ઉપર બીજું બ્લાઉઝ કે જેની લેન્થ ૧૮ ઈંચ હોય. સામેથી જોવામાં લાગે કે આ ૨ બ્લાઉઝનું કૉમ્બિનેશન છે. જ્યારે ડબલ લેયર બ્લાઉઝ પહેરવામાં આવે ત્યારે વધારે હેવી લુક આવે છે. આ પેટર્ન પ્લેન સાડી સાથે સારી લાગી શકે અથવા કોઈ હેવી સાડી સાથે પણ પહેરી શકાય શરત માત્ર એટલી જ કે તમને ફેબ્રિકનું મિક્સ એન્ડ મેચ કરતાં આવડવું જોઈએ. ■

પ્રકરણ: ૩૧

# ચહેરા મહોરા

**દાદાજી, મને ખરા દિલથી પસ્તાવો થઈ રહ્યો છે. જીવનનાં મહત્ત્વનાં વર્ષો જેલમાં વિતાવ્યા બાદ પણ હું ધનની લાલચમાં આવી ગયો. મારી મતિ સુધરી નહીં....**

પ્રફુલ્લ કાનાબાર

‘ચાર દિવસનો સમય આપું છું આજથી બરોબર પાંચમા દિવસે અંકુશ તારી પાસે પહોંચી જશે!’ સત્તાવાહી અવાજ સાથે બાપુએ ત્યારે ફોન કાપી નાખ્યો હતો.

આ વાત યાદ આવતાં સોહનને એટલો તો ખ્યાલ આવી ગયો કે બાપુ અંકુશ મારફતે એના પર ધ્યાન રાખવા માંગે છે. એક વાર અંકુશ અહીં બંગલામાં આવે પછી સોહનની દશા સોનાના પિંજરામાં પુરાયેલા પોપટ જેવી થઈ જાય, કારણ કે અંકુશ બાપુનો જાસૂસ બનીને જ અહીં રહે એ વાત નજીકના ભવિષ્યમાં એના માટે થોડી અટપટી થઈ જવાની...

આ વાતના વિચારમાં મોડી રાત્રે સોહનની આંખ મળી. વહેલી સવારે સપનામાં મા દેખાણી જાણે એ કહેતી હતી: ‘દીકરા, એવું કોઈ કામ ન કરતો જેનાથી મારા આત્માને દુઃખ પહોંચે..’ માના હાથમાં એ જ શ્રીનાથજીનો ફોટો હતો જેની કાયમ એ પૂજા કરતી હતી.

અચાનક સોહનની આંખ ખૂલી ગઈ. સવારના પાંચ વાગ્યા હતા. સપનામાં દેખાયેલો શ્રીનાથજીનો ફોટો અને એની સાથે જોડાયેલી સ્મૃતિનું એક દૃશ્ય એની નજર સમક્ષ ઊભરી આવ્યું... માના અવસાન બાદ જ્યારે એ જામીન પર છૂટીને માના અગ્નિસંસ્કાર કરીને પાડોશી સરીતાબહેનનાં ઘરે ગયો હતો ત્યારે સરીતાબહેને જૂની ફ્રેમવાળો શ્રીનાથજીનો ફોટો આપતાં કહ્યું હતું:

‘સોહમ, હૉસ્પિટલે જતી વખતે કંચનબહેને આ ફોટો તને આપવાનું કહ્યું હતું.’

સોહમ ફિક્કું હસ્યો હતો. મારે આ ફોટાનું કોઈ કામ નથી.. તેના ભરોસે તો હું માને મૂકીને ગયો હતો, પણ તેણે મને દગો આપ્યો.

‘સોહમ, એમ ન બોલાય ગમે તેમ તોપણ એ ભગવાન છે.’ સરીતાબહેન ત્યારે બોલી ઊઠ્યાં હતાં.

‘મારે એવા ભગવાનનું કાંઈ કામ નથી જે મારી માની રક્ષા ન કરી શક્યો.’ સોહમનો અવાજ રૂંધાવા જેવો થઈ ગયો હતો.

‘ભલે સોહમ, આ ફોટો અમે જ રાખીએ છીએ તને જ્યારે ઠીક લાગે ત્યારે લઈ જજે.’ કરસનભાઈએ સોહમને કહ્યું હતું.

ઘડિયાળમાં પાંચ ડંકા પડ્યા. સોહમ વિચારમાં પડી ગયો.. આજે એ જ ફોટા સાથે મા સ્વપ્નમાં આવી હતી. સોહનને એકવાર અમદાવાદના જૂના ઘરે જવાની ઇચ્છા થઈ આવી. સવારે ડાઈનિંગ ટેબલ પર દાદાજી સાથે બ્રેકફાસ્ટ કરતી વખતે સોહને અમદાવાદ જવાની ઇચ્છા વ્યક્ત કરી.

યુવાન પૌત્રને વધુ પૂછપરછ કરવાનું યોગ્ય ન લાગતાં દાદાજીએ સોહનની એ જ દિવસની અમદાવાદની ફ્લાઈટની ટિકિટ અને ફાઈવસ્ટાર હોટેલમાં રૂમ બૂક કરાવવાનું સેક્રેટરીને કહી દીધું.

અમદાવાદ ઍરપૉર્ટ પર ઊતરીને સોહન નિયત બુકિંગ મુજબ શાહીબાગમાં જ આવેલી એક ફાઈવ સ્ટાર હોટેલમાં ઊતર્યો. બીજે દિવસે સવારે એ નરોડાની ચાલીએ જવા માટે નીકળ્યો જ્યાં એનું બાળપણ વીત્યું હતું. હોટેલની બહાર નીકળીને થોડું ચાલીને એણે રિક્ષા પકડી. જૂનીપુરાણી ચાલીમાં પગ મૂકતાં જ એક ચિરપરિચિત હવાની લહેર એના નાકને સ્પર્શીને આગળ નીકળી ગઈ. સોહનને મા યાદ આવી ગઈ. એની આંખમાં આંસુ ઊભરાયાં.

સોહન ભીની આંખે આગળ વધ્યો. આજે કેટલાં બધાં વર્ષો બાદ સોહન એ ચાલીમાં આવ્યો હતો... જ્યાં દારુણ ગરીબીમાં એનું બાળપણ વીત્યું હતું. આજે પણ એ જર્જરિત ચાલીના નકશામાં કે છાપરાવાળાં મકાનોમાં કોઈ જ ફેર પડ્યો નહોતો. બાળકો અને સ્ત્રીઓની થોડીક અવરજવર હતી. સોહન થોડું ચાલીને એના ઘર પાસે આવીને અટક્યો. બારણાના નકૂચા પર એ જ જૂનું કાટ ખાઈ ગયેલું તાળું ઝૂલતું હતું. બાજુમાંથી અચાનક સરીતાબહેન ડોકાયાં. સોહને એમની સામે જોયું. સરીતાબેનના ચહેરા પર પડી ગયેલી કરચલી એમની વધી ગયેલી ઉંમરની ચાડી ખાતી હતી. કોરું કપાળ વિધવા બની ગયાનું સાક્ષી બની ચૂક્યું હતું.

‘કોણ?’ સરીતાબેને કપાળ પર હાથ રાખીને પૂછ્યું.

સોહન સરીતાબેનના ચરણસ્પર્શ કરીને બોલ્યો:

‘..કાકી..હું સોહન. સોહનને એકાએક યાદ આવ્યું કે અહીં એની ઓળખ સોહમ તરીકેની છે. એણે તરત સુધારી લીધું.. સોહમ.

‘ઓહોહો.. આટલાં વર્ષે? સોહમ, સારું થયું તું આવ્યો. હું રોજ ભગવાનને પ્રાર્થના કરતી હતી કે જીવનના અંત પહેલાં એકવાર જો તું મળી જાય તો તારી માએ લખેલો કાગળ તને સોંપી દઉં.’

સોહમ ચમક્યો.. ‘માનો કાગળ?’

મા ભાંગ્યું તૂટ્યું ગુજરાતી લખી શકતી હતી એ એને યાદ આવ્યું, પણ માનો કાગળ? એનું આશ્ચર્ય શમવાનું નામ લેતું નહોતું. સરીતાબહેન એમના ઘરમાં ગયા. સોહમ પણ એમની પાછળ યંત્રવત્ દોરવાયો. સરીતાબેને દીવાલ પર લટકાવેલો શ્રીનાથજીનો ફોટો ઉતાર્યો. જૂની થઈ ગયેલી ફ્રેમમાં ભરાવેલો એક ફાટેલો કાગળ કાઢ્યો.

સોહમ ફાટી આંખે કાગળને તાકી રહ્યો.

‘દીકરા, આ કાગળ ફોટાની પાછળ ફ્રેમમાં સંતાડીને તારી માએ રાખ્યો હતો. મને પણ ખબર નહોતી. એક વાર કબૂતરે ફોટો પછાડ્યો. ફ્રેમ ખૂલી ગઈ અને આ કાગળ મારા હાથમાં આવ્યો.’

સોહમ બંને હાથમાં કાગળ પકડીને વાંચવા લાગ્યો:

દીકરા સોહમ,

જેને તું બાપુ કહેતો હતો એ તારો સાચો બાપ નથી. તારા બાપુએ મારો હાથ એવા સમયે પકડ્યો હતો, જ્યારે હું કુંવારી હતી... ગર્ભવતી હતી. મેં આપઘાત કરવા માટે સાબરમતીમાં ઝંપલાવી દીધું હતું. તારા બાપુએ જ મને બચાવી લીધી હતી. મારી સાથે લગ્ન કરીને તને બાપનું નામ પણ આપ્યું. એ સમયે તારા બાપુ દારૂ નહોતા પીતા. તું સમજણો થયો અને દારૂની લતે ચડ્યા બાદ તારા બાપુ મને ત્રાસ આપતા થયા. એનો ત્રાસ હું કેમ સહન કરતી હતી એ વાત હવે તને સમજાઈ ચૂકી હશે.

તારો સગો બાપ મુંબઈમાં રહેતા કરોડપતિ પરિવારનો એક નબીરો હતો. સ્ત્રી એના માટે માત્ર શરીરની ભૂખ સંતોષવાનું સાધન જ હતું. એ અમદાવાદ આવ્યો ત્યારે હું એની મોહજાળમાં ફસાઈ ગઈ હતી જ્યારે ખબર પડી ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. તારો સાચો બાપ પણ આજે હયાત નથી. એક રોડ અકસ્માતમાં એણે જીવ ગુમાવ્યો હતો. એ સમાચાર મને છાપા મારફતે જ મળ્યા હતા. એના વિષે હું વધારે તો જાણતી નથી, પણ એટલું જાણું છું કે એનું નામ લીલાધર બળવંતરાય પાટડિયા છે....

સોહમના પગ નીચેથી જાણે કે ધરતી સરકી રહી હતી. એ ત્રણેક વાર આખો કાગળ વાંચી ગયો. એણે ભીની આંખે શ્રીનાથજીના ફોટા સામે જોયું એના કાનમાં જાણે કે મંદિરની આરતીની ઝાલરનો ધ્વનિ સંભળાઈ રહ્યો. સોહમે ભાવપૂર્વક ભગવાનના ફોટાનાં દર્શન કર્યાં.

આજે એક નાસ્તિક વ્યક્તિનું સંપૂર્ણ આસ્તિકમાં પરિવર્તન થઈ ચૂક્યું હતું!

oooooooo

બીજે દિવસે રાત્રે બળવંતરાય શેઠના બંગલાના વિશાળ ડ્રોઈંગ હોલમાં સન્નાટો પથરાયેલો હતો. છેલ્લા કલાકમાં સોહમ એના જીવનની કિતાબનાં એક પછી એક પાનાં બળવંતરાય સમક્ષ નિખાલસતાથી ખોલી ચૂક્યો હતો.

બળવંતરાય સ્તબ્ધ થઈ ગયા હતા. એમણે નોંધ્યું કે જે યુવાન પૈસાની લાલચમાં અહીં સુધી આવ્યો હતો એનું હૃદયપરિવર્તન થઈ ચૂક્યું હતું. જોગાનુજોગ સોહમ એમના જ પુત્ર લીલાધરનો નાજાયઝ દીકરો હતો. સોહમ પર શક કરવાનો હવે કોઈ સવાલ જ ઊભો થતો નહોતો જેનાં બે કારણ હતાં. એક તો એ કે લીલાધરના ઐયાશ સ્વભાવથી બળવંતરાય સારી રીતે વાકેફ હતા. બીજું એ કે સોહમના હાથમાં એની માએ લખેલ કાગળ હતો અને અવાજમાં સચ્ચાઈનો રણકાર હતો!

બળવંતરાયને વધારે આઘાત એ વાતનો લાગ્યો હતો કે જે તુલસીરામ બાપુને એમણે ગુરુ માન્યા હતા એણે જ આ આખું ષડ્યંત્ર રચ્યું હતું. ક્યારેક ક્યારેક વધારે શ્રીમંત હોવું પણ બહુ મોટો અભિશાપ બની જતો હોય છે!

‘દાદાજી, મને ખરા દિલથી પસ્તાવો થઈ રહ્યો છે. જીવનનાં મહત્ત્વનાં વર્ષો જેલમાં વિતાવ્યાં બાદ પણ હું ધનની લાલચમાં આવી ગયો. મારી મતિ સુધરી નહી.’ સોહમની આંખમાં આંસુ ઊભરાયાં.

‘દીકરા, કદાચ આ જ તારી નિયતિ હતી. એ બહાને પણ તું તારા આ દાદાજી પાસે આવી ગયો. મને તારા પ્રત્યે કોઈ જ ફરિયાદ નથી, પણ એ તુલસીરામ બાપુને તો સજા થવી જ જોઈએ.’

‘દાદાજી, તુલસીરામ બાપુની શતરંજની ચાલમાં હું તો માત્ર એક પ્યાદું છું. અડાલજવાળા નંદગીરી ગોસ્વામી અને પેલો જેલમાં મને મળેલો શિખંડી જેવો અંકુશ પણ એમના જ સાગરીત છે.’

‘એ બધાને સજા થશે.’ બળવંતરાય મક્કમતાથી બોલ્યા:

‘એની કુટિલ નીતિ સામે આપણે પણ કોઈ ચાલ જ રમવી પડશે. શતરંજ ભલે એમણે પાથરી છે, પણ આ છેલ્લી ચાલ તો આપણી જ હશે, જેમાં એમના ચહેરા પરનાં મહોરાં આપણે જ ઉતારીશું ..!’

(ક્રમશઃ)■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ठणका | મહત્ત્વનું |
| ठसका | દ્રઢ |
| ठळक | ઉધરસ |
| ठऊक | વેદના |
| ठाम | માહિતગાર |

## ઓળખાણ પડી?

ભારતીય નૃત્ય અને સંગીતને સમર્પિત સંસ્થા ચલાવતા અને આ વર્ષે પદ્મ વિભૂષણથી સન્માનિત નૃત્ય નિપુણ મહિલાને ઓળખ્યાં?

અ) ઈલા ભટ્ટ
બ) અરૂંધતી ભટ્ટાચાર્ય
ક) મલ્લિકા સારાભાઈ
ડ) કુમુદિની લાખિયા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચ | ૨ ક | ૩ મ | ક | | ૪ ઓ | ળ | ૫ ખા | ણ | |
| ૬ ક | લ | મ | | ૭ સ | | | ડો | | ૮ પ |
| ચ | | ૯ તા | ૧૦ જ | મ | હે | ૧૧ લ | | ૧૨ અ | રિ |
| ૧૩ કિ | ટ | | ૧૪ પા | ર્થ | | ૧૫ વા | ૧૬ મા | | શ્ર |
| ત | | ૧૭ કા | ન | ન | | ૧૮ રો | મે | ૧૯ રો | મ |
| | ૨૦ વ | ળ | | | ૨૧ સં | | ૨૨ રુ | પ | |
| ૨૩ વ | ગ | | ૨૪ ચા | ૨૫ દ | ગી | ૨૬ રી | | | ૨૭ વા |
| ૨૮ હી | ર | ૨૯ ક | | ૩૦ ર | ત | લ | | ૩૧ રા | ત |
| વ | | ૩૨ પ | ર | વા | | | ૩૩ હ | મ | ચી |
| ૩૪ ટ | કો | રો | | ૩૫ જો | રા | વ | ર | | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | | ૧૦ | | | |
| ૧૧ | | | ૧૨ | | ૧૩ | | | ૧૪ | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| | ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | |
| ૨૦ | | | | | ૨૧ | | ૨૨ | | |
| ૨૩ | ૨૪ | | ૨૫ | ૨૬ | | | | | ૨૭ |
| ૨૮ | | ૨૯ | | | | ૩૦ | | | |
| | | | | ૩૧ | | | | | |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

### આડી ચાવી

૧. ખૂબ, અખૂટ (૪)
૪. વારસો મેળવનાર (૫)
૮. રસ્તો (૩)
૧૦. ઘરની પાછળનો ભાગ (૨)
૧૧. કીટક (૨)
૧૨. ધમધોકાર, પુરબહાર, કકડધજ (૪)
૧૪. ઉપકાર (૨)
૧૫. એક પ્રકારના જૈન આચાર્ય (૪)
૧૬. મહાનગરપાલિકા (૩)
૧૭. ગીચોગીચ, ઘોર, ભયાનક (૪)
૧૯. છ (૨)
૨૧. ગાઢું, ભયાનક (૪)
૨૩. --- નાકે દિવાળી- ગુ. કહેવત (૨)
૨૫. વેદના, વિસ્મયના ભાવનો ઉદ્ગાર (૩)
૨૮. એક રોગ (૩)
૩૦. નરસિંહ મહેતા --- વગાડતા (૪)
૩૧. સાંભળવું તે (૩)
૩૨. અડગ, અચળ (૪)
૩૩. સૃષ્ટિનો સર્જનહાર (૪)

### ઊભી ચાવી

૧. તરત ભડકો થાય એવું (૪)
૨. પેટીસની સાથે --- જોઈએ (૩)
૩. પૂરેપૂરું, સંપૂર્ણ (૨)
૫. કોઈ લતના --- ના ચડાય (૩)
૬. બગાડ, કોહવાટ (૨)
૭. ફેરા, ધક્કા (૫)
૯. જેમ આવે એમ (૪)
૧૨. ખેડૂત (૩)
૧૩. ધુંસરી, ધુરા, શરૂઆત (૨)
૧૪. ---માં પાંદડાં ખરે (૪)
૧૫. ગોળ કે કાકબ ભેળવેલી તમાકુ (૩)
૧૮. જીવ, પ્રાણ, દમ (૨)
૨૦. અઢળક, હદ વિનાનું (૪)
૨૧. માણસ સાંજે --- પાછો આવે (૨)
૨૨. ભારે માથાનો જંગલી બિલાડો (૩)
૨૪. સોમ, મંગળ, બુધ વગેરે (૨)
૨૬. મહેનત (૪)
૨૭. એક શસ્ત્ર (૪)
૨૯. શિયાળામાં --- પેટાવી તાપણું કરો (૩)
૩૦. બાંધેલો લોટ (૩)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના પૌત્રના દાદીની મમ્મીની એકમાત્ર દીકરી એ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી બ) પત્ની ક) સાળી ડ) બહેન

## જાણવા જેવું

પક્ષી શરીરને ઢાંકતા પીછાઓ સાથે પાંખો ધરાવે છે, જે તેમને ઊડવા અને ગરમ રાખવામાં મદદ કરે છે. જોકે, બધા પક્ષી ઊડી શકતા નથી. ઉદાહરણ તરીકે, પેંગ્વીન પાણીની અંદર તરવા માટે તેની પાંખોનો ઉપયોગ કરે છે. શાહમૃગ સૌથી મોટું પક્ષી છે અને તે ઊડી શકતું નથી, પરંતુ તે ખૂબ જ ઝડપથી દોડી શકે છે.

## સુડોકુ-૮૦૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | | ૧ | ૨ | | |
| ૧ | | | | | ૫ | | | ૬ |
| ૬ | ૯ | | | | ૨ | | ૮ | |
| ૮ | | | | | ૪ | | ૫ | |
| ૩ | | | | | | | | ૧ |
| | ૭ | | ૨ | | | | | ૪ |
| | ૫ | | ૭ | | | | ૬ | ૨ |
| ૨ | | | ૯ | | | | | ૭ |
| | | ૪ | ૧ | | | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૯ | ૧ | ૭ |
| ૯ | ૧ | ૬ | ૮ | ૩ | ૭ | ૫ | ૨ | ૪ |
| ૫ | ૨ | ૭ | ૧ | ૪ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૭ | ૬ | ૯ | ૪ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૮ | ૩ | ૪ | ૯ | ૬ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૭ | ૮ | ૬ | ૫ | ૯ |
| ૬ | ૯ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ | ૮ | ૧ |
| ૮ | ૭ | ૫ | ૯ | ૧ | ૬ | ૩ | ૪ | ૨ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં બાજરામાંથી બનતી વાનગી સંતાઈ બેઠી છે એ શોધી કાઢો

જીવનમાં સારા અને ખરાબ અનુભવ સૌને થતા હોય છે.

## નોંધી રાખો

જો લોકો તમને જરૂરત વખતે જ યાદ કરે તો માઠું ન લગાડવું, પણ ગર્વ કરવો કારણ કે અંધકાર હોય ત્યારે મીણબત્તી યાદ આવે છે.

## માઈન્ડ ગેમ

માનવ શરીરમાં બીલીરુબીન નામનું તત્ત્વ હોય છે. જો શરીરમાં એનું પ્રમાણ ખૂબ વધી જાય તો કયા રોગની શક્યતા હોય છે?

અ) સંધિવા બ) ડાયાબિટીસ
ક) કમળો ડ) અલ્ઝાઈમર

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| फडका | લૂગડાનો કકડો |
| फडतूस | તુચ્છ, નજીવું |
| फणी | કાંસકી |
| फत्तर | પથ્થર |
| फंद | પ્રપંચ, કાવતરું |

ઓળખાણ પડી?
મેલાનિયા

માઈન્ડ ગેમ
વેસ્ક્યુલર સર્જન

ગુજરાત મોરી મોરી રે
પત્ની

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ગન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ગીતા ઉદેશી (૮) પ્રતિમા પમાણી (૯) નીતા દેસાઈ (૧૦) ભારતી બુચ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) મીનળ કાપડિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) નુતન વિપીન (૨૮) પ્રવીણ વોરા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) ભાવના કર્વે (૩૨) કલ્પના આશર (૩૩) વિણા સંપટ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) વિજય આસર (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) અરવિંદ કામદાર (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) સુરેખા દેસાઈ (૪૪) રમેશ દલાલ (૪૫) હિના દલાલ (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) નિતીન બજરિયા (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) નંદકિશોર સંજાણવાળા

# પુરુષ

# ‘સુખી રહેજો’ના બે શબ્દમાં વડીલ માત્ર આશીર્વાદ જ નહીં, અભિગમ પણ આપે છે!

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



આપણા વડીલો સામાન્ય રીતે આશીર્વાદ આપતા હોય છે કે, ‘સુખી રહેજો.’ આ આશીર્વાદ આપણા જીવન સાથે એટલા બધા સહજ રીતે વણાઈ ગયા છે કે આપણે હવે વડીલો દ્વારા કહેવાતા એ શબ્દો તરફ ધ્યાન પણ નથી આપતા !

જોકે, આ બે શબ્દ એ માત્ર આશીર્વાદ નથી, પરંતુ એ બે શબ્દમાં અપાતું લાઈફ લેશન પણ છે. એને સમજવામાં અને તેનું અનુસરણ કરવામાં આપણે બધા ગોથું ખાઈ જઈએ છીએ! બાકી, ‘સુખી રહેજો’ એમ કહે એમાં વડીલોનો ઈશ્વરને કદાચ પ્રાર્થના કરવાનો ભાવ તો હશે કદાચ, પરંતુ સુખ એ જાદુગરની છડીનું કે ચમત્કારનું મોહતાજ નથી કે ચમત્કાર થયો અને ઓહોહોહો આપણા ખોળામાં સુખ ખરી પડ્યું !

સુખ તો આપણો દૃષ્ટિકોણ અને અભિગમ છે. એને આપણે કઈ રીતે જોઈએ છીએ અને એને કઈ રીતે માણીએ છીએ એના પર બધો આધાર છે. બાકી, ઈશ્વરે તો જે આપવાનું હતું એ આપી જ દીધું છે. એણે હાથપગ આપ્યા છે, દૃષ્ટિ આપી છે, અનુભૂતિ આપી છે અને વિચારવાની ક્ષમતા આપી છે. આનાથી વિશેષ જોઈએ જ શું ? અને આ પણ ઓછું હોય એમ આપણને અખૂટ પ્રેમ કરે એવા સ્વજનો આપ્યા છે, પ્રેમની મૂડીના વ્યાજરૂપે મિત્રો આપ્યા છે, ભૌતિકતા માણી શકીએ એ માટે આપણા ખપ મુજબની સમૃદ્ધિ આપી છે અને એ સમૃદ્ધિને માણી શકીએ એવું સ્વાસ્થ્ય આપ્યું છે ! હજુ કેટલુંક સુખ હવે ઈશ્વર આપવાનો? અને એની પાસે હજુ માગવું પણ કેટલું?

એનો અર્થ એ થયો કે સુખ તો આપણી પાસે છે જ. પણ ડખો એ છે કે આ બધુ હોવા છતાં ય આપણે સુખી નથી , કારણ કે આપણને સુખને માણતા આવડતું નથી. અને એટલે જ વડીલોના આશીર્વાદ ‘સુખી રહેજો’ને હું એક લાઈફ લેશન કે જીવનને જીવવા-માણવાની સ્ટ્રેટેજી તરીકે જોઉં છું : ભાઈ, આપણે અભિગમ બદલવો પડશે અને આપણે આપણી જાતને સતત અહેસાસ અપાવતા રહેવું પડશે કે આપણી પાસે જે કંઈ છે એને લઈને આપણે ગ્રેટફૂલ રહીએ અને ખાસ તો કોઈ પણ સંજોગમાં ખુશ રહેતા શીખીએ !

હવે કોઈ કહેશે કે અમે તો કોઈ પણ સંજોગમાં ખુશ રહીએ જ છીએ એટલે અમને આ બધી ફિલોસોફી મીડિયોકર લાગે છે. ઓકે... તો પછી એ કોણ છે જે સામેના માણસના કોઈ પણ વર્તનથી પ્રભાવિત થાય છે અને સામેના માણસ પ્રત્યે મનમાં કટુતા આણે છે. એ કોણ છે? જે એમ માને છે કે હું જ બહુ હોશિયાર અને સત્યનું પૂતળું છું અથવા તો સામેના માણસને કંઈ સમજાતું નથી! એ કોણ છે? જેને સાવ નાની નાની વાતોમાં ફરિયાદ કરે છે કે મારી પાસે આમ નથી અથવા તો મને લોકો ટાર્ગેટ કરે છે કે મારી કોઈ વાત નથી માનતું અને એ કોણ છે, જે હંમેશાં કોઈને બતાવી દેવા માટે અથવા કોઈને કશુંક પ્રૂવ કરવા માટે સતત મથામણમાં રહે છે? અને હા, એ કોણ છે જે એના વર્તમાનને નથી માણતું અને સતત ભૂતકાળના રોદણામાં અથવા ભવિષ્યની ચિંતામાં પોતાના વર્તમાનને દોજખ બનાવી રહ્યો છે.?

જો એ તમે નહીં હો તો તમને લાખ લાખ વધાઈઓ, પરંતુ જો તમે ઉપરોક્ત ગણાવી એ સ્થિતિમાં કે કોઈ વિશેષ સ્થિતિમાં કારણ વિનાની પીડાઓ ઊભી કરો છો તો સુખી થવાની વાતને એક રણનીતિ તરીકે સ્વીકારવાની થાય છે., કારણ કે ઈશ્વરે જે કામ કરવાનું હતું એ કામ તેણે કરી દીધું છે. હવે આપણે જ એવો અભિગમ કેળવવો પડશે કે બધા અવરોધો સાથે કે આપણને ન ગમતા લોકો- પરિસ્થિતિ કે સંજોગોમાં પણ આપણે ખુમારીપૂર્વક સુખી થઈએ! ■

## છોકરીઓને દાઢીવાળા પુરુષ કેમ ગમે છે?



આજકાલ પુરુષોમાં દાઢી રાખવાનો ટ્રેન્ડ ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યો છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સ્ત્રીઓને દાઢીવાળા પુરુષો વધુ ગમે છે. ચાલો જાણીએ આ પાછળનું કારણ...

આજકાલ છોકરાઓમાં દાઢી રાખવાનો ટ્રેન્ડ ઘણો વધી ગયો છે. તે જ સમયે કેટલાક લોકો મૂંઝવણમાં રહે છે કે તેમણે ક્લીન - શેવન રહેવું જોઈએ કે દાઢી રાખવી જોઈએ. બંને દેખાવ વિશે દરેકનો પોતાનો અભિપ્રાય છે. પણ દાઢીવાળા છોકરાઓ સારા લાગે છે. છોકરીઓને ક્લીન-શેવન પુરુષો કરતાં દાઢીવાળા પુરુષો વધુ ગમે છે. એક અભ્યાસે આ વાતનો ખુલાસો કર્યો છે કે આ પાછળનું કારણ શું છે.

**અભ્યાસ શું કહે છે?**

આર્કાઇવ્સ ઓફ સેક્સ્યુઅલ બિહેવિયરમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ દાઢી ધરાવતા પુરુષો નવા જીવનસાથી શોધતા નથી. તેઓ તેમના જીવનસાથી સાથે રહે છે. જ્યારે ક્લીન શેવ પુરુષો વધુ પાર્ટનર રાખવા માગે છે. આ જ કારણ છે કે છોકરીઓ ક્લીન શેવ કરેલા પુરુષોને બદલે દાઢીવાળા છોકરાઓને વધુ પસંદ કરે છે.

**મહિલાઓ પર કરવામાં આવેલ સંશોધન**

ક્વીન્સલેન્ડ યુનિવર્સિટીના સંશોધકોએ દાઢીવાળા અને દાઢી વગરના પુરુષો પ્રત્યે મહિલાઓનાઢ્ઢ મંતવ્યો જાણવા માટે લગભગ ૮,૫૦૦ મહિલાઓનો સર્વે કર્યો. આ સર્વે યુરોપિયન અને અમેરિકન દેશોમાં કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં જાણવા મળ્યું છે કે સ્ત્રીઓ લગ્ન માટે દાઢીવાળા પુરુષોને પસંદ કરે છે. ક્લીન શેવ્ડ પુરુષો કેઝ્યુઅલ સંબંધો માટે યોગ્ય માનવામાં આવે છે.

**પરિપક્વ**

રિપોર્ટ અનુસાર દાઢી માણસને પરિપક્વ અને સામાજિક રીતે પ્રતિષ્ઠિત બનાવે છે. સ્વચ્છ ચહેરા પર દાઢી ખૂબ જ આકર્ષક લાગે છે. ક્વીન્સલેન્ડ યુનિવર્સિટી દ્વારા ૨૦૧૬ માં કરાયેલા એક અભ્યાસ મુજબ લાંબી દાઢી ધરાવતા પુરુષો લાંબા અને ઊંડા સંબંધની શક્યતા દર્શાવે છે. આ જ કારણને લીધે સ્ત્રીઓને દાઢીવાળા પુરુષો વધુ ગમે છે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બાળકને અંગ્રેજીમાં ભણાવવું કે ગુજરાતીમાં?

ડિયર હની,

આપણા ઘરમાં ઘણીવાર આ વિષે ચર્ચા થઇ છે. દીકરીને શાળાએ મુકવાની વેળા આવી ત્યારે ચર્ચા થઇ હતી. સારી વાત એ હતી કે, આપણા બંનેના વિચાર સરખા હતા. નહીં તો આ મુદ્દે ઘણાં બધાં ઘરમાં આ ચર્ચા વિવાદના સ્તરે પહોંચી જતી હોય છે.

હવે તો મોટાભાગના વાલીઓ પોતાના બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરવા માગે છે. જેમની આર્થિક સ્થિતિ સારી હોય એ તો બહુ જાણીતી શાળામાં એડમિશન લે છે ને ઘણા વાલીની આર્થિક સ્થિતિ સારી ના હોય તો પણ એ નામી અંગ્રેજી શાળામાં બાળકનું એડમિશન લે છે. પછી ફી ભરવા લોન લે છે.

ઘણાં વર્ષોથી એ ચર્ચાનો મુદ્દો છે કે, બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવું કે અંગ્રેજી માધ્યમમાં. હવે એક પ્રકારે ઘેલું લાગ્યું છે કે, બાળકને અંગ્રેજીમાં માધ્યમમાં જ ભણાવવું. મોટાભાગના વાલી એમ જ માનતા થયા છે કે, એમનું સંતાન અંગ્રેજી માધ્યમમાં નહીં ભણે તો એ દુનિયાની રેસમાં પાછળ પડી જશે. કેટલાક તો નામી અંગ્રેજી સ્કૂલમાં સંતાનના પ્રવેશ માટે શું શું નથી કરતા? રાજકારણીઓની લાગવગથી માંડી ના કરવાના ફંડા અજમાવે છે.

તને યાદ છે ઈરફાન ખાનની પેલી ફિલ્મ: ‘હિન્દી મિડિયમ’? એમાં પોતાના બાળકને અંગ્રેજી મિડિયમની શાળામાં એડમિશન માટે પિતા ગરીબ બની જાય છે અને પછી એ ક્વોટામાંથી એડમિશન મેળવે છે. આ હદ સુધી આપણને અંગ્રેજીનું ઘેલું લાગ્યું છે.

હમણા એક સર્વે ગુજરાતમાં થયો છે. એમાં ઘણા વાલીઓનાં મંતવ્યો પરથી એવું તારણ આવ્યું છે કે, આસપાસના લોકો એમનાં સંતાનને અંગ્રેજીમાં ભણાવે છે એટલે એ પણ પોતાનાં બાળકને અંગ્રેજીમાં ભણાવે છે. બીજું કે, પોતાનું સંતાન અંગ્રેજીમાં નહિં ભણે તો જિંદગીની દોડમાં પાછળ રહી જશે...

આ સર્વેમાં એવું ય કહેવાયું છે કે, સમસ્યા કઈ કઈ છે. એક તો મા- બાપ જો અંગ્રેજી જાણતા ના હોય અને બાળક અંગ્રેજી માધ્યમમાં ભણતું હોય તો સમસ્યા એ થાય છે કે, મા-બાપ બાળકની અંગ્રેજી મુદ્દે મદદ કરી શકતાં નથી. આનાથી બાળકની હાલત બહુ ખરાબ થાય છે. એ સારું અંગ્રેજી ભણી નથી શકતો અને ગુજરાતી (માતૃભાષા ) ભૂલતો જાય છે. બાવાના બે ય બગડે છે. બાળક પછી થોડું સાચું ઓછું ને ખોટું અંગ્રેજી વધુ શીખી જાય એટલે બહુ પોરસાય છે. ઘરમાં કોઈ મહેમાન આવે ત્યારે બાળકને પરાણે અંગ્રેજીમાં કોઈ રાઈમ્સ બોલાવાય છે અને મા- બાપ ગર્વ લે છે. સુરેશ દલાલની પેલી કવિતા યાદ આવી જાય છે...

પડોશીએ કહ્યું કે હવેનાં છોકરાંની તો વાત જ જવા દો. મારી બેબી શું સરસ રીતે કૃષ્ણ ભગવાનની વાત કરે છે, જેમકે ‘ કૃષ્ણનો રંગ તો ડાર્ક હતો. એને બટર બહુ ભાવે. ફ્રીજ ખોલ-બંધ કરે અને બટર લઈ લે. બોલથી રમ્યા જ કરે, એક દિવસ બોલ રિવરમાં પડ્યો ને નાગની વાઈફે પછી બોલને અને લોર્ડ કૃષ્ણાને બચાવી લીધા.... શું સ્માર્ટ જનરેશન છે ! જનરેશન ભયો ભયો જનરેશન જિયો જિયો, જિયો જિયો, ભયો ભયો ! ભયો ભયો, જિયો જિયો!’

અંગ્રેજી ભણવું એ કોઈ રીતે ખોટી વાત નથી, પણ અંગ્રેજી માધ્યમમાં જ ભણવું એવો દુરાગ્રહ ખોટો છે. ઘણાં જ્ઞાનીઓ કહે છે એમ બાળકને માતૃભાષામાં ભણાવવું જોઈએ, કારણ કે એમાં એ જ્ઞાનને સારી રીતે ઝીલે છે- સમજી શકે છે. એનો માનસિક વિકાસ સારી રીતે થાય છે.

હવે તો નવી શિક્ષણ નીતિ પણ એમ જ કહે છે કે, ધોરણ પાંચ સુધી માતૃભાષામાં જ બાળકને ભણાવવું જોઈએ. જોકે, આ વાત આપણે સમજતા નથી. મોટાભાગના દેશોમાં બાળકને માતૃભાષામાં જ ભણાવાય છે.

હા, માતૃભાષામાં શિક્ષણ મેળવો એમાં એક વિષય તરીકે અંગ્રેજી જરૂર હોવું જોઈએ. અંગ્રેજી જરૂરી છે, કારણ કે એ વૈશ્વિક ભાષા છે. વેપાર ઉદ્યોગની કે પછી નોકરી વ્યવસાયની આંતરરાષ્ટ્રીય ભાષા છે. એના વિના ચાલવાનું નથી, પણ માતૃભાષામાં ભણતા ભણતા અંગ્રેજી સારી રીતે ભણી ના શકાય એવી માન્યતા ખોટી છે.

મારી જ વાત કરું તો અમે ગુજરાતી મિડિયમમાં ભણ્યા છીએ, પણ અંગ્રેજી પણ સાથે ભણ્યા. નામી લેખકોની યાદી ચકાસજે એ મોટાભાગે માતૃભાષામાં ભણ્યા હશે, છતાં પણ એમનું અંગ્રેજી બહુ મજાનું છે.

અંગ્રેજી ભાષાના વળગણનાં કારણે પ્રાદેશિક ભાષામાં ભણતા વિદ્યાર્થીઓમાં એક લઘુતાગ્રંથિ બંધાય છે, જે એમને આગળ જતા નડતરરૂપ બને છે. હા, એ વાતે ય સાચી જ છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ હોય કે ઉચ્ચ શિક્ષણની વાત હોય એમાં પ્રાદેશિક ભાષામાં ભણેલા વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમમાંભણેલા વિદ્યાર્થીઓ કરતાં સારું પરિણામ લાવે છે.

આ વાત ધ્યાને લેવા જેવી કે બાળકને શાળાએ બેસાડવાનો વેળા આવે ત્યારે સમજીને નિર્ણય લેવો જોઈએ. અંગ્રેજી પણ એ સાથે સાથે શીખે એ જરૂરી ગણવું જોઈએ.

તો બાળકનો વિકાસ સારી રીતે થઇ શકશે, પણ ગુજરાતી કે માતૃભાષાનાં માધ્યમની શાળાઓમાં અંગ્રેજી સારી રીતે શીખવાય એ પણ જરૂરી છે.

મારી આ વાત સાથે તું સહમત થઇ હતી એ વાતનો આનંદ છે.

તારો બન્ની.

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# પરદેશની ઠંડી... તોબા!

## આ પણ એક કારણ છે વૃદ્ધાશ્રમમાં સ્થાંળતર કરવાનું...

**તાજેતરમાં** લોનાવલા જવાનું થયું. એક અઠવાડિયાનું રોકાણ હતું. એ દરમિયાન લોનાવલાથી આજુબાજુ આવેલા વૃદ્ધાશ્રમની મુલાકાત લેવાનું નક્કી કર્યું હતું, જેથી બે- ત્રણ જાણવા જેવી વાત મળી રહે.

ડિસેમ્બરમાં લોનાવલાનું હવામાન આહ્લાદક હોય તેથી મોસમની મજા લઈ શકાય. લોનાવલાની આસપાસ આવેલાં વૃદ્ધાશ્રમો વિષે તપાસ કરી. એમાંથી એક લોનાવલાથી ૧૬ કિલોમીટરના અંતરે હતો ને બીજો ૩ કિલોમીટર દૂર હતો. સૌપ્રથમ લોનાવલાથી ૧૬ કિલોમીટર દૂરના વૃદ્ધાશ્રમમાં ગઈ.

લીલીછમ્મ જગ્યા મનમાં લીલોતરી ઉગાડવા સક્ષમ. એકાંત અને નિરવતા માણસને પોતાની અંદર જોતા શીખવી દે- જાત સાથે મેળવી દે. જેમને આવું વાતાવરણ ગમતું હોય એમને માટે આવું સ્થળ ગમે પછી મુંબઈની ફાસ્ટ લાઈફ યાદ આવવા માંડે.

જોકે વૃદ્ધાશ્રમના સંચાલક સાથે વાત કરી ત્યારે ખબર પડી કે અહીં પણ એ લોકો વિવિધ કાર્યક્રમોનું, રમતગમતનું, સત્સંગનું આયોજન કરતા રહે છે એમાં વિસ્તાર એકદમ શાંત છે એનો લાભ મળે છે.

એકાદ અઠવાડિયાથી અહીં આવેલાં બહેન સાથે વાતચીત શરૂ કરી. આપણે એમને જયશ્રીબહેન કહીશું. એ મરાઠી ભાષી હતાં. વાતની શરૂઆતથી એમણે મરાઠીમાં બોલવાનું ચાલુ કર્યું એટલે મારે કહેવું પડ્યુંઃ ‘બહેન, આપણે હિંદીમાં વાત કરીએ? મને મરાઠી વધારે ફાવતું નથી.’

એ પછી અમારો સંવાદ હિન્દીમાં થયો. ‘ક્યારે આવ્યા?’ સવાલના જવાબમાં બહેને કહ્યું, ‘એકાદ અઠવાડિયું થયું.’

‘ઓહ, એક અઠવાડિયું જ થયું છે?’

‘દર વર્ષે હું અહીં ત્રણ ચાર મહિના આવું છું!’

‘ક્યાંથી આવ્યા?’

‘યુએસએથી.’

‘ઓહ.’

‘હા, દર વર્ષે ત્યાં વિન્ટરમાં ઠંડી બહુ પડે, જે મારાથી સહન થતી નથી એટલે અહીં આવી જાઉં છું અને આ જગ્યામાં જ રહેવાનું રાખું છું. મારી માફક આ જ કારણસર ઘણાં સિનિયર સિટીઝન શિયાળામાં અહીં આવી જાય છે..

‘આપણાં દેશમાં તમારું ઘર નથી?’

જવાબમાં જયશ્રીબહેન કહે : ‘છે ને, અમારું ઘર છે મુંબઈમાં.’

‘તો પછી ઘરે રહેવાને બદલે અહીં વૃદ્ધાશ્રમમાં કેમ ?’

‘જુઓ બહેન, ઘરે રહેવું હોય તો પહેલાં તો આવીને ઘરની સાફસફાઈ કરાવવી પડે. પછી દાણો પાણી ભરવો પડે. પછી કામવાળા અને રસોઈવાળા શોધવા પડે. વળી રોજ શાકભાજી, ફળફળાદિ અને બીજી જરૂરી ચીજવસ્તુઓ લાવવાની કે મગાવવાની માથાકૂટ કરવી પડે. અને પાછું જવાનું થાય ત્યારે બધું પેક કરવાનું, ઘર બરાબર બંધ કરવાની મહેનત કરવી પડે. હવે આ ઉંમરે આવી બધી મજૂરી કોણ કરે? એના કરતાં તો અહીં સારું. આવીએ એટલે તૈયાર, સ્વચ્છ રૂમ મળે. ગરમ નાસ્તો, ચા-પાણી, જમવાનું બધું જ મળી રહે. પૈસા આપી દો પછી કોઈ ફિકર નહીં, કોઈ ઝંઝટ નહીં. સાજેમાંદે ડોકટરની સગવડ પણ છે, જેથી વિદેશ રહેતાં આપણાં સંતાનોને ચિંતા ન રહે.’

જયશ્રીબહેન યુએસમાં પોતાની દીકરી સાથે રહે છે. દીકરી જોબ કરે છે. જયશ્રીબેન સરસ રીતે દીકરીનું ઘર સાચવે છે. રસોઈ પાણી પણ કરે. દીકરીનાં બાળકોની સંભાળ પણ રાખે, પણ જેવી ઠંડી શરૂ થાય કે એમની તબિયત બગડવા માંડે. એમને અસ્થમા છે. ઠંડીમાં બહુ તકલીફ પડે.. રૂમમાં હીટર ચાલુ કર્યા પછીયે ધાબળો ઓઢીને પથારીમાં પડ્યા રહેવું પડે...... દીકરીથી માની આ દશા જોવાય નહીં. તેથી એ માતાને વિન્ટરમાં ઈન્ડિયા મોકલી દેવા એવું નક્કી કર્યું.

પહેલીવાર આ ઠંડીના કારણે જયશ્રીબહેનને ઈન્ડિયા મોકલ્યાં ત્યારે પોતાના ઘરે માટુંગા જ રહ્યાં, પણ એ વખતે પોતાની મમ્મીને જે મુશ્કેલીઓ નડી તે સાંભળીને દીકરીએ નક્કી કર્યું કે આ ઉંમરે માને આવી રીતે ન મોકલાય.એક દિવસ એની સાથે કામ કરતી નિશાએ વાતમાંથી વાતમાં જણાવ્યું કે એના સાસુ-સસરા દર વર્ષે વિન્ટરમાં ભારત જાય છે ત્યારે સિનિયર સિટીઝન હોમમાં રહે છે. દીકરીને આ વાત પણ જચી ગઈ. પછી એણે એવાં વૃદ્ધાશ્રમની શોધ આદરી જ્યાં પોતાની મમ્મી ચાર-પાંચ મહિના આરામથી, શાંતિથી કોઈ ચિંતા વગર રહી શકે. કોઈ સગાં-સંબંધી ચાહે તો એને મળવા આવી શકે. વળી મમ્મીને પણ બે-ચાર દિવસ મુંબઈ કોઈ સ્નેહી કે મિત્રને મળવા જવું હોય તો જઈ શકે... મમ્મીને અમેરિકાની ઠંડીમાંથી બ્રેક પણ મળી જાય, તબિયત પણ સચવાઈ જાય અને પોતાના દેશમાં જઈ આવ્યાનો સંતોષ પણ થાય.

આમ બીજા વર્ષે જયશ્રીબહેનની પુત્રીએ યોગ્ય તપાસ કરીને લોનાવલાનું આ વૃદ્ધાશ્રમ પસંદ કર્યું ને જાતે મમ્મીને લઈને લોનાવલા આવી ને એને મૂકીને પરત ફરી. બસ ત્યાર બાદ જયશ્રીબહેન જાતે જ અહીં દર વર્ષે શિયાળો વિતાવે છે.

લોનાવલામાંય થોડી ઠંડી તો હોય છે પણ જયશ્રીબહેન કહે છે, ‘ત્યાંના પ્રમાણમાં આ ઠંડી તો કાંઈ નથી. આ ઠંડી તો મને ફુલગુલાબી લાગે છે !’

જયશ્રીબહેનની માફક જ ઘણાં વયસ્કો શિયાળામાં ઠંડા પ્રદેશમાંથી ભારત આવે છે. કેટલાંક પોતાનું ઘર ખોલીને રહે છે તો ઘણાં પોતાના ઘર હોવા છતાં ત્રણ-ચાર મહિના વૃદ્ધાશ્રમમાં રહેવાનું પસંદ કરે છે. ■

# સેન્સેક્સમાં 300 પોઇન્ટનો ઘટાડો: ટ્રમ્પની ટ્રેડ વોર સાથે બજારની નજર હવે આરબીઆઇ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટ્રેડ વોરનો ભય હજુ અકબંધ હોવા સાથે આરબીઆઇના નિર્ણય અગાઉની સાવચેતીના માનસ વચ્ચે પ્રોફિટ બુકિંગ અને વેચવાલીનું દબાણ વધતા સેન્સેક્સ ૩૦૦ પોઇન્ટ ગબડ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩,૭૦૦ની નીચે સરકી ગયો હતો. નોંધવુ રહ્યું કે, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા દ્વારા મેક્સિકો અને કેનેડા પર ટેરિફ એક મહિના માટે મોકૂફ રાખી છે, પરંતુ ચીન પર યથાવત્ રાખી હોવાથી સેન્ટિમેન્ટમાં આશંકા છે.

પાછલા સત્રમાં લગભગ ૧૪૦૦ પોઇન્ટના ઉછાળા બાદ આ સત્રમાં સેન્સેક્સ ૩૧૨.૫૩ પોઇન્ટ અથવા તો ૦.૪૦ ટકાના ઘટાડા સાથે ૭૮,૨૭૧.૨૮ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે, જે સત્ર દરમિયાન ૩૬૭.૫૬ પોઇન્ટ ઉચળીને ૭૮,૨૧૬.૨૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૪૨.૯૫ પોઇન્ટ ગબડીને ૨૩,૬૯૬.૩૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

એશિયન પેઇન્ટ ત્રણ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. અન્ય ઘટનારા શેરોમાં ટાઇટન, નેસ્લે, હિંદુસ્તાન યુનિલીવર, સ્ટેટ બેન્ક, લાર્સન એન્ડ ટૂબ્રો, આઇટીસી, ઝોમેટો અને બજાજ ફિનસર્વનો સમાવેશ હતો. જ્યારે અદાણી પોર્ટ, ઇન્ડસઇન્ડ બેન્ક, ટાટા મોટર્સ અને એચડીએફસી બેન્કનો સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં એજેક્સ એન્જિનિયરિંગ લિમિટેડના રૂ. ૧૨૬૯.૩૫ કરોડના ભરણાં માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૫૯૯થી રૂ. ૬૨૯ નક્કી થઇ છે. સબ્સ્ક્રિપ્શન ૧૦ ફેબ્રુઆરીએ ખુલશે અને ૧૨ ફેબ્રુઆરીએ બંધ થશે, જેમાં સાતમી ફેબ્રુઆરીએ એન્કર રોકાણકારો માટે ફાળવણી કરવામાં આવશે. આ ઑફરમાં સંપૂર્ણપણે ૨.૦૧ કરોડ ઇક્વિટી શેરની ઑફર ફોર સેલનો સમાવેશ છે. શેર બીએસઈ અને એનએસઈ પર ૧૭ ફેબ્રુઆરીએ લિસ્ટ થવાની શક્યતા છે. ટ્રમ્પની ટ્રેડ વોર સાથે બજારની નજર હવે આરબીઆઇ પર મંડાયેલી છે. મોનેટરી પોલિસી પર રિઝર્વ બેન્કની બેઠક બુધવારથી શરૂ થઇ છે અને નિર્ણય શુક્રવારે સાત તારીખે જાહેર થશે. વ્યાપકપણે આરબીઆઇ વ્યાજદરમાં કમ સે કમ ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરશે એવી અપેક્ષા સેવાઇ રહી છે.

ભારતના સર્વિસ સેકટરના ડેટા નબળા આવ્યાં છે. મંથલી સર્વે અનુસાર જાન્યુઆરીમાં સર્વિસ સેકટરનો વિકાસ બે મહિનામાં સૌથી નબળો રહ્યો છે. એચએસબીસી ઇન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ ડિસેમ્બરમાં ૫૯.૩ હતો, તે જાન્યુઆરીમાં ૫૬.૫ની સપાટીએ આવ્યો છે, જે નવેમ્બર પછીની નીચી સપાટી છે.

મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં લેવાલી ચાલુ રહી હતી. ઇન્ફોર્મા માર્કેટ દ્વારા આયોજિત વિટાફૂડ્સ ઇન્ડિયાની ત્રીજી એડીશનમાં ન્યુટ્રાસ્યુટિકલ સેકટરના ૩૫ નિષ્ણાતોની આગેવાનીમાં ૧૯ પરિષદ ઉપરાંત ૧૫૦થી વધુ દેશી અને વિદેશી પ્રદર્શક પાંચથી સાત ફેબ્રુઆરી દરમિયાન બીઈસી ખાતે એકત્ર થઇ રહ્યા છે. ન્યુટ્રાસ્યુટિકલ ઉદ્યોગ આઠ ટકાના વિકાસદર સાથે ૨૦૩૦ સુધીમાં ૬૮.૪૨ અબજ ડોલરનું કદ હાંસલ કરે એવો અંદાજ છે.

એશિયન પેઇન્ટનો ચોખ્ખો નફો ત્રીજા ક્વાર્ટરમાં ૨૩.૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૧૨૮.૪૩ કરોડ નોંધાયો હતો. ગોદરેજ પ્રોપર્ટીઝે ત્રીજા ક્વાર્ટરમાં ૨.૫ ગણાથી મોટા ઉછાળા સાથે રૂ. ૧૬૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ટાટા ગ્રુપની ડાયરેક્ટ ટુ હોમ અને કન્ટેન્ટ ડિસ્ટ્રીબ્યુશન કંપની ટાટા સ્કાયએ સબ્સક્રિપ્શન, ઇન્ટર એક્શન અને વીવર શિપ સહિતના ડેટાના એકત્રીકરણથી માંડી કસ્ટમરને વધુ સુગમતા આપવા માટે એઆઇ આધારિત સવલત પૂરી પાડવા સેલ્સફોર્સ ઇન્ડિયા સાથે સહયોગ સાધ્યો છે. સેલ્સફોર્સ એઆઇની મદદથી કંપનીઓને નવરચનામાં મદદ કરે છે. બજાજ ઇલેક્ટ્રિકલ્સે ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૩.૩૬ કરોડનો નફો નોંધાવ્યો છે.

એશિયન બજારોમાં સિઓલ અને ટોકિઓ પોઝિટિવ ઝોનમાં બંધ થયા હતા, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ નેગેટિવ ઝોનમાં સરક્યો હતો. યુરોપના બજારો મોટેભાગે નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યાં હતાં. અમેરિકાના બજારોમાં સુધારો હતો. ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૪ ટકા ઘટીને ૭૫.૫૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો છે. એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકાર લાંબા સમયગાળા બાદ નેટ બાયર્સ બન્યા હતા અને પાછલા સત્રમાં રૂ. ૮૦૯.૨૩ કરોડના શેરની લેવાલી નોંધાવી હતી.

ભારતીય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ મંગળવારે, વૈશ્વિક વેપાર યુદ્ધ અંગેની ચિંતા હળવી થવાથી ઉંચા મથાળે શરૂઆત કરી હતી. અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પરના તેના આયોજિત ટેરિફને અટકાવ્યા પછી એશિયન બજારોમાં જોવા મળેલા સુધારાને પ્રતિબિંબિત કરતા ભારતીય શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાનો નિર્ણય એક મહિના માટે સ્થગિત કર્યા પછી અન્ય એશિયન બજારોમાં વધારો થયો હતો, જોકે ચીન પર ટેરિફનો અમલ અકબંધ રાખવામાં આવ્યો છે. ચીને વળતા હુમલા તરીકે અમેરિકાની કેટલીક પ્રોડક્ટ પર ઊંચી ટેરિફ લાદવા સાથે ગુગુલ સામે વિશ્વાસભંગની તપાસ ચાલુ કરવાની પણ જાહેરાત કરી છે. નોંધવું રહ્યું કે, ટ્રમ્પ દ્વારા ચીન, મેક્સિકો અને કેનેડા પર ટેરિફ જાહેર કર્યા પછી વૈશ્વિક ઇક્વિટી બજારોમાં તાત્કાલિક ધોરણે ઘટાડાનો ભારતીય બેન્ચમાર્ક પર નકારાત્મક પ્રભાવ પડ્યો હતો અને રોકાણકારોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. વાસ્તવમાં અમેરિકા અને અન્ય દેશો વચ્ચે ટેરિફ સંઘર્ષો કોઈ આર્થિક લાભ આપે તેવી શક્યતા નથી. તેના બદલે, તે વૈશ્વિક અર્થતંત્ર માટે પડકારો પેદા કરી શકે છે, જેનાથી વૈશ્વિક નાણાકીય જોખમો વધી શકે છે.

# ખાંડમાં મિશ્ર વલણ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડમાં તાજેતરમાં જોવા મળેલી એકતરફી તેજી પશ્ચાત્ આજે સ્થાનિક તથા દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટ્યા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો પ્રત્યાઘાતી ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે માગ જળવાઈ રહેતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ પણ જળવાઈ રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ,પરેલ**

KEMH/૪૩૪૧/AEME/તા. ૦૫-૦૨-૨૦૨૫

**ઈ–ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| વિભાગ | :- | વિભાગ KEM હોસ્પિટલ |
| બીડ આમંત્રણ નં. | :- | બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૪૬૧૩૬ |
| વિષય | :- | KEM હોસ્પિટલમાં અન્ય વિવિધ કામો અને નેત્ર ચિકિત્સા ઓપરેશન થિયેટરમાં ૧ KVA UPSની જોગવાઈ અને ફિક્સિંગ. |
| બીડનું વેચાણ | :- | તારીખ: ૦૬.૦૨.૨૦૨૫ ૧૬.૦૦ ક.<br>તારીખ: ૧૩.૦૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | :- | http://portal.mcgm.gov.in |
| A) સંપર્ક ઓફિસર | :- | આસી. એન્જિનિયર (M & E) KEM |
| B) નામ | :- | શ્રીમતી. મનીષા જાધવ/શ્રી. કેતન ગાવડે |
| C) ટેલિફોન | :- | ૦૨૨૨૪૧૦૭૭૬૮/૭૪૫૭ |
| D) ઈમેલ ID | :- | ae02me.kem@mcgm.gov.in |

સહી/-
ડીન (KEMH)

PRO/2453/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક ધાતુ બજારમાં મુખ્યત્વે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૦ની તેજી આગળ ધપી હતી. તેમ જ ટીનની આગેવાની હેઠળ કોપરની વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ.બેથી સાતનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે એકમાત્ર નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની જળવાઈ રહેલી લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦ વધીને રૂ. ૨૭૧૦ અને રૂ. સાત વધીને રૂ. ૮૫૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૬૧, રૂ. ૮૦૩ અને રૂ. ૭૮૪ અને કોપર ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૯૪, રૂ. ૭૩૮ અને રૂ. ૫૭૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૫૭ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૨૫, રૂ. ૧૯૮, રૂ. ૨૬૯ અને રૂ. ૧૮૧ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

# ટ્રેડ વૉરની ચિંતા વચ્ચે રૂપિયો ૩૯ પૈસા ગબડ્યો

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉરની અને તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળી રહેલી મજબૂતીને કારણે આજથી શરૂ થયેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં વ્યાજદરમાં કપાત કરવામાં આવશે કે નહીં તેની ચિંતા વચ્ચે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા ગબડીને ૮૭.૪૬ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી જોવા મળેલો સાધારણ ઘટાડો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૦૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૧૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૪૯ અને ઉપરમાં ૮૭.૧૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૩૯ પૈસા તૂટીને ૮૭.૪૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના સુધારા સાથે ૮૭.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૫ ટકા ઘટીને ૧૦૭.૫૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૧ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧૨.૫૩ પૉઈન્ટનો અને ૪૨.૯૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ રિઝર્વ બૅન્કના નીતિવિષયક બેઠકના નિર્ણય પૂર્વે સાવચેતીના અભિગમને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે ટ્રેડરોમાં આજથી શરૂ થતી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ત્રણ દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે સાવચેતીનું વલણ અપનાવ્યું હતું. જોકે, આ બેઠકમાં રિઝર્વ બૅન્ક પાંચ વર્ષના લાંબા સમયગાળા પછી વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યાં છે.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

ઈ-ટેન્ડર નં. 211-2024-25 થી 214-2024-25

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 211/2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર ભાવનગર પરા સબ ડિવિઝન :- સ્ટેશનો, ગેટ લોજીસ અને રેલવે કોલોની વગેરે જેવા વિવિધ સ્થળોએ કોન્ટ્રાક્ટરના પોતાના પ્રાપ્તિસ્થાને થી બધી વ્યવસ્થાઓ સહિત 24 મહિના માટે પીવાલાયક પીવાના પાણીની આપૂર્તિ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખ:** 27/02/2025 | 9,69,969.50 | 19,400.00 |
| 02 | 212/2024-25 | સિનિ. DEN (C) અધિકારક્ષેત્ર : GRSP રિન્યુઅલ : 8.249 TKM, લાઈનર રિન્યુઅલ : 42.389 TKM **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખ:** 27/02/2025 | 30,80,476.21 | 61,600.00 |
| 03 | 213/2024-25 | ADEN બોટાદ અધિકારક્ષેત્ર: SSE/P.Way/વઢવાણ સિટીના અધિકારક્ષેત્ર હેઠળ PRCL સેક્શનમાં બે વર્ષો માટે વિવિધ P.Way જાળવણી કામનું અમલ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખ:** 27/02/2025 | 1,51,58,322.05 | 2,25,800.00 |
| 04 | 214/2024-25 | ADEN ધોળા અધિકારક્ષેત્ર : SSE/P.Way/ધોળા જં. ના અધિકારક્ષેત્ર હેઠળ PRCL સેક્શનમાં બે વર્ષો માટે વિવિધ P.Way જાળવણી કામનું અમલ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખ:** 27/02/2025 | 1,39,62,729.44 | 2,19,800.00 |

NIT તા.04/02/2025 ના રોજ રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવી છે.

BVP-192

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# વર્ષ ૨૦૨૫માં દેશમાં ઊંચા મથાળેથી સોનાની વપરાશી માગ રુંધાશે: વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ

મુંબઈ: ગત વર્ષ ૨૦૨૪માં દેશમાં સોનાની માગ નવ વર્ષની ઊંચી સપાટીએ રહી હોવા છતાં વર્ષ ૨૦૨૫માં સોનાના ભાવમાં જોવા મળેલી તેજીની રેલીને ધ્યાનમાં લેતાં સોનામાં જ્વેલરી માટેની અર્થાત વપરાશી માગમાં ઘટાડો થશે છતાં રોકાણલક્ષી માગ જળવાયેલી રહેશે, એમ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં જણાવ્યું છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનાં ભારત ખાતેનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સચિન જૈને રૉઈટર્સને જણાવ્યું હતું કે ગત સાલ ભારતની સોનાની માગ વર્ષ ૨૦૧૫ પછીની ઊંચી ૮૦૨.૮ ટનની સપાટીએ રહી હતી તેની સામે આ વર્ષે માગ ૭૦૦થી ૮૦૦ ટન આસપાસ રહે તેવી શક્યતા છે.

ઐતિહાસિક ધોરણે વધી રહેલા સોનાના ભાવની સૌપ્રથમ માઠી અસર જ્વેલરીનાં ગ્રાહકો પર પડશે અને જો વર્ષ દરમિયાન ભાવમાં ચંચળતા રહી તો પણ જ્વેલરીની માગને ફટકો પડશે, એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે સ્થાનિકમાં સોનાના ભાવ વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૪,૩૯૯ (૯૬૮.૬૨ ડૉલર)ની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. વર્તમાન વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૦ ટકાનો ઉછાળો આવ્યો છે, જ્યારે ગત વર્ષ ૨૦૨૪માં ભાવ ૨૧ ટકા ઉછળી આવ્યા હતા. સામાન્યપણે ઘરમાં વપરાશ માટે જ્વેલરી ખરીદવામાં આવે ત્યારે એક બજેટ તૈયાર કરવામાં આવતું હોય છે અને જ્યારે સોનાના ભાવ વધી આવતા હોય છે ત્યારે તેઓના બજેટમાં વધારો નથી થતો હોતો. જોકે, સોનાના વધી રહેલા ભાવને કારણે આકર્ષક વળતર છૂટતું હોવાથી રોકાણલક્ષી માગ પ્રોત્સાહિત થતી હોય છે. ગત વર્ષ ૨૦૨૪માં સોનામાં રોકાણલક્ષી માગ વધીને ૧૧ વર્ષની ઊંચી ૨૩૯.૪ ટનની સપાટીએ રહી હતી તેને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૫માં પણ રોકાણલક્ષી માગમાં વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર દેશની સોનાની કુલ માગ પૈકી ૭૦ ટકા માગ જ્વેલરી માટેની હોય છે, જ્યારે શેષ માગ રોકાણલક્ષી હોય છે. આમ આકર્ષક વળતરને ધ્યાનમાં લેતા વર્તમાન વર્ષમાં પણ રોકાણલક્ષી માગમાં વૃદ્ધિનું વલણ જળવાયેલું રહેશે. ખાસ કરીને રિટેલ રોકાણકારોનો એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડ, ડિજિટલ ગોલ્ડ અને કોઈન તથા લગડી (ગોલ્ડ બાર)માં રસ વધી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૫ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે દેશી તેલમાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા. આમ આજે સ્થાનિકમાં એકંદરે પાંખાં કામકાજો વચ્ચે ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સેલરિસેલ ધોરણે છૂટાછવાયાં કામકાજો ઉપરાંત રવાનગીના વેપારો રહ્યા હતા.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે રૂચીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૧૫ અને રૂ. ૧૩૬૦, લિબર્ટીના સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, કારગિલના સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને ગોકુલ, ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૨૦, રૂ. ૧૩૧૫ અને રૂ. ૧૩૧૮ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાનનાં મથકો પર સરસવની અંદાજે ૮૦,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૨૫થી ૬૧૫૦માં થયા હતા. આ સિવાય સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૬૮ અને રૂ. ૧૨૭૮માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦૯૫થી ૨૧૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જીનિયરનો વિભાગ)

**ઈ–ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૪૫૩૬૪ | |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન | |
| વિષય | AEOC (TM) ડિવિઝન હેઠળ બાન્દ્રા કેબીન ખાતે ન્યુ મેનહોલ ચેમ્બરનું કંસટ્રક્શન તેમજ બાન્દ્રા કેબીન ખાતે ચેમ્બર કવરના ફેબ્રીકેશન & ઈરેકશન સાથે ૨૪૦૦ મીમી. ડાયા. વૈતરણા, ૧૮૦૦ મીમી. ડાયા તાન્સા પૂર્વ, ૧૮૦૦ મીમી. ડાયા. તાન્સા પશ્ચિમ ટ્રન્કમેઈન પર ક્રોસ કનેકશન ચેમ્બરનું રેઈઝીંગ અને રિપેર્સ. | |
| કામની અંદાજિત કિંમત | રૂા. ૨૫,૩૭,૪૨૮.૯૦/- (GST સિવાય)<br>રૂા. ૨૯,૯૪,૧૬૬.૧૦/- (GST સહિત) | |
| સમય મુદત | ૦૩ મહિના (ચોમાસા સિવાય) | |
| વેબસાઈટ | http://mahatender.gov.in | |
| ટેન્ડર સ્ક્રુટી ફીની કિંમત (બિન-રિફંડપાત્ર ભૌતિક સુપ્રતિ) | રૂા. ૭,૭૮૮/- (રૂા. ૬,૬૦૦+ ૧૮% GST) BMC ના નજીકના CFC માં સુપ્રત કરવા અને પેકેટ A અને B ખોલ્યા પછી અને પેકેટ C ખોલતા પહેલા E.E. (H.W.) W.W. ની ઓફિસમાં રસીદ સુપ્રત કરવી. | |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડી | રૂા. ૨૯,૯૫૦/- (ઓનલાઈન) | |
| બીડ માન્યતા મુદત | ૧૮૦ દિવસ | |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૬/૦૨/૨૦૨૫ ૧૨.૦૦ કલાકે | |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૪/૦૨/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય | ૧૪/૦૨/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| પેકેટ A ખુલશે | ૧૮/૦૨/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| પેકેટ B ખુલશે | ૧૮/૦૨/૨૦૨૫ ૧૬.૧૫ કલાકે | |
| પેકેટ C ખુલશે | ૨૫/૦૨/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| સંચાર માટેનું સરનામું | એક્ષી. એન્જિનિયર (H.W.) W.W., મ્યુનિસિપલ વોટર વર્ક્સ યાર્ડ, L.B.S. માર્ગ, MTNL ઓફિસ પાસે, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૮૬ની ઓફિસ | |
| સંપર્ક વ્યક્તિ નામ અને ટેલિ. અને મોબાઈલ નંબર | AEOC (TM) ની ઓફિસ. | ૦૨૨-૨૫૧૫૩૨૭૨<br>૨૫૧૫૩૭૪૦ |
| | શ્રી અમિત ડી. હતવાર | +૯૧-૮૧૪૯૯૧૩૪૦૪ |
| | શ્રી અશોક એન. ડોઈફોડે | +૯૧-૯૩૨૪૭૯૬૮૫૬ |
| બિડને ખોલવા માટેનું સ્થળ | એક્ષી. એન્જિનિયર (H.W.) W.W. ની ઓફિસમાં ઓનલાઈન | |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC પાસે કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/2443/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# આર્થિક અનિશ્ચિતતાને ટેકે વર્ષ ૨૦૨૪માં સોનાની વૈશ્વિક માગમાં એક ટકાનો વધારો

લંડન: ગત કૅલેન્ડર વર્ષ ૨૦૨૪માં ઓવર ધ કાઉન્ટર (ઓટીસી) સહિત રોકાણલક્ષી માગ વધતાં સોનાની વૈશ્વિક માગ એક ટકાની વૃદ્ધિ સામે ૪૯૭૪.૫ ટનની સપાટીએ રહી હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં જણાવતાં ઉમેર્યું હતું કે ગત સાલ ચોથા ત્રિમાસિકગાળામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી હતી.

એકંદરે ગત વર્ષ ૨૦૨૪માં રોકાણકારોની સોનામાં ખાસ કરીને વૈશ્વિક જોખમો સામેની હેજરૂપી અને અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાત કરવામાં આવી હોવાથી લેવાલીમાં વધારો થયો હતો. વધુમાં ગત મંગળવારે ખાસ કરીને અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ લાદવાના લીધેલા નિર્ણયના જવાબમાં ચીને પણ અમેરિકાથી થતી આયાત સામે ૧૦થી ૧૫ ટકા ટેરિફ લાદતા ટ્રેડ વૉર વધુ વકરવાની ભીતિ સપાટી પર આવતા સોનાની તેજી વેગીલી બની હતી.

એકંદરે ગત સાલ સતત ત્રીજા વર્ષે સોનાની કુલ માગમાં કેન્દ્રવર્તી બૅન્કોની માગનો હિસ્સો નોંધપાત્ર રહ્યો હતો અને ૧૦૦૦ ટન કરતાં વધુ માત્રામાં ખરીદી રહી હતી. જેમાં મુખ્યત્વે નેશનલ બૅન્ક ઑફ પૉલેન્ડ અગ્રેસર રહી હતી અને તેણે સોનાની અનામતમાં ૯૦ ટનનો ઉમેરો કર્યો હોવાનું સોનાના વૈશ્વિક ખનનકર્તાઓના સંગઠન વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જાહેર કરેલા ત્રિમાસિક અહેવાલમાં જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૪ના ચોથા ત્રિમાસિકગાળામાં જ્યારે ટ્રમ્પ ચૂંટણીમાં વિજયી થયા ત્યાર પછી કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીમાં વધારો થયો હતો અને આ સમયગાળામાં લેવાલી વર્ષાનુવર્ષ ધોરણે ૫૪ ટકા વધીને ૩૩૩ ટનની સપાટીએ રહી હતી. તેમ જ ગત સાલ સોનાની વૈશ્વિક રોકાણલક્ષી માગ ૨૫ ટકા વધીને ચાર વર્ષની ઊંચી ૧૧૮૦ ટનની સપાટીએ રહી હોવાનું કાઉન્સિલે અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે ગત સાલ ચાર વર્ષમાં પહેલી વખત હાજર આધારિત સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં બાહ્યપ્રવાહ સૂકાઈ જવાથી રોકાણલક્ષી માગમાં વધારો જોવા મળ્યો છે. આ સિવાય સોનાના બાર્સ (લગડી)ની વૈશ્વિક માગમાં ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જ્યારે કોઈનની માગમાં ૩૧ ટકાનો ઘટાડો થયો હતો. કાઉન્સિલના મતાનુસાર વર્ષ ૨૦૨૫માં વ્યાજદરની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા સોનામાં મુખ્યત્વે કેન્દ્રવર્તી બૅન્કોની માગ પ્રબળ રહેશે તેમ જ સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં પણ માગ જળવાઈ રહેશે. આ ઉપરાંત સોનાને રાજકીય-ભૌગોલિક તથા આર્થિક અનિશ્ચિતતાઓનો પણ સલામત અસ્ક્યામત તરીકે સોનાને ટેકો મળતો રહેશે.

અહેવાલમાં વધુમાં ઉમેર્યું હતું કે ગત વર્ષ ૨૦૨૪માં ઓવર ધ કાઉન્ટર રહિત સોનાની કુલ માગ વર્ષ ૨૦૨૨ પછીની ઊંચી ૪૫૫૩.૭ ટનની સપાટીએ રહી હતી. જોકે, અંતિમ ત્રિમાસિક ગાળામાં નફારૂપી રોકાણકારોની વેચવાલીના દબાણને કારણે માગમાં સાત ટકા જેટલો ઘટાડો થયો હોવાનો કાઉન્સિલે અંદાજ મૂક્યો હતો. આ સિવાય સોનાની માગની સૌથી મોટી કેટેગરી ગણાતી હાજર માગ અથવા તો વપરાશી માગમાં ગત સાલ ૧૧ ટકાનો ઘટાડો થયો હતો.

# બેન્ચમાર્કની પીછેહઠ છતાં એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૧.૬૯ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજારમાં બુધવારના સત્રમાં ઓઈલ એન્ડ ગેસ, સર્વિસીસ અને મેટલ શેરોમાં ઉછાળો અને રિયલ્ટી અને એફએમસીજી શેરોમાં ધોવાણ નોંધાયું હોવા સાથે બેન્ચમાર્કની પીછેહઠ છતાં માર્કેટ કેપમાં રૂ.૧.૬૯ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી.

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૮,૫૮૩.૮૧ના બંધથી ૩૧૨.૫૩ પોઈન્ટ્સ (૦.૪૦ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૬૯ લાખ કરોડ વધીને રૂ.૪૨૭.૧૯ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૮,૭૦૪.૬૦ ખૂલીને ઊંચામાં ૭૮,૭૩૫.૪૧ સુધી અને નીચામાં ૭૮,૨૧૬.૨૫ સુધી જઈને અંતે ૭૮,૨૭૧.૨૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની નવ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૧ સ્ક્રિપ ઘટી હતી.


**પબ્લિક નોટીસ**

આથી તમામ સંબંધિતોને સૂચના આપવામાં આવે છે કે અમારા અસિલો તમામ બોજાઓથી મુક્તપણે, અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ જવાહર રોડ, ગૌરીશંકર વાડી નં. ૨, પંત નગર, ઘાટકોપર (પૂ), મુંબઈ-૪૦૦૦૭૫ ખાતે આવેલ નીલયોગ એપાર્ટમેન્ટસ CHS તરીકે જાણીતી બિલ્ડીંગમાં ૫ મા માળ પર વિંગ A/૧માં ફ્લેટ નં. ૫૦૧ હોઈ ફ્લેટ ખરીદવા માટે (૧) શ્રીમતી મીરા હેમંત નારિયેલવાલા અને (૨) શ્રી હેમંત શરદચંદ્ર નારિયેલવાલા સાથે વાટાઘાટો ચલાવી રહ્યા છે.

કોઈપણ શખ્સ/સો જે સદર ફ્લેટ કે તેના કોઈપણ ભાગમાં વેચાણ, ગીરો, લીઝ, અદલાબદલી, લીઅન, કબજો, ઈઝમેન્ટ, ઈન્જકશન, ઓર્ડર અને/કે બીજી કોઈપણ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો, હિસ્સોના દાવો કરતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ નીચે સહી કરનારને આ સરનામે ૩૦૬, ૩જો માળ, ૨૯, રૂસ્તમ બિલ્ડીંગ, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩ ખાતે આ છપાયાની તારીખથી ૭ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર ત્યાર પછી કોઈ પણ દાવા ઉભા કરાશે તો તેને ત્યજી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ મિલકતનું પરિશિષ્ટ:**
C.T.S. નં. ૫૬૩૮ (ભાગ), ૫૬૩૯ (ભાગ), ૫૬૪૦ (ભાગ), ૫૬૪૧ (ભાગ), ૫૬૪૨ (ભાગ), ૫૬૫૦ (ભાગ), ૫૬૫૧ (ભાગ), ૫૬૫૨ (ભાગ), ૫૬૫૩, ૫૬૫૪ (ભાગ), ૫૬૫૫ (ભાગ), ૫૬૫૬ (ભાગ), ૫૬૫૭ (ભાગ), ૫૬૫૮ (ભાગ), ધરાવતી જવાહર રોડ, ગૌરીશંકર વાડી નં. ૨, પંત નગર, ઘાટકોપર (પૂ), મુંબઈ-૪૦૦૦૭૫ ખાતે આવેલ નીલયોગ એપાર્ટમેન્ટસ તરીકે જાણીતી બિલ્ડીંગમાં ૫ મા માળ પર વિંગ A/૧માં ભરતમાં ૪૯.૭૨ ચો.મી., ફ્લેટ નં. ૫૦૧.

આજ તારીખ ૦૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૨૫

M/s. તામ્હણે એન્ડ કાં. માટે,
એડવોકેટસ અને સોલિસીટર્સ
ઈચ્છુક ખરીદનાર માટે

# હવેથી ૫૦-૬૦ માળની બિલ્ડિંગો બાંધી શકાશે



## ૧૮૦ મીટર ઊંચા મકાન બાંધવા સુધરાઈની ટેક્નિકલ સમિતિની પરવાનગી લેવી પડશે

## રાજ્ય સરકારનો નિર્ણય

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સુધરાઈની ઈમારતોની મહત્તમ ઊંચાઈ ૧૨૦ મીટરથી વધારીને ૧૮૦ મીટર કરવાનો નિર્ણય લીધો છે, પરંતુ આને માટે મુંબઈ સુધરાઈની ટેક્નિકલ સમિતિની મંજૂરી આવશ્યક રહેશે.

૧૨૦ મીટર ઊંચા માળખામાં આશરે ૪૦ માળ સમાવી શકાય છે. જો ૧૮૦ મીટરનો પ્રસ્તાવ પસાર થાય છે, તો ગગનચુંબી ઇમારતોમાં લગભગ ૫૦ થી ૬૦ માળનું બાંધકામ થઈ શકે છે. રાજ્ય સરકારના નગર વિકાસ વિભાગ દ્વારા મંગળવારે જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, 'સુધરાઈ કમિશનર ૧૮૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી બહુમાળી ઇમારતો અથવા તો ઈમારતની ઊંચાઈના પ્રમાણમાં પહોળાઈનો રેશિયો ૯ કે તેથી વધુ હોય એવી કોઈપણ ઇમારત સંબંધિત મુદ્દાઓ પર સલાહ આપવા માટે એક ટેકનિકલ સમિતિની રચના કરશે.'

પાતળાપણું ગુણોત્તર એ ઇમારતની ઊંચાઈ અને તેની પહોળાઈનો ગુણોત્તર છે. પ્રસ્તાવિત સુધારામાં, આ પાતળાપણું ગુણોત્તર ૯ પર યથાવત્ રાખવામાં આવ્યો છે.

આ જાહેર નોટિસમાં એક નવી જોગવાઈ સામેલ કરવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે, 'ડીસીપીઆર-૨૦૩૪ના વિવિધ નિયમો હેઠળ વિકાસ/પુનઃવિકાસની દરખાસ્તોમાં ૧૨૦ મીટરથી વધુ અને ૧૮૦ મીટર સુધીની ઊંચાઈ (જુઓ પાનું ૪) ▸▸

# મનોરમાં માણસને ડુક્કર સમજીને ગોળીએ દીધો

### ગોળીબાર કરનારાના સાથીનો જ જીવ ગયો: બે મર્યાની અફવા: ૧૨ જણ શિકાર માટે આગલી રાતે ગયા હતા, પણ બીજી સવારે તેમની સાથે જોડાવા જઈ રહેલા મિત્રનો જ ભૂલથી શિકાર કર્યો

પાલઘર: પાલઘર જિલ્લામાં મનોરના જંગલમાં બનેલી આંચકાજનક ઘટનામાં ગામવાસીઓએ જંગલી ડુક્કર ધારીને પોતાના જ સાથીને ગોળીએ દીધો હતો. ડુક્કરના શિકાર માટે આગલી રાતે જંગલમાં ગયેલા ૧૨ ગામવાસીને તેમનો સાથી શિકારી બીજી સવારે આવવાનો છે તેની જાણ નહોતી, પરિણામે સવારે પહોંચેલા સાથીના પગરવને સાંભળી શિકાર આવ્યાનું ધારીને એક ગામવાસીએ તે દિશામાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનાની સઘન તપાસ કરવા પોલીસે નવ શકમંદોને તાબામાં લીધા હતા.

પાલઘરના સબ-ડિવિઝનલ પોલીસ ઑફિસર (એસડીપીઓ) અભિજિત ધારાશિવકરે જણાવ્યું હતું કે ઘટના ૨૯ જાન્યુઆરીની સવારે મનોરના બોરશેતી જંગલમાં આલન ડુંગર પર બની હતી. મૃતકની ઓળખ (જુઓ પાનું ૪) ▸▸


સફળ 10 વર્ષ... સફર વિશ્વાસનું... જોડાણ યાદગાર ક્ષણોનું ...

સાઉથ આફ્રિકા 13 રાત્રી / 14 દિવસ — April 16, 26, May 2,4,6, 8,10,12,14, 16,18,20,22,24,26,28, 30, Jun - 1, 3, 7,11, 15,19,23,27, Jul - 5, 12 Aug - 5, 12

તુર્કી 12 રાત્રી / 13 દિવસ — April 23, May 4, 10, 16, 22, 28 June - 6 , 8

ન્યુઝીલેન્ડ 13 રાત્રી / 14 દિવસ — April 23, May 2, 7, 14, 21, 28 June - 8

'ટ્રાવેલટાઈઝ'ની વિશેષતા

# લક્ઝુરિયસ 4 સ્ટાર હોટેલ્સ # વર્લ્ડ ક્લાસ એરલાઇન્સથી મુસાફરી
# રાજસ્થાની મહારાજ દ્વાર સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી બ્રેકફાસ્ટ, લંચ અને ડિનર
# અંગ્રેજી, ગુજરાતી, હિન્દી બોલતા અનુભવી ટૂર લીડર # કોઈ છુપા ખર્ચ નહી

» અન્ય પ્રસ્થાનો «
ઓસ્ટ્રેલિયા, વિયેતનામ, યુએસએ, જાપાન, સ્કેન્ડિનેવિયા,અલાસ્કા કેનેડા, સ્પેન - પોર્ટુગલ, જ્યોર્જિયા સાથે અઝરબૈજાન

TRAVELTIES Your World. Your Way.
+91 77000 45182
+91 77000 45192
sales@travelties.in | www.travelties.in
101, Akruti Aditya Towers, Noshir Bharucha Marg, Grant Road (West), Mumbai - 400 007.


# બિલ્ડરના દીકરાનું અપહરણ, બે કરોડ માગ્યા

છત્રપતિ સંભાજીનગર: બિલ્ડરના સાત વર્ષના પુત્રનું છત્રપતિ સંભાજીનગર ખાતેથી કથિત અપહરણ કરી બે કરોડ રૂપિયાની ખંડણી માગવાના કેસમાં પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આરોપીની ચુંગાલમાંથી બાળકને સહીસલામત છોડાવવામાં આવ્યું હતું.

શહેરના એન-૪ વિસ્તારમાં પરિવાર સાથે રહેતા સાત વર્ષના બાળકનું મંગળવારની રાતે ૯ વાગ્યાની આસપાસ અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણની માહિતી મળતાં જ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.

પોલીસે સંબંધિત પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજમાં એક બ્લૅક કલરની કાર નજરે પડી હતી. કારમાં આવેલા અપહરણકારો ઘર નજીક સાઈકલ (જુઓ પાનું ૪) ▸▸

# સ્કૂલ બસ ફીમાં ૧૮ ટકાનો વધારો

મુંબઈ: થોડા દિવસ પહેલા જ એસટીની ટિકિટના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રિક્ષા અને ટેક્સીના ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો હતો. હવે સ્કૂલ બસ એસોસિએશને કહ્યું છે કે સ્કૂલ બસના ભાડામાં ૧૮ ટકાનો વધારો કરવામાં આવશે. પરિણામે પહેલી એપ્રિલથી માતાપિતાના ખિસ્સા પર બોજો વધશે.

સ્કૂલ બસ ઓપરેટર્સ એસોસિએશનના અનિલ ગર્ગે જણાવ્યું હતું કે સ્કૂલ બસ બનાવનારાઓએ બસ અને સ્પેરપાર્ટ્સના ભાવમાં વધારો (જુઓ પાનું ૪) ▸▸

# દસમા-બારમાની પરીક્ષામાં કૉપી કરનારાઓ સાવધાન: ડ્રોનથી નજર રખાશે

મુંબઈ: મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન (એમએસબીએસએચએસઈ)એ ફેબ્રુઆરીથી માર્ચ દરમિયાન યોજાનારી ધોરણ ૧૨ અને ૧૦ની બોર્ડની પરીક્ષા દરમિયાન કોપી થતી અટકાવવા રાજ્યભરમાં કોપી-ફ્રી ઝુંબેશનો કડક અમલ કરવાનો આદેશ આપ્યો છે. ગેરરીતિ અટકાવવા માટે ડ્રોન દ્વારા પરીક્ષા કેન્દ્રો પર નજર રાખવામાં આવશે.

રાજ્યમાં બારમા ધોરણની પરીક્ષા ૧૧ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન અને દસમા ધોરણની પરીક્ષા ૨૧ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ દરમિયાન લેવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ૧૦૦ દિવસના એકશન પ્લાન કાર્યક્રમના ભાગરૂપે શિક્ષણ પ્રધાન દાદા ભુસેએ શાળા શિક્ષણ વિભાગ અને રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને નિર્દેશ આપ્યો હતો કે બારમા અને દસમાની પરીક્ષાઓ કોપી મુક્ત, ભયમુક્ત અને તણાવ મુક્ત વાતાવરણમાં સુચારુ રીતે યોજાય તે માટેના પ્રયાસો કરવામાં આવે.

જો પરીક્ષા કેન્દ્ર પર કોઈ ગેરરીતિ (જુઓ પાનું ૪) ▸▸


લેહ-લદાખ ૧૦૦% પ્યોર વેજ
સોનમર્ગ, કારગિલ,
દ્રાસ, લેહ, નુબ્રા વેલી, પેંગોંગ લેક
કિચન સાથે રોડ ટ્રીપ કરાવનાર
પાયોનીયર ટ્રાવેલ કંપની
(જીસ્પા/મનાલી/ચંડીગઢ ડ્રોપ)
A ગ્રેડની લક્ઝરીયસ હોટલમાં સ્ટે,
નુબ્રા વેલી/ પેંગોંગ લેક પર કોટેજીસ
વીથ એટેચ બાથ, પ્રાઈવેટ ડાઈનિંગ
HAZEL Treks N Tours Khar (w). @hazeltreksntours Since:2003
PANKAJ CHHEDA 9869559938


# મહિલા સાથે ૨૦ લાખની છેતરપિંડી: કોરિયોગ્રાફરની ઍરપોર્ટ પર ધરપકડ

મુંબઈ: મહિલા સાથે ૨૦ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવાના કેસમાં પોલીસે દુબઈ રફુચક્કર થવા પહેલાં જ 'ડાન્સ ઈન્ડિયા ડાન્સ'ના ફાઈનલિસ્ટ કોરિયોગ્રાફરને છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર પકડી પાડ્યો હતો.

ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે મહિલાને કથિત રીતે છેતરનારા જય કુમાર નાયરને મંગળવારની રાતે તાબામાં લેવાયો હતો. ઈમિટેશન જ્વેલરીનું કામ કરતી દીપ્તિ અસિજાની ફરિયાદને આધારે ઓશિવરા પોલીસે નાયર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં મહિલાએ જણાવ્યું હતું કે એક મિત્ર મારફત તેની ઓળખાણ નાયર (જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"






કુલીન કુમાર હોલીડિઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
100% PURE NEW ZEALAND
ઓકલેન્ડ ▸▸ બે ઓફ આઈલેન્ડ ▸▸ રોટોરૂઆ ▸▸ કવીન્સટાઉન ▸▸ માઉંટ કુક ▸▸ ક્રાઈસ્ટચર્ચ
✈ વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઇન્સમાં સફર
✈ લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
✈ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
✈ ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
✈ ભરપુર સાઇટ સીઇંગનો સમાવેશ
✈ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
✈ કોઇપણ છુપા ખર્ચ વગર
✈ સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર
Departures 2025 Mar. 27 April. 01, 09, 14, 22, 25 May. 02, 04, 07, 09, 12, 15, 19, 22, 25, 31 June. 03
✓ All Blacks Experience ✓ Helicopter Ride ✓ Jet Boat Ride ✓ Polynesian Spa etc.
KULIN KUMAR HOLIDAYS SCAN ME
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


# ડ્રાય ક્લિનિંગ શૉપમાંથી બૅન્કના પાંચ કરોડ જપ્ત

ભંડારા: ભંડારા જિલ્લામાં ડ્રાય ક્લિનિંગ શૉપમાંથી ખાનગી બેન્કના કહેવાતા પાંચ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા બાદ પોલીસે બેન્કના મેનેજર સહિત નવ જણની અટકાયત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નુરુલ હસને જણાવ્યું હતું કે કેટલાક લોકોએ એક્સિસ બેન્કની બ્રાન્ચના મેનેજરને પાંચ કરોડ રૂપિયાના બદલામાં છ કરોડ રૂપિયા આપવાની લાલચ આપી હતી અને તેની પાસેથી પાંચ કરોડ રૂપિયા લીધા હતા.

દરમિયાન મળેલી માહિતીને આધારે ક્રાઇમ બ્રાન્ચ અને એન્ટિ ટેરરિઝમ સેલ દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને મંગળવારે તુમસર વિસ્તારના ઇન્દિરાનગરમાં ડ્રાય ક્લિનિંગ શૉપમાં રેઇડ પાડી હતી. ત્યાંથી બોક્સમાં રાખેલા પાંચ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. મશીનોની મદદથી રોકડની ગણતરી કરવામાં પોલીસને પાંચ કલાક લાગ્યા હતા.

પ્રથમદર્શી એવું જણાયું છે કે મેનેજરે બેન્કમાંથી રોકડ ઉપાડી લીધી હતી. અમે એક્સિસ બેન્કના વરિષ્ઠ અધિકારીઓને આની જાણ કરી છે અને તેઓ તુમસર આવ્યા બાદ આ અંગે વધુ માહિતી મેળવવામાં આવશે. આ પ્રકરણે બેન્કના મેનેજર સહિત નવ જણની અટકાયત કરવામાં આવી હતી, એમ નુરુલ હસને કહ્યું હતું.

(પીટીઆઇ)





ISTANBUL - ANKARA - CAPPADOCIA - ANTALYA - PAMUKKALE - KUSADASI
DEP DATES | 02nd MAY | 08th MAY | 14th MAY | 20th MAY | 26th MAY | 07th JUN
PACKAGE INCLUSIONS
• Hot Air Balloon Ride, Quad Biking,Jeep Safari, Turkish Night Show, Bosphorus Cruise નો અદભુત અનુભવ.
• Luxurious Hotels • ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.